પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક
રવિશંકર રાવળ

સપ્ટેમ્બર ૨૦૦૦, વર્ષ-૭૩

સળંગ અંક ૮૭૩



૧૮મી સદીના ગણેશ



૧૯મી સદીના ગણેશ



૧૭મી સદીના ગણેશ



નટીની પૂજા] એગ ટેમ્પેરામાં ૧૯૪૨માં કરેલું ચિત્ર [નંદલાલ બોઝ

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

વર્ષ ૭૩મું | અંક ૯

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

* કુમાર દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
* અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
* લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું.
* સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
* ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

અનુક્રમણિકા

કુમાર સળંગ અંક ૮૭૩

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ.
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દેસાઈ ઓફસેટ, ૪૬, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ ચોકડી પાસે, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડોલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૧૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૩ - ૦૦

વાચકો લખે છે

'કુમાર'ના જૂન અંકમાં નિકોલસ રોરિકને સુંદર શ્રદ્ધાંજલિ આપવા માટે ગજેન્દ્ર શાહને ધન્યવાદ. તે માત્ર કલાકાર નહિ પણ સાત્ત્વિકતાથી પરિપૂર્ણ હતા. એટલે જ પૂ.બાપુ (કલાગુરુ ર.મ.રા.)એ તેમનો પરિચય મહર્ષિ રોરિક તરીકે ગુજરાતને આપ્યો હતો. ભારત કલા-મંડળના ઉપક્રમે ર.મ.રા.એ રોરિકચિત્ર સંગ્રહને ૧૯૩૮-૧૯૪૦ના અરસામાં બે વાર અમદાવાદમાં પ્રદર્શિત કર્યો. બીજી વાર તો તેમના પુત્ર સ્વેટોસ્લાવ પણ આવ્યા હતા અને ડૉ.કઝિન્સ પણ. રવિભાઈએ ૧૯૪૮માં તેમના કુલુના નિવાસસ્થાને આતિથ્ય માણ્યું હતું. જિંદગીપર્યંત તેઓ મિત્રો હતા અને પત્રવ્યવહાર કરતા રહ્યા હતા. તેમનાં લખાણો અને મનોસૃષ્ટિમાં ઘણું સામ્ય હતું. ૧૯૭૭માં ન્યૂ યૉર્કના રોરિક મ્યૂઝીઅમમાં 'રોરિક અને રવિશંકર રાવળ - બે ઋષિ કલાકારો' શીર્ષક હેઠળ મેં વાર્તાલાપ આપ્યો હતો. ભારતના સૌ મુલાકાતીઓએ હિમાલયની દિવ્યતાનાં દર્શન કરવાં હોય તો ન્યૂ યૉર્કમાં રોરિક મ્યૂઝીઅમ જરૂર જોવું.

મેના અંકમાં જ્યોતિ ભટ્ટ ગુજરાતના ગત પેઢીના નામી કલાકારોની ચિત્ર-કૃતિઓના સંગ્રહાલય માટે નિર્દેશ કરે છે. આ વિચારવા જેવી તેમજ ચોક્કસ પગલાં માટે આવશ્યક વાત છે.

અમદાવાદમાં કલાગુરુ શ્રી રવિશંકર રાવળ સંગ્રહાલય બન્યું છે, પણ ત્યાં કલાગુરુની જ ચિત્રકૃતિઓ જોવા નથી મળતી! રવિભાઈના ૧૯૭૭માં સ્વર્ગવાસ પછી તેમની ઇચ્છા મુજબ તેમનો આખો ચિત્રસંગ્રહ (૧૦૦થી વધારે કૃતિઓ) ગુજરાત સરકારને વિનામૂલ્યે આપવામાં આવ્યો હતો. રાવળપરિવાર તેમજ કલા રવિ ટ્રસ્ટના અનેક પ્રયત્નો છતાં બે દસકાથી આ ચિત્રો ક્યાંક ભંડકમાં પડી રહ્યાં છે. ગયા ડિસેમ્બરમાં આ લેખકે અને તેમનાં પત્નીએ સરકારી વર્તુળોમાં તેમજ ગુજરાત કલા અકાદમી સાથે ચર્ચા કરી આ ચિત્રો કાયમી પ્રદર્શિત રહે તેવી વ્યવસ્થા કરવા યાદ આપી હતી. હજુ સુધી આ બાબતમાં કોઈ પ્રગતિ નથી થઈ. જ્યોતિ ભટ્ટ તેમજ બીજા અર્વાચીન કલાકારો-કલાશિક્ષકો અને ગુજરાતના અન્ય સંસ્કાર-સ્વામીઓની ફરજ છે કે ગુજરાતનો આ અમૂલ્ય વારસો લુપ્ત ના થવા દે.

- ભારતી અને કનક રાવળ (અમેરિકા)

'કુમાર'ના 'વાચકો લખે છે' - એ વિભાગમાં એપ્રિલ '૦૦માં ડૉ. રતિલાલ સાં. નાયક તથા જૂન '૦૦માં શ્રી પીયૂષ પારાશર્યનાં ગુજરાતનાં સંગીતકારોનો વ્યવસ્થિત સવીગત ઇતિહાસ આપવાનાં સૂચનો ખૂબ જ દૃષ્ટિપૂર્ણ, જરૂરી અને ઉપયોગી છે. મારો વિષય સંગીતશાસ્ત્રનાં સર્વસામાન્ય પાસાંઓને લક્ષતો હોવાથી યથાવકાશ અને યથાશક્ય એના નિર્દેશો કરી શકાય. પરંતુ ભવિષ્યમાં આ કામ મારે કે અન્ય કોઈએ હાથ ધરવા જેવું છે. ભારતીય સંગીતના હિંદી-અંગ્રેજી ગ્રન્થોમાં ગુજરાતના સંગીતકારોનાં સ્થાન, કાર્ય, અર્પણ વિશે ઘણું ઓછું લખાયું છે. ઓંકારનાથ વિશે પણ એ સ્તરે પૂરો ન્યાંય અપાયો નથી. ભારતીય સ્તરે ગુજરાતનું કેટલુંક કાર્ય તો સીમાચિહ્નરૂપ છે. જે સમયે હજુ ભારતીય સંગીત માટે સ્વરાંકનની લિપિ પ્રચારમાં પણ ન હતી ત્યારે ભાવનગરના ડાહ્યાલાલ શિવરામ નાયકે શ્રી સંગીત કલાધર (પ્રકટ ઈ.૧૯૩૮)માં ભારતીય અને પાશ્ચાત્ય સંગીતનું શાસ્ત્ર આપ્યું, સ્ટાફ નોટેશન સમજાવ્યા ને ૨૬ વેસ્ટર્ન મ્યૂઝિકની રચનાઓના નોટેશન આપ્યા. ભારતીય શાસ્ત્રીય સંગીતના શાસ્ત્રની ઇમારત બાંધી. ભૈરવ, માલકૌંશ, હિંડોલ, દીપક, શ્રી, મેઘ વગેરે રાગનાં સ્વરૂપ રચ્યાં. વિવિધ વાદ્યો અને વાદન વિશે લખીને તિલંગ, ખમાજ, કાફી, પીલૂ, ભૈરવી, ટોડી, ભૈરવાદિની ગતો આપી. વિવિધ ગીત અને ઠુમરી સ્વરાંકન સાથે આપ્યાં. વિવિધ તાલ સાથે જ નૃત્યના થોડા પ્રકાર પણ ચર્ચ્યા. સંગીત-દિલરૂબાની ગતો આપી. પરમ્યુટેશન એન્ડ કૉમ્બિનેશનથી જે હજારો સ્વરજૂથ થાય તેને તાનના સ્વરૂપે પૃ.૭૮થી ૧૨૨ (પૃષ્ઠ સાઇઝ એ-૪ની બમણી ફુલસ્કેપ) આપ્યાં. ભારતીય અને પાશ્ચાત્ય સંગીતનો આ સીમાચિહ્નરૂપ ગ્રન્થ ગુજરાતીમાં હોવાને કારણે રાષ્ટ્રિય સ્તરે એની નોંધ નથી લેવાઈ! આપણી લિપિ જુદી રહી છે, દેવનાગરી નથી અને હિંદી અને અંગ્રેજીમાં આપણા ગ્રન્થો ન ગયા! ઈ.૧૯૮૧માં કોટડાવાલા ધંધુકાના ભગવાનદાસ નારણદાસે 'સંગીત કીર્તનમંજરી' પ્રકટ કરી. તેમાં અનેક જૂની શાસ્ત્રીય રચનાઓ છે. પખવાજના તાલ, વાદનની રીતિ, વિવિધ તોડાબોલનાં ગાણિતિક સૂત્ર છે. વડોદરા, ધરમપુર, લૂણાવાડા, ધ્રાંગધ્રા, પોરબંદર, જામનગર, જેવાં વિવિધ દેશી રજવાડાંઓના અનેક ગાયકોએ રાજવીઓએ સુધ્ધાં ગ્રન્થો રચ્યાં છે. કોણે કોણે? ક્યારે? કેટલા? ક્યાં ઉપલબ્ધ? આનો ઉત્તર મળે તેવાં સાધન નથી. પં.ઓંકારનાથજીનાં કે અન્ય કાર્યો હિંદીમાં પણ થયાં. સંગીતાચાર્ય સ્વ. શ્રી ભગવતીપ્રસાદ પ્રેમશંકર ભટ્ટનો ગ્રન્થ તો 'પુષ્ટિ સંગીત પ્રકાશ' સંગીત નાટક અકાદમીએ ઈ.૧૯૮૩માં હિંદીમાં પ્રકટ કર્યો. અમેરિકાથી શ્રી શૈલેષ એમ. કડકિયાનો પત્ર મળતાં મેં મારા અંગ્રેજીના પ્રકાશક મનોહર પબ્લિશર્સ, ન્યૂ દિલ્હીને લખ્યું. એમનો જવાબ મળ્યો, સંગીત નાટક એકેડેમી કહે છે - અમે આવું કોઈ પુસ્તક પ્રકટ કર્યું નથી! મેં મારી પાસેની નકલની ઝેરોક્ષ મોકલી!!

આ વીગતો આપવાનું કારણ એ કે જે કોઈ આ ક્ષેત્રમાં છે, રસ-અભ્યાસ ધરાવે છે, એમણે સંક્ષેપમાં વીગતો-સંદર્ભો લેખરૂપે પણ પ્રકટ કરવા જોઈએ. શ્રી રતિભાઈ

(અનુસંધાન પૃ.૫૮૧)

જન્માન્તર / જયન્ત પાઠક

(શિખરિણી • સૉનેટ)

હજી તો અંધારું જઉં જઉં કરે, સૂરજ ચઢી
રથે આકાશે છે નીકળું નીકળું, ત્યાં ફડફડી
ઊઠે પાંખો વૃક્ષે વિટપવિટપે ને કલરવે
જતાં જાગી સૂતાં પરણ ફરકે ગાનલહરે.

અહો આ શી ઊડાઊડ અહીંથી ત્યાં, સૂરથી લહું
ઊંચે આન્દોલાતું ગગન, અહીં બોલે બુલબુલે
તહીં કોકિલાનું કુહૂકુહૂ, રખેને રહી જઉં
કરી વાડે તારો રણઝણવી દે દૈયડ ગીતે!

વરંડામાં ઝૂલે ઝૂલું - હું ક્ષણમાં આ તરફથી,
ક્ષણે બીજી પાથી, ઉપરથી નીચેથી દ્રવી-સ્રવી
ઘૂંટાતા ગીતોના ગહનતમ ઘેને ગરી જઉં;
અને જાણે માળે, તરુવરની ડાળે, હૂંફભર્યાં
પીછાં નીચે ઈંડું લઘુક ફૂટુંફૂટું થઈ રહું.
નવી પાંખે, ગીતે નવલ, દ્વિજરૂપે અવતરું...

ચારે કોર મારામાં / હરજીવન દાફડા

(ગઝલ)

પળેપળ ભીતરે ટહુકી રહ્યો છે મોર મારામાં,
અને પથ્થર લઈ પડખે ઊભો છે ચોર મારામાં.
મથે છે એક માણસ આયખું શણગારવા માટે,
અને ખોદી રહ્યો છે એક માણસ ઘોર મારામાં.
યુગોથી એક વરકન્યા હજી પરણી નથી શકતાં,
યુગોથી મંત્ર ઉચ્ચારી રહ્યો છે ગોર મારામાં.
દિવસ ને રાત સંકેલી ઘણું થાકી જવાયું છે,
ખતમ થાતો નથી ખાલીપણાનો દોર મારામાં.
તમસનો તાગ મેળવતાં ખબર ના પડી ક્યારે,
નર્યો ઊગી ગયો અજવાસ ચારેકોર મારામાં!

મારામાં / અશોક ચાવડા 'બેદિલ'

(ગઝલ)

ક્યાં છે હોશોહવાસ મારામાં?
હું જ કરતો વિનાશ મારામાં.
સાવ ખંડેર સમ બધું લાગ્યું
મેં કરી જ્યાં તપાસ મારામાં.
આ અરીસોય રોજ પૂછે છે
કોણ બેઠું ઉદાસ મારામાં ?
કેમ દફનાવવી વિચારું છું
હોય મારી જ લાશ મારામાં.
કોઈ 'બેદિલ' મને બતાવે ના
શું થયું છે ખલાસ મારામાં !

કોણ આવશે?/ ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

મૂળ ગયાં છે મરી,
પાન ગયાં છે ખરી,
હવે હું ફળની વાતો કર્યા કરું તો કોણ માનશે?

પવન ગયા સૌ પડી,
મેઘ રહ્યા છે ચડી,
હવે હું શઢ ફરકાવી ફર્યા કરું તે કેમ ચાલશે ?

સૂર્ય ગયા સૌ સરી,
દિવસ ગયા સૌ ફરી,
હવે હું કાકકંઠથી કહ્યા કરું પણ કોણ આવશે?

ચાલજે / મહેન્દ્ર જોશી

(ગઝલ)

સ્કંધ પર ખગ ઊંચકીને ચાલજે
ધૂળના ઢગ ઊંચકીને ચાલજે.

એક પણ પગલું પડે ના એ રીતે,
મન, જરા પગ ઊંચકીને ચાલજે.

ટેરવાંઓ જો 'બુઝાઈ' જાય તો
પાંપણે શગ ઊંચકીને ચાલજે.

આ વિચારો એટલે ડમરી સતત,
રણ લગોલગ ઊંચકીને ચાલજે.

ક્યાંક દાઝી જાય ના પુષ્પો અહીં,
શ્વાસ લગભગ ઊંચકીને ચાલજે.

એમ લાગે કે બધું હળવું થયું
તો ફરી જગ ઊંચકીને ચાલજે.

ઊભો રહે / ગુણવંત ઉપાધ્યાય

(ગઝલ)

કોઈના ટેકા વગર ઊભો રહે,
એકલો આઠે પ્રહર ઊભો રહે.
વૃક્ષ અથવા પહાડ કે અરિહંત થા,
છોડીને પ્રત્યેક ડર ઊભો રહે.
'ક્યાંય પણ કૌતુક જુએ ટોળે વળે-
લોક છે, લોકોથી પર ઊભો રહે.
જ્યાં અપેક્ષા ત્યાં ઉપેક્ષા હોય પણ,
જળકમળવત્ તું અફર ઊભો રહે.
તારશે, તરશે, કદાચિત્ ડૂબશે
કંઈ ન કર, બસ, નિષ્ફિકર ઊભો રહે.
જ્યાં કશી ઈચ્છા વગર વ્યવહાર હો
કોઈ એવા સ્થળ ઉપર ઊભો રહે.
આપણા તો હાથમાં ઊભા થવું,
ચાલશે પાછળ નગર ઊભો રહે.

જીવનમાં મોકો મળે તો પરિવર્તન શક્ય છે.

સુધીર દેસાઈ

શેક્સપીઅર કહે છે, 'આપણે શું છીએ તે આપણને ખબર છે પણ શું થઈ શકીએ તે ખબર નથી.'

ચાર્લ્સ વૉર્ડ લખે છે, 'મારા બગીચાની કાળજી જે માણસ રાખે છે તેણે ખૂન કર્યું છે. જે મારી કંપનીમાં ઑફિસર છે એમણે એક વાર લૂંટ કરી હતી અને જેલમાં ગયા હતા. મારા કારખાનામાં સૌથી સારો જે ફોરમેન છે એને આઠ રાજ્યોની પોલીસ એક જમાનામાં શોધતી હતી. મારે ત્યાં કામ કરતા કેટલાયે માણસોને જેલના અનુભવ છે. બીજાની શી વાત કરવી? હું પણ જેલમાં જઈ આવ્યો છું.'

આ વાત વાંચતાં જ આપણે વિચારમાં પડી જઈએ. આવું બને? મનમાં પ્રશ્ન ઊઠ્યા વગર ન રહે. અને હકીક્ત એ છે કે આવું પણ બને.

જેલમાં જઈ આવેલ માનવીને કોઈ રાખવા તૈયાર નથી થતું. સજા પૂરી થયા પછી એણે સમાજનું દેવું ચૂકવી દીધું છે અને હવે એની પાસે કંઈ લહેણું બાકી નથી નીકળતું એવું કોઈ નથી લખી આપતું. અને એને માથે ધબ્બો લાગી જ જાય છે અને પરિણામે એ માનવી નાછૂટકે ગુન્હાહિત કાર્યોમાં પાછો વળી જાય છે.

ચાર્લ્સ જ્યારે સત્તર વર્ષનો હતો ત્યારે એના કુટુંબ પાસે સલૂન હતું. એની ઇચ્છા દુનિયા જોવાની હતી. અને ઘણી એણે જોઈ પણ લીધી હતી. એણે અમેરિકામાં જે સામાન્ય રીતે બને છે એ રીતે બૂટપોલિશ કર્યું, વર્તમાનપત્રો વેચ્યાં, લોકોને ત્યાં મોદીને ત્યાંની ઘરવખરી પહોંચાડી અને એવાં તો ઘણાં બધાં કાર્યો કરી કમાણી કરી અને રખડવામાં વાપરી.

અને આ દુનિયા જોવાની ધૂનમાં ડેનિહિલ હાઈ સ્કૂલ છોડી એ એના પ્રાંત સિએટલ છોડી ખલાસી બની ગયો. ત્યાંથી નીકળી કૂતરાઓની ટોળીનો હાંકનાર બન્યો ઉત્તર ધ્રુવના પ્રદેશમાં. ત્યાંથી નીકળી અલાસ્કા ગયો. ત્યાં નાનું- મોટું કામ કર્યું. જ્યારે મેક્સિકોમાં પાંચો વિલાએ લશ્કર ઊભું કર્યું ત્યારે એ એમાં જોડાઈ ગયો. ક્યાંય કોઈ જગ્યાએ સ્થિર ન થયો. ૧૯૧૯માં ડેન્વરની પોલીસે એને નાર્કોટિક્સ માટે કેસ કરી જેલમાં પૂર્યો. ખરેખર તો એણે કોઈ ગુન્હો કર્યો ન હતો. પણ એની વાત કોઈએ સાંભળી નહીં અને માની નહીં, કારણ એ રખડેલ જિંદગી જીવ્યો હતો. એને લેવેનવર્થ મોકલી આપવામાં આવ્યો. ત્યાં એની જિંદગીને બદલી નાખનારો બનાવ બન્યો.

ત્યાં એની ઓળખાણ થઈ હર્બર્ટ હ્યુ બિગલો સાથે થઈ, જેને ઇન્કમટેક્ષ નહીં ભરવા માટે જેલ થઈ હતી. બન્ને જણાને એક ઇલેક્ટ્રિસિટીનાં ઉપકરણોના વર્કશોપમાં સાથે કામ કરવાનું આવ્યું. ચાર્લ્સે ક્યારેય એવી ફરિયાદ ન કરી કે એ નિર્દોષ છે અને છતાં એને સજા થઈ છે. એણે એ કડવાશને જીવનમાં પ્રવેશવા ન દીધી. એ ત્યાં માગીને વધારે કામ કરતો, અને પોતાની જાતને કામમાં રોકાએલી રાખતો.

હર્બર્ટ બિગલો એની જોડે ઘણા પ્રોજેક્ટમાં સાથે હતો. બન્ને સારા મિત્રો બની ગયા. હર્બર્ટને ચાર્લ્સની પહેલાં છોડવામાં આવ્યો. જતાં જતાં એણે એનું સરનામું આપ્યું અને કહ્યું કે એ એક કંપનીનો પ્રેસિડેન્ટ છે, જેનું નામ છે 'સેંટ પૉલ કંપની.' અને જો ચાર્લ્સને નોકરી કરવી હોય તો એ છૂટે ત્યારે જો એની પાસે જશે તો એ એને ચોક્કસ નોકરીએ રાખશે.

૧૯૨૪માં ચાર્લ્સ છૂટ્યો. સીધો હર્બર્ટ બિગલો પાસે પહોંચી ગયો. એણે એને નોકરીમાં તરત જ રાખી લીધો. ચાર્લ્સે તે જ ઘડીએ મનથી નક્કી કર્યું કે, 'એ પણ આ પ્રમાણે કોઈ કેદીને જીવનમાં મોકો આપશે.'

ચાર્લ્સ તો બહુ સખત કામ કરવા માંડ્યો અને પરિણામે એને પ્રમોશન મળતાં જ ગયાં. નવ વર્ષ પછી એને જનરલ મેનેજર એ જ કંપનીમાં બનાવવામાં આવ્યો. હર્બર્ટ બિગલો ૧૯૩૩માં મૃત્યુ પામ્યો અને એને કંપનીનો પ્રેસિડેન્ટ બનાવવામાં આવ્યો અને એણે એની જાતને આપેલું વચન પાળવાનું નક્કી કર્યું. એણે એની જોડે જેલમાં જે હતા એનો સંપર્ક સાધ્યો અને એમની પાસે નોકરીનો પ્રસ્તાવ મૂક્યો અને એણે આ બધા કેદીઓને નોકરીઓ આપવા માંડી. ૧૯૩૩માં એને ત્યાં ૭૨૮ માણસો કામ કરતા હતા. ૧૯૫૪માં ૬૫૦૦ માણસો કામ કરતા હતા. વરસો જતાં ૩૦૦ ઉપરાંત કેદીઓને ચાર્લ્સે નોકરી આપીને એમની જિંદગી પાટા ઉપર ચડાવી દીધી હતી. એમાં પુરુષો પણ હતા અને સ્ત્રીઓ પણ હતી. એમાંથી કેટલાંયે ઑફિસરના પદ સુધી પહોંચી ગયાં હતાં. કેટલાંક ૨૦ વરસો સુધી કારીગર તરીકે જ રહ્યાં.

એમને ત્યાં સૌથી મોટી વાત એ હતી કે એમના ભૂતકાળ વિષે કોઈ ક્યારેય ઉલ્લેખ કરતું ન હતું. અનેક પ્રકારના ગુન્હેગારો એમને ત્યાં આવતા અને એમના ઉપર વિશ્વાસ મૂકીને જ કામ સોંપવામાં આવતું. ચાર્લ્સ લખે છે, 'મારા ફાર્મમાં કામ કરનાર ખૂની છે ત્યાં મારાં ત્રણ બાળકો રમતાં હોય તો મને ક્યારેય એમની ચિંતા થઈ નથી. બધાંને ખબર છે કે એમણે શું કર્યું હતું અને અત્યારે શું કરી રહ્યા છે'. 'પૂરેપૂરો વિશ્વાસ મૂકીએ તો સારું પરિણામ મળે જ છે.' ચાર્લ્સ લખે છે, 'મારા મનમાં એવું છે કે બીજાઓ પણ આવું વિચારીને કેદીઓને કામ આપે તો સમાજમાં મોટું પરિવર્તન આવે.'

માણસે માણસ ઉપર વિશ્વાસ મૂકવાનો છે. ગુન્હો કરવામાં બધાંને આનંદ નથી આવતો. પરિસ્થિતિને કારણે નબળી ક્ષણોમાં થઈ જતો હોય છે. આવાં લોકોને હાથ આપી, પડી ગયેલાંને ઊભાં કરી ચાલતાં કરી દઈએ તો? ચાર્લ્સને ખબર હતી પીડાની. માનવીય દૃષ્ટિકોણથી આ પ્રશ્નને વિચારીએ અને એ પ્રમાણે વર્તીએ તો સમાજમાં પરિવર્તન ન આવે? □

ના વેચાય એવો એક જલદ વિચાર

રાધેશ્યામ શર્મા

અત્રે ઉતારેલો ક્રાન્તિકારી વિચાર અત્યારે આ સમૂહ માધ્યમ કેન્દ્રી વાતાવરણમાં વેચાય એવો નથી એ તો ઠીક, વાંચવો પણ ભાગ્યે જ ગમે એવો છે.

વેચાય નહિ, વંચાય નહિ એવો આ વિચાર ના ગમે તોયે ફરી ફરી વાંચીને ખરેખર વિચારવા જેવો છે. વિરોધ કરવા માટે પણ વિચારણીય છે. તમારાં નિકટનાં સગાંસંબંધીઓ, પુત્રો, મિત્રો, ભાઈઓ, બહેનો, પૌત્રો-પુત્રીઓને પણ આવો વિચાર, ના-વિચાર-કરવા-સમો લાગશે. કેટલાંકને તો મધુર જીવનનાં દ્રોહ કરતો, ત્યાગવૈરાગ્યની જૂનીપુરાણી રૂઢિગ્રસ્ત માન્યતાઓને મજબૂત કરતો વિચાર પણ લાગશે. કેટલાંક આને 'જનરેશન-ગેપ', બે પેઢીઓ વચ્ચેની ખાઈ માનીને આગળ ના વિચારવાનું પસંદ કરે.

તત્ત્વદર્શનના બે પક્ષ છે. આ બંને પક્ષ આજના નથી, સનાતન છે. એક પક્ષ છે જાતને કેન્દ્રમાં મૂકી જગતને સમજવાનો. આને અંતર-અભિમુખતા કહી શકાય.

બીજો પક્ષ છે જગતના સંદર્ભમાં જાતને મૂકવાનો. આ બહિર્ગતનો માર્ગ છે. બહારના માહિતીજ્ઞાનને જ જ્ઞાન માની ચાલતો વર્ગ મોટો છે.

હવે 'સેલ્ફ' એટલે આત્મા-પરમાત્માના સંદર્ભમાં વિચાર સ્વીકારવાનો ઘણા ઘણા ઓછા કબૂલ કરશે.

'સેલ્ફ' એટલે સમુદાય પોતાની જાત અને જાત એટલે તન અને મનનો જ મહિમા માનતો બહુ બહુ મોટો વર્ગ.

તનસુખ અને મનસુખમાં જ સ્વર્ગ કલ્પનારો વિરાટ વર્ગ તો ઉપર વર્ણવેલી ચીલાચાલુ અભિવ્યક્તિને જ આધાર આપશે.

'તમે તમારી જાતને ચાહી ના શકો તો તમે બીજા કોઈને પણ ચાહી ના શકો.'

આ વિધાનની લાક્ષણિકતા 'આયરૂનિક' છે.

કારણ કે તન તેમજ મનની પેલે પારના પ્રદેશની અનુભૂતિ ધરાવનારા આત્મવાદીઓ પણ શરીર સુખવાદીઓ જેવી જ પરિભાષામાં વિધાનને માન્યતા આપશે આ રીતે : 'તમે તમારા આત્માને ચાહી ના શકો તો બીજા કોઈના આત્માને ચાહી નહિ શકો!'

જોયું? બંને તદ્દન વિભિન્ન વાદવાળા એક જ વિચારને, પોતપોતાની માન્યતા અને કલ્પના મુજબ સમર્થન આપશે.

કૅરોલિન તો આવી રજૂઆત કે અભિવ્યક્તિને સાવ ચીલાચાલુ ગણે છે ને જાતને જ ચાહવાની અપીલને 'સમરિલી ડિસમિસ' કરે છે, રદબાદલ કરે છે. પણ તે કઈ જાતને જાકારો આપે છે?

આવું તે કેમ કહે છે તે પ્રત્યેક પુખ્ત વિચારધારી મેચ્યોર મનુષ્ય તરત જ સમજી શકશે. અહીં કઈ જાત ઉપર કમેન્ટ કે ક્રિટિસિઝમ છે તે હવે જોઈએ.

અત્રે જાતને ચાહવાની બાબતને ધીરગંભીર પુખ્તન નહિ જ, પણ એક ઝાંખાંપાંખો (વેગ) ખયાલ-વિચાર તે જાહેર કરે છે.

> 'તમે તમારી જાતને ચાહી ના શકો
> તો તમે બીજા કોઈને પણ ચાહી ના શકો'
> - આવી અભિવ્યક્તિ સાવ ચીલાચાલુ છે.
>
> આમ છતાં ઘણા લોકો માટે પોતાની જાતને ચાહવાની વાત એક ઝાંખોપાંખો ખયાલ જ છે, જેને આપણે તદ્દન ભૌતિક માર્ગોમાં વાપરી કાઢીએ છીએ - (જેવાં કે) ખરીદીઓના ગુલતાનમાં, અતિરેક ભરેલાં વૅકેશનભોગવટામાં.
>
> પણ જાતને ખુશહાલીની બક્ષિસ આપતા પ્રવાસો અને રમકડાં (સમાં સાધનો)... જાતમુલવણીની અભિવ્યક્તિ માટે શારીરિક મોજશોખ વાપરવા બરાબર છે.
>
> **કૅરૉલિન મીસ્સ**

મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એવો અંતઃકરણની મર્યાદાઓથી પર અને સર્વ સીમાઓની પારની 'સેલ્ફ'ની તો અહીં કલ્પનાયે નથી!

અહીં તો આ ક્ષણે કન્ટેમ્પરરિ મૉડર્ન મનાતી પછાત સોસાયટીમાં ટી.વી.ની જાદુઈ રંગતરંગિત પેટીમાંથી વછૂટતી ચાલાક વેપારીવર્ગે પ્રયોજિત કરેલી માલની કમાલ જાહેર ખબરોથી જાત-ભાન ખોઈ ચૂકેલી, શરીરસુખાકારીનાં સાધનોને જ અંધશ્રદ્ધાપૂર્વક પૂજનારી પેઢીની જાતચાહનાને જ ઓળખી લેવાની જિકર છે. રોજ પ્રિય પાત્રોને ટુ-વ્હીલર કે ફોર-વ્હીલર સરકતાં વાહનો પર જીભલડીને ભાવતાં મિષ્ટ મસાલેદાર ભોજનો અને જર્જર થતી જતી કાયાને યુવાન રાખવા જરૂરી - બિનજરૂરી ફિઝૂલ ખરીદીઓમાં ખોવાયેલાઓ માટે તેમજ રિલેક્સેશનના મનોરંજનના અંચળા હેઠળ વેકેશનભોગમાં રોમાંચ તાણનારા અને માણનારા ભાગેડુ મટિરિયાલિસ્ટો માટે આ સંદેશ છે.

જેઓ પોતાની સામાન્ય જીવન-કારકિર્દીમાં માનસિક રીતે હતોત્સાહ, નિરાશ હોય; વારંવાર થાકી જવાની શારીરિક ફરિયાદોને મનોમન ઘૂંટ્યા કરતાં હોય, વિષમ વાસ્તવિકતાથી એમની જાતની પણ બહાર જ પલાયનધર્મી-એસ્કેપિસ્ટ-બની ગયા હોય એવાં દયનીય લોકો પોતાની જાતને તથા પોતાના પરિવારને ખુશહાલીની બક્ષિસ આપવા માટે વારતહેવારે નાનામોટા પ્રવાસ યા ધાર્મિક જીવો તીર્થયાત્રાઓના દર્શને બહાર નાસી જવા નીકળે છે.

અગાઉ ધર્મધ્યાન, સાધના-ઉપાસના અર્થે તીર્થાટન થતું, હાલના ચાલુ પવન પ્રમાણે 'ડિસ્કવરી ચેનલ'ની ઍક્ઝોટિક જાત્રાઓ પ્રયોજાય છે. ઉપરાંત, યંત્રવૈજ્ઞાનિક કરામતોવાળાં રમકડાં સમાં સાધનો (એમાં કમ્પ્યૂટર, ટી.વી., ઇન્ફોટેક ઉપકરણો, ઇન્ટરનેટના ચમત્કારો પણ આવી જાય) વસાવીને માહિતીનો ખજાનો લાવ્યાનાં બાલિશ આનન્દ પણ લૂંટાય છે.

'ટાઈમ્સ'ની 'સેક્રેડ સ્પેસ'માં પ્રસિદ્ધિ પામેલો આ વિચાર જે લોકો માનસિક દૃષ્ટિએ સ્વસ્થ છે તેવાં તમામ પુખ્ત સુજ્ઞ જનોએ સાનમાં સમજી જાતને એકાંતમાં પૂછવા જેવું છે કે સેલ્ફ-એપ્રિસિએશન માટે તેઓ અહીં ઉપર વર્ણવ્યા તેવા શારીરિક મોજશોખના ચક્કરમાં તો ફસાઈ નથી ગયાંને?! □



કાન્તિભાઈ મહેતા

— અવંતિકા ગુણવંત —

પોતાની કરોડોની મિલકતને જેમણે હાથ પણ અડાડ્યો નહોતો, વિદેશ જઈને આગળ અભ્યાસ કરવાની તકને જેમણે નકારી હતી, સુખસમૃદ્ધિભર્યું વૈભવી જીવન મળતું હોવા છતાં યૌવનાવસ્થામાં ડગ ભરતાં પહેલાં જેમણે પ્રતિજ્ઞા કરી હતી કે, 'મારું જીવન હું દેશસેવામાં તથા દુનિયામાં જે સૌથી વધુ પીડિત, સૌથી વધુ શોષિત, અબુધ, અભણ અને નિમ્નતમ સ્તરનું જીવન જીવે છે એમની સેવામાં ગાળીશ. અને એ ધ્યેયની પૂર્તિ માટે જેઓ જાનને હથેળીમાં લઈને દરેક પ્રકારનાં શોષણ સામે નીડરતાથી લડ્યા છે, જેમના નિષ્કલંક સત્યનિષ્ઠ ચારિત્રના કારણે જેઓ મજૂરોના મસીહા તરીકે ઓળખાયા છે એ કાન્તિભાઈ મહેતાને મેં પૂછ્યું, 'અત્યારનું આ ભ્રષ્ટાચાર, ખેંચાખેંચી, દગાફટકાનું વાતાવરણ જોઈને આપ નિરાશ થાઓ છો?'

સંપૂર્ણ સ્વસ્થ ચિત્તે એ બોલ્યા, 'માનવજાતની પ્રગતિ કદી સીધી રેખામાં નથી થઈ. એનો આલેખ ક્યારેક ઊંચો જતો દેખાય છે, ક્યારેક નીચે જતો!'

'પણ છેલ્લાં કેટલાંય વરસોથી એ નીચે ને નીચે જતો દેખાય છે. અત્યારે તો ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. દરેક ક્ષેત્રમાં વ્યાપકપણે ભ્રષ્ટાચાર છેક મૂળ સુધી પહોંચેલો દેખાય છે.' ચિંતાતુર અવાજે મેં કહ્યું.

'છતાંય હું એવાં લોકોના પરિચયમાં આવ્યો છું, જે સચ્ચાઈપૂર્વક નિષ્ઠાથી સંપૂર્ણપણે સમર્પિતભાવે સેવાકાર્યો કરે છે. કોઈ પણ બદલાની અપેક્ષા વગર એ રચનાત્મક કાર્યો કરી કચડાયેલાં લોકોની ચેતના સંવારે છે, આત્મા જગાડે છે. રાજસ્થાનમાં એક આઈ.એ.એસ. બહેન અરુણા અદ્‌ભુત કામ કરે છે. ઓરિસ્સા, મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ તથા રાજસ્થાનમાં પ્રામાણિક કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓ છે જ; પણ આપણે ત્યાં સારા કામની જોઈએ એટલી નોંધ નથી લેવાતી. ખરાબ કામની નોંધ ઝટ લેવાય છે, એનો પ્રચાર વિસ્તૃતપણે થાય છે. આપણાં પ્રચારમાધ્યમોની આ ક્ષતિ છે.'

હું ચમકી ગઈ. કાન્તિભાઈએ જે ક્ષેત્રમાં કામ કર્યું છે, ત્યાં ગુંડારાજ્યની ધાક હતી. ભ્રષ્ટાચાર, કુટિલતા, અન્યાય અને અધમતાનો સૌથી વધુ પરિચય એમને થયો છે. એ કાન્તિભાઈની નજર સારાપણા પર - શુભ તત્ત્વ પર - ઠરી છે. કેવી સમતોલ વિશદ જીવનદૃષ્ટિ! સ્પષ્ટ વિચારસરણી! બુરાઈનો અનુભવ થવા છતાં એનાથી ડર્યા વિના, નિરાશ થયા વગર જે સારું છે એની માવજત અને મહિમા કરવાની મનની મક્કમતા!

ક્યાંથી મેળવ્યું એમણે આવું મન? એમના ચારિત્ર્ય પર કોની અસર? ક્યાં છે એનાં મૂળિયાં?

કાન્તિભાઈનું મૂળ વતન પાલનપુર. કુટુંબનો ધર્મ જૈન શ્વેતામ્બર સ્થાનકવાસી. એમના દાદા વકીલ અને પિતા ઠાકોરભાઈ મહેતા પંદર વર્ષની ઉંમરે ખીસામાં દસ રૂપિયા લઈને કલકત્તાની ભૂમિ પર નસીબ અજમાવવા ગયેલા. હીરાના વ્યવસાયમાં અઢળક કમાયા. ડેલહાઉસી સ્ક્વેરમાં ઝવેરાતની ભવ્ય દુકાન માંડી. આવા સાહસિક, બાહોશ અને સ્વબળે આગળ વધનાર પિતાને ત્યાં ૧૫મી ફેબ્રુઆરી ૧૯૨૦ના રોજ એમનો જન્મ. જોશીઓએ ભવિષ્ય ભાખ્યું કે, 'આ બાળક તેજસ્વી નીવડશે ને જે ક્ષેત્રમાં જશે ત્યાં શિખર પર પહોંચશે'. પિતાના હૈયે આનંદ ઊભરાવા માંડ્યો કે દીકરો મારા વ્યવસાયમાં હીરાની જેમ ઝળકશે.

કાન્તિભાઈ અઢી વર્ષના થયા ને એમની માતાનું ક્ષયરોગથી અવસાન થયું. કાન્તિભાઈ પર પણ એ રોગની અસર વરતાઈ. સ્વાસ્થ્ય સુધારણા માટે એમને પાલનપુર મોકલવામાં આવ્યા.

કાન્તિભાઈ પાંચ-છ વર્ષના થયા ત્યાં સુધી દાદા-દાદી પાસે સંયુક્ત પરિવારમાં ઊછર્યા. પ્રારંભિક શિક્ષણ પાલનપુરમાં લીધું. ત્યાં આડંબરરહિત શુદ્ધ અને સાદાઈભર્યા

જીવનના જે સંસ્કાર પડ્યા એ જીવનભર ટકયા. ત્યાં જૈનધર્મ અનુસાર એમનું આચરણ હતું.

કલકત્તામાં અભ્યાસની વિશેષ સગવડો તેથી તેઓ કલકત્તા આવ્યા. દરમિયાનમાં પિતાએ બીજાં લગ્ન કર્યાં હતાં. કાન્તિભાઈ કલકત્તામાં અંગ્રેજી માધ્યમની નિશાળમાં દાખલ થયા. મહેનતુ અને તીવ્ર બુદ્ધિ ધરાવનાર કાન્તિભાઈ ત્યાં પણ પ્રથમ હરોળમાં જ રહ્યા. ગણિત એમનો પ્રિય વિષય.

પણ ફરી પાછી એમની તબિયત બગડી અને એમને સ્વાસ્થ્યપ્રદ હવામાન ધરાવતા દાર્જિલિંગમાં મોકલ્યા. ત્યાંની સેંટ પૉલ સ્કૂલનો અભ્યાસક્રમ જુદો હતો ને હિન્દી ભાષા ભણવાની હતી. અહીં પણ તેઓ સફળ રહ્યા. સીનિઅર કમ્બ્રિજની પરીક્ષા ઉચ્ચતમ વિશેષતા સાથે પસાર કરી.

અભ્યાસની સાથે એમણે નેહરુની આત્મકથા, વિશ્વસાહિત્યની ઝલક, વિવેકાનંદનાં પુસ્તકો અને બટ્રૉન્ડ રસેલ, રોમા રોલાં, થોમસ પેન જેવા અંગ્રેજી વિચારકોનાં પુસ્તકો વાંચ્યાં.

કિશોરાવસ્થામાં દેશી-વિદેશી વિચારકોનાં પુસ્તકોનું વાચન, ચિંતન, મનન. આને લીધે એમનામાં માનસિક પરિપકવતા આવી સ્વતંત્ર વિચારસરણી ખીલી, આત્મશ્રદ્ધા જાગી અને દઢ થઈ.

એમની આધુનિક વિચારસરણીનો પિતાની પુરાતનપંથી વિચારસરણી સાથે મેળ ન ખાધો. કાન્તિભાઈ ક્રાંતિકારી છે પણ આક્રમક કે ઉશ્કેરાટવાળા નથી. તેમના મક્કમ છતાં સૌમ્ય અભિગમને લીધે એમના પ્રેમાળ પિતા એમને અનુકૂળ થતા.

કાન્તિભાઈ ધર્મના ભેદભાવને માનતા નહિ તો એમના પિતા દીકરાના મુસલમાન મિત્રને પોતાના ઘેર બેરોકટોક દાખલ થવા દેતા. કાન્તિભાઈ અનીશ્વરવાદી છે. એ પૂછે છે, 'જો ઈશ્વર છે અને સૌ માનવી એનાં સંતાન છે તો મોટા ભાગનાં માણસો દુઃખી કેમ છે? દુનિયામાં શું કામ આટલી યાતના, પીડા અને વ્યથા છે?'

એ સમયે દેશમાં સ્વાતંત્ર્ય - આંદોલન ચાલતું હતું. ગાંધીજીની એક હાકલ પર નવલોહિયાઓ શાળા-કૉલેજો છોડી અસહકારની ચળવળમાં ભાગ લેવા નીકળી પડ્યા હતા. કાન્તિભાઈ એ રંગે રંગાઈ ગયા ને ગ્રેજ્યુએશનની પરીક્ષાના બે મહિના બાકી હતા ત્યારે કૉલેજ છોડીને ગાંધીજી પાસે પહોંચી ગયા. એ પહેલાં કાકાસાહેબ કાલેલકર તથા ગાંધીજીના સચિવ મહાદેવભાઈ દેસાઈ સાથે તેઓ પત્રવ્યવહાર કરતા હતા, પ્રત્યક્ષ મળતા હતા ને પોતે કેવી રીતે દેશસેવા કરી શકે એનું માર્ગદર્શન મેળવતા હતા. ગાંધીજીના વર્ધા આશ્રમ અને વિનોબાજીના પવનાર આશ્રમમાં જઈને રહ્યા. ત્યાં અન્ય રાષ્ટ્રિય નેતાઓને મળવાનું અને સીધા સંપર્કમાં આવવાનું બન્યું.

કાકાસાહેબના તે પ્રીતિપાત્ર બન્યા હતા. કાકાસાહેબે એમને કહ્યું કે, 'આવેશમાં આવીને દેશ માટે ગોળી ખાઈને શહીદ



કાન્તિભાઈનાં પિતા-માતા

થઈ જવું સહેલું છે, પરંતુ જીવનની એક એક ક્ષણ માત્ર ગરીબ શ્રમજીવીઓના જીવનને ઉન્નત બનાવવા માટે સમર્પિત કરવી ઘણું કઠણ છે. કાન્તિભાઈએ ત્યારથી પોતાનો જીવનમાર્ગ નક્કી કરી લીધો.

એક દિવસ પંદર-વીસ છોકરાઓ સાથે કાન્તિભાઈએ સરઘસ કાઢ્યું ત્યારે એ પકડાઈ ગયા ને જેલમાં પોલીસનો એટલો બધો માર પડ્યો કે માથામાં મોટો ઘા પડ્યો, લોહી વહ્યા કર્યું ને ૧૦૫-૧૦૬ ડિગ્રી તાવ રહેવા માંડ્યો. આથી એમને જેલમાંથી છોડી મૂક્યા. એમના પિતાએ ચાકરી કરીને એમને સાજા કર્યા. સાજા થયા કે પાછા આંદોલનમાં જોડાયા.

એમને સત્યાગ્રહ કાઉન્સિલના સચિવ બનાવ્યા. સ્વાતંત્ર્ય લડત ઉપરાંત એ સમયના દુષ્કાળ-રાહતકાર્યમાં કામ કરતી વખતે એમને બંગાળી યુવતી નિહાર સેનનો પરિચય થયો. સમાન વિચાર અને રસ ધરાવતાં નિહાર સેન પૂર્વ બંગાળના બારીસાલ જિલ્લાના બહુ મોટા ક્રાન્તિકારી કુટુંબમાં જન્મ્યાં છે. કોલેજમાં અભ્યાસ કરવા એ પહેલેથી ઘર છોડીને કલકત્તા આવ્યાં હતાં ને દેશપ્રેમથી પ્રેરાઈને સ્વાતંત્ર્ય આંદોલન અને સત્યાગ્રહ કાઉન્સિલમાં કામ કરતાં હતાં. બેઉનો પરિચય ગાઢ થતો ગયો ને સામાજિક પરંપરા અને રૂઢિઓ તોડીને કોર્ટમાં તેઓએ રજિસ્ટર્ડ લગ્ન કર્યાં.

કાન્તિભાઈ બુનિયાદી શિક્ષા પ્રચાર-પ્રસારમાં રસ ધરાવતા હતા તેથી તેઓ કાલિમ્પૉંગમાં શિક્ષણકાર્ય કરવા ગયા, પણ છ મહિના પછી તેઓ કાલિમ્પૉંગ છોડીને કોલસાની ખાણના મજૂરો વચ્ચે કામ કરવા ઝરિયા ગયા.

આ પહેલાં એમને મુંબઈના ઇન્ટુકના કાર્યાલયમાં કામ કરીને મુંબઈ જેવા શહેરમાં સગવડભરી જિંદગીની તક મળી હતી; પણ કાગળો પર કામ કરવાનું એમને ન ગમ્યું. જો આરામદાયક ચિંતારહિત જિંદગી જીવવી હોત તો પોતાનું

ઘર છોડત શું કામ? એમને તો સૌથી ઉપેક્ષિત ક્ષેત્રના સૌથી વધારે દલિત અને શોષિતોની વચ્ચે કામ કરવું હતું. અને આમ તેઓ ઝરિયા આવ્યા. ઝરિયામાં ન હતું રહેવા-લાયક મકાન, ન હતું પીવા-લાયક સ્વચ્છ પાણી કે ન હતી શ્વાસ લેવા માટે શુદ્ધ હવા.

મજૂર-આંદોલનના નામે ત્યાં મજૂરોનું શોષણ થતું હતું. મજૂર નેતાઓ અને ખાણમાલિકો મળી ગયા હતા. તન તોડીને કામ કરતા મજૂરોને માસિક ત્રીસથી ચાળીસ રૂપિયા મળતા હતા. આવી પરિસ્થિતિમાં મજૂરો દયાજનક રીતે પીસાતા જતા હતા. લાઠીના જોરે મજૂરોને મારી-પીટીને દબાવવામાં આવતા હતા. મારથી કોઈ મજૂર મરી જાય તો લાશને ઠેકાણે કરી દેવાતી. આવા કામમાં પોલીસ પણ માલિકોના કહ્યામાં જ રહેતી.

મજૂરોનું કોઈ બેલી ન હતું. આવે વખતે કાન્તિભાઈ તથા નિહારબહેન ત્યાં પહોંચ્યાં. એમણે મજૂરોને કહ્યુ, 'જ્યારે તમારું માસિક વેતન સો રૂપિયા થઈ જશે ત્યારે તરત હું બીજા વધારે ગરીબ લોકોમાં કામ કરવા જતો રહીશ.'

મજૂરોને કાન્તિભાઈની આ વાત ગમી ગઈ, પણ જ્યારે કાન્તિભાઈએ એમના અને એમની પત્ની માટે પચાસ પચાસ રૂપિયા માગ્યા ત્યારે મજૂરોને આશ્ચર્ય થયું. પણ કાન્તિભાઈએ એમને સમજાવ્યું કે બીજા પાસેથી પૈસા લઉં ને તમારું કામ કરું એ યોગ્ય નથી, એ અધર્મ છે.

મજૂરો માની ગયા. એમને કાન્તિભાઈના કુટુંબની સંપન્નતાની ખબર હતી. તેઓ આ દંપતીના સીધાસાદા વ્યવહાર, નિઃસ્વાર્થ સેવાભાવના અને અહિંસક આચરણથી પ્રભાવિત થયા. આ સુશિક્ષિત દંપતીની કામ કરવાની રીત બીજા મજૂરનેતાઓ કરતાં અલગ હતી. તેઓ સવારથી જ કોલિયરી પર જતાં, ત્યાં જ ખાતાં ને સાંજે પાછાં આવતાં. પતિપત્ની અલગ અલગ સ્થળે જતાં.

મજૂરોને રેશનમાં મળતું અનાજ સડેલું આવતું હતું તેની તરત કાર્યવાહી કરીને અનાજ સારું અપાવ્યું. કાયદા પ્રમાણે ખાણ ઉપર કોલસાગાડી હાંકવાના એક ટબ દીઠ બાર પૈસા મેળવવા મજૂર હકદાર હતો, પણ ઠેકેદાર અગિયાર પૈસા પોતાની પાસે રાખીને મજૂરને માત્ર એક જ પૈસો આપતો. કાન્તિભાઈએ આની સામે સત્યાગ્રહ કર્યો. કાન્તિભાઈની જીત થઈ, મજૂરોને પૂરા બાર પૈસા મળવા માંડ્યા. પણ ઠેકેદાર પોતાની કમાણી છોડે?

ત્યાં તો જે કોઈ પોતાની આડે આવે એને પતાવી દેવાની વાત સામાન્ય હતી. કાન્તિભાઈનો જાન જોખમમાં છે એ વાત મજૂરોએ જાણી. એમણે કાન્તિભાઈને ચેતવ્યા. પણ કાન્તિભાઈ ડરે એવા ન હતા. એ બસ-સ્ટેન્ડેથી ઊતરીને કોલિયરી ચાલીને જતા-આવતા, એ ક્રમ ચાલુ રાખ્યો તો ચાર-પાંચ મજૂરો સતત એમની સાથે રહેવા લાગ્યા. મજૂરોનાં આવો સંપ જોઈને એમની હત્યાનું કાવતરું પડતું મુકાયું.

જો કે પછીથી અંદરની વાતની ખબર પડી કે એક મુસલમાન શફી મુહમ્મદને આ વાતની ખબર પડી. એણે ત્યાં જઈને પેલા ઠેકેદારના નેતાને કહ્યું : 'જો હું પોતે બહુ મોટો ગુંડો છું, પરંતુ કાન્તિ મહેતા ફરિશ્તા છે, એમનો વાળ વાંકો થશે તો તને જીવતો નહિ છોડું.' આમ કાન્તિભાઈની હત્યાની વાત ઊડી ગઈ.

મજૂરો ક્યારેક ઉશ્કેરાઈને મારપીટ કરવાની, હિંસા આચરવાની વાત કરતા ત્યારે કાન્તિભાઈ એમને સમજાવતા. આટલાં વરસો તમે લોકોએ મારપીટ કરી, હિંસા ને તોડફોડ કરી તો શું મળ્યું? સૌથી વધારે કપરા અને જોખમી ઉદ્યોગમાં કામ કરો છો છતાં નથી પૂરતું મહેનતાણું મળતું, ને માથાં ફૂટે છે તે તમારા ભાઈઓનાં જ ને!'

કાન્તિભાઈ પર ગાંધીજીની અમીટ છાપ છે. એ કહે છે, 'હું ગાંધીજીની કહેલી વાતમાં ખૂબ માનું છું. એક તો વ્યવહારમાં ધર્મનું આચરણ હોવું જોઈએ. અસત્ય કદી નહિ ચલાવવાનું અને ધ્યેય હાંસલ કરવા ખોટો માર્ગ નહિ અપનાવવાનો, સાધન વિશુદ્ધ હોવું જોઈએ. અહિંસાનો માર્ગ કદી નહિ છોડવાનો. બધે મારી પ્રતિષ્ઠા છે કે હું કાયમ સાચું બોલું છું. આથી ખાણના માલિકો પણ મારી પર વિશ્વાસ મૂકે છે.'

કાન્તિભાઈએ ખાણિયા મજૂરોનું એક સંગઠન બનાવ્યું અને તેઓ એના મહામંત્રી બન્યા. એમણે સરકાર પાસે ટ્રિબ્યૂનલની માગણી કરી. ટ્રિબ્યૂનલની જાહેરાત થઈ, ટ્રિબ્યૂનલ સમક્ષ દેશભરના તમામ મજૂરો માટે અને સ્ત્રી-પુરુષો માટે સમાન વેતનની માગણી કરવામાં આવી. એમણે જાતે જ કેસ રજૂ કર્યો અને સફળ થયા કોઈ વકીલ રાખ્યા વગર.

'આપની પાસે કાયદાની કોઈ ડિગ્રી છે ખરી?'

'ના, આવશ્યકતા પ્રમાણે જાતે જ્ઞાન મેળવતો ગયો. પૂર્વ અનુભવો પણ કામ લાગ્યા.' એમની માગણી સ્વીકારાઈ.

એમની આ જ્વલંત ઐતિહાસિક સફળતાની ખૂબ પ્રશંસા થઈ. દેશના સમસ્ત કોલસા-મજૂરોના જીવનમાં સૂર્યોદય થયો. એના આધાર પર બીજી ખાણોના મજૂરોને પણ ફાયદો મળ્યો. પછી તો આંતરરાષ્ટ્રિય શ્રમસંગઠનના ઉપાધ્યક્ષ થયા, વિશ્વના સૌથી વધારે શોષિતો માટે કામ કર્યું. એમણે ગ્રામીણ પ્રદેશના અસંગઠિત ખેતમજૂરો માટે પણ કામ કર્યું. ખેતમજૂરોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો આદર્યા.

'આપને કાયમ સફળતા મળી છે?' મેં પૂછ્યું.

'માલિકો સાથે વાટાઘાટ કરવામાં મજૂરો મારી વાત સમજે નહિ, એમનું હિત શામાં છે, એ જાણી ન શકે ને લાભ ગુમાવે. એવું ક્યારેક બન્યું છે.'

'ત્યારે આપ અકળાઓ કે નિરાશ થાઓ?!'



કાન્તિભાઈ પત્ની નિહારબહેન, પુત્રી અનિતા અને પુત્ર સુપ્રિય સાથ

'ના. હું મારું કર્તવ્ય બજાવું છું. ફળની આશા નથી રાખતો, પરિણામ જે આવે એ ખરું.'

'પણ આવા કામમાં આપની ટીકા થાય કે મજૂરો માને નહિ ત્યારે આપ અસહાયતા અનુભવો?'

'ના. હું એવી બધી લાગણીઓથી પર છું. ટીકા-પ્રશંસા મને સ્પર્શતાં નથી, એ રીતે મેં મારું મન કેળવ્યું છે.'

'આપના કામથી સંતોષ છે?'

'સમાજના સૌથી પછાત શોષિત દલિત ખાણમજૂરોના જીવનમાં સુધારો લાવવો હતો. એ થઈ શક્યું છે. અત્યારે એમની સ્થિતિ, જીવન સુધર્યાં છે. એમના છોકરાઓ ઉચ્ચ અભ્યાસ કરે છે, કોઈ ડૉક્ટર તો કોઈ એન્જિનીઅર બન્યા છે. છતાં હજી ઘણું કરવાનું બાકી છે. વ્યક્તિગત ઉન્નતિ થવી જોઈએ, નક્કર ચારિત્ર્ય-ઘડતર થવું જોઈએ તો જ સમાજનો વિકાસ થાય.'

કાન્તિભાઈ કહે છે : 'દરેક શિક્ષિત સાધનસંપન્ન માણસે સામાન્ય માણસની સુખાકારી ને પ્રગતિનો ખ્યાલ કરવો જોઈએ. ખાનગી સંસ્થાઓના બદલે પબ્લિક સ્કૂલ અને દવાખાનાંનો ઉપયોગ કરવો જોઈએ. શિક્ષિત અને ધનિક માણસનો પ્રભાવ પડે ને એ જેટલા સજાગ રહે એટલી જાહેર સંસ્થાઓ કાર્યદક્ષ રહે.'

કાન્તિભાઈનો પુત્ર સુપ્રિય પરદેશમાં ભણી, ત્યાં પરણીને ત્યાં જ સ્થાયી થયો છે.

'આપ આપના પુત્રને દેશમાં વસવાનું કહો તો એ માને?'

'મેં મારા પિતાનું કહ્યું માન્યું હતું?' કાન્તિભાઈએ સામો પ્રશ્ન કર્યો. એમની દીકરી અનિતાએ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કર્યો છે.

કાન્તિભાઈ મજૂરોના સર્વાંગીણ વિકાસમાં માને છે, માત્ર વેતનવૃદ્ધિને જ એ શ્રમિક આંદોલનનું એકમાત્ર લક્ષ નથી માનતા. એ કહે છે : 'શ્રમિક આંદોલનનું લક્ષ્ય હોવું જોઈએ દેશ માટે સજાગ ઉત્પાદક અને જવાબદાર નાગરિકનું નિર્માણ કરવું. આ ઉદ્દેશથી તેમણે ધનબાદ, રાંચી, ઉદેપુર, નાગપુર આદિ સ્થળોએ શ્રમિક પ્રશિક્ષણ કેન્દ્રો ખોલ્યાં છે.

પુરીમાં દરિયાકિનારે રમણીય જગ્યાએ બે એકર જમીનમાં 'ઇન્સ્ટિટ્યૂટ ફૉર માઇનર્સ એન્ડ મેટલવર્કર્સ એડ્યુકેશન'ના ભવનનું નિર્માણ થયું છે, જેમાં શ્રમિકો દ્વારા પચીસ લાખ રૂપિયાનો ફાળો મળ્યો છે. ત્યાં કાન્તિભાઈ પોતે નિયમિત વર્ગો લે છે. અત્યારે પણ વાંચવું, લખવું, પત્રવ્યવહાર અને ચિંતન-મનનમાં સોળ સોળ કલાકો ગાળે છે. શ્રમિક જગત માટે હિન્દી ને અંગ્રેજીમાં સામયિક કાઢે છે, પ્રકાશનો કરે છે.

એમને બાયપાસ સર્જરી કરાવવી પડી છે. ડાયાબીટીઝ છે. ડૉક્ટરોએ વધારે દોડાદોડ કરવાની ના પાડી છે, પરંતુ એ તો એમના કામ અંગે પ્રવાસ ખેડ્યા કરે છે. એમના ઉદ્દેશ પ્રતિ એ નિર્વિકાર ભાવથી સંપૂર્ણપણે સમર્પિત છે.

એમનાં પત્ની નિહારબહેનના નામ પર 'નિહાર ભારતીય મહિલા મહાવિદ્યાલય'ની સ્થાપના એમના પ્રશંસકોએ એમના કાર્યક્ષેત્રમાં કરી છે. □

અમે લઈને ચાલ્યા

મુનિકુમાર પંડ્યા

સવાર પડ્યું. સૂરજદેવે પોતાનું ત્રાંસુ કિરણ નગર ઉપર ફેંક્યું. હજી તો અર્ધ ઊંઘમાં પડેલું જાગું જાગું થતું નગર બગાસાં ખાઈ આળસ મરડી રહ્યું હતું ત્યારે ગુણવંતીમાનો જીવ પૃથ્વી પરથી વિદાય લઈ ચૂક્યો હતો. જીવ વિનાના દેહને અવલમંજિલે પહોંચાડવાની ધમાલ ચાલી રહી હતી. ગાયના છાણથી ઓરડામાં ચોકો કરવામાં આવ્યો. એના ઉપર ગુણવંતીમાના મૃતદેહને ઊંચકીને મૂકવામાં આવ્યો.

ચોકા ઉપર માના મૃતદેહને સુવરાવતી વેળાએ ગોવર્ધને અને મણિલાલે રૂઢિ અનુસાર પોક મૂકી. રડવાનું તો બાળપણ સાથે પૂરું થઈ ગયેલું. પોક મૂકવાનો પ્રસંગ પણ અગાઉ પિતાજીના અવસાન વખતે એક જ વખત સાંપડેલો એટલે એમાંય ઝાઝી ફાવટ આવી નહોતી. છતાં પોક તો મૂકી જ. મોટી વયની માતાના અવસાનનું સાચુકલું રડવું ઓછું હતું, પોક મોટી હતી. દૂધવાળા દૂધમાં ઝાઝું પાણી ભેળવે છતાં કહેવાય તો દૂધ જ. માના મૃત્યુથી દીકરાઓને રડવું આવ્યું એમ તો કહેવાયું જ. પ્રસંગ સચવાઈ ગયો. બહેન રમાનો સૂર પણ એમાં ભળ્યો. પતિના અને નણંદના રુદન-પોકારમાં દેરાણી-જેઠાણીએ - કુમુદે અને કુસુમે સાથ આપ્યો. 'વિના સહકાર નહીં ઉદ્ધાર' કહેવત દેરાણી-જેઠાણી માટે સાસરવાસના અનુભવે નવી અર્થછાયા ધરાવતી હતી, ખાસ તો નણંદ રમા જોડેના સંબંધમાં.

રમા થોડાં માથાભારે નણંદ હતાં. ગુણવંતીમાનાં ત્રણ સંતાનોમાં સૌથી મોટાં રમા હતાં. તેના સત્તાપ્રિય સ્વભાવના કારણે તેને સાસરીમાં ન ફાવતું એટલું પિયરમાં ફાવતું. સાસરે તો પતિ, સાસુ અને નાની નણંદ. આ ત્રણની વસ્તી જ્યારે પિયરમાં તો બે ભાઈઓ, બે ભાભીઓ, એમનાં બાળકો અને મા. આમ, કુટુંબ-કબીલો મોટો હતો. નાનું શું રજવાડું જ જાણે જોઈ લ્યો. આવા પિયરમાં રાજવી પેઠે હુકમ ચલાવવાનો આનંદ રમા લૂંટતાં. ગુણવંતીમા ઘરમાં મોટાં ખરાં. એનું સ્થાન મોભાભર્યું ગણાય. પણ એનેય પોતાની ઇચ્છા પ્રમાણે વાળી વાળીને 'રબ્બર સ્ટેમ્પ' જેવાં રમાએ બનાવી દીધાં હતાં. ભાઈઓ અને તેથી ભાભીઓ પોતાનાથી નાનાં અને પતિ સુરેન્દ્રકુમાર પણ પોતાનાથી બે વર્ષ નાની ઉંમરના સદ્‌ભાગ્યે મળી ગયેલા. સાસરે અને પિયરમાં બંને જગ્યાએ એનો રોફ બરાબર ચાલી શકતો. લાઠી તેમનું સાસરું. લગ્ન બાદ જીવનનાં ઉત્તમ વર્ષો તેમણે નિઃસંતાન રહેવાનું જોખમ વહોરીનેય પિયરમાં જ પસાર કરેલાં.

દેરાણી-જેઠાણી રુદનમાં ઘસડાયાં. રડ્યાં. ન રડે તો જાય ક્યાં? તમે જ કહો. અમસ્તુય ઘરમાં નણંદનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું અને હવે એનું શાસન એકચક્રી થવાનું એય નક્કી વાત હતી. આવા સંયોગોમાં નણંદબાને 'રડવામાં' સાથ ન આપે એવાં બુદ્ધુ તો બંને નહોતાં જ.

'મારી મા...આ...રે... અમને નોંધારાં મૂકીને ક્યાં ચાલી ગઈ. બાપુજી યે ગયા ને તુંય ગઈ. મારી માવડી રે... તારા વિના અમને... અમને...' રડતાં રડતાં રમા ડૂસકે ચડી ગયાં.

'બાઈજી રે એ... એ... તમે જતાં અમારા માથેથી છત્તર ગયું' - જેઠાણી રડ્યાં.

'તમ જતાં અમે મીઠી છાંયડી ખોઈ... બાઈજી રે.. એ...' દેરાણી રડ્યાં.

આંસુની આરપાર રમા નણંદે કુમુદ-કુસુમ ભણી એક નજર નાખી. હં બરાબર રડે છે. અત્યાર સુધીનો બંને પરનો પોતાનો કાબૂ વ્યર્થ નહોતો જ ગયો. દુઃખ વચ્ચેય સંતોષનો ઘૂંટડો તેના ગળે ઊતર્યો.

આગની પેઠે, સગાંવહાલાંમાં ગુણવંતીમાના અવસાનના સમાચાર ફેલાઈ ચૂક્યા. ધીરે ધીરે બધાં આવવા લાગ્યાં. સૌથી પહેલાં આવી પહોંચ્યા - બાલાશંકર. તેમની શક્તિનો પરિચય આવા પ્રસંગે થતો. એમના સમગ્ર અસ્તિત્વમાં કોઈના મરણપ્રસંગે અનેરો થનગનાટ વ્યાપી વળતો. ઓળખીતા-પાળખીતાઓમાં કોને ત્યાં કોણ બીમાર છે એની તેમને તરત જાણ થઈ જતી. ઘરમાં ગમે ત્યાં મીઠાઈનો ટૂકડો પડ્યો હોય, કીડીઓ તરત ત્યાં પહોંચી જાય એમ તે બીમાર વ્યક્તિના ઘેર પહોંચી જતા. બીમારી સામાન્ય હોય અને બીમાર થોડા દિવસમાં સાજો થઈ જશે એવું લાગતાં તે મનોમન નિરાશ થઈ જતા. મનની નિરાશા મુખ ઉપર ધસી આવી આંખોના બારીએથી ડોકાતી. અંતિમવાદી વલણના કારણે જ્ઞાતિજનોમાં તેમનો હિસાબ કોડીનો બની ગયો હતો.

ગુણવંતીમા તો ખાસ્સાં ઘરડાં હતાં. પંચ્યાશી વર્ષ વટાવી ગયેલાં. તેની બીમારીના સમાચાર બાલાશંકરને પહેલવહેલા મળ્યા ત્યારે ઉત્સાહપૂર્વક પવનવેગે તેઓ ખબર કાઢવા આવી પહોંચેલા. માજી અંદરના ખંડમાં પથારીમાં સૂતેલાં. ડૉક્ટર સાહેબ કાનેથી સ્ટેસ્થોસ્કોપ ઉતારીને ઊભા થતા હતા. બાલાશંકરે પૂછ્યું, 'ડૉક્ટર સાહેબ, ગુણીમાને કેમ છે?' તેમની જિજ્ઞાસા ગુણવંતીમાના સ્વજનો કરતાંય વધારે હતી.

'ખાસ તો કાંઈ વાંધો આવે એમ નથી. આ તો અમસ્તો મલેરિયાનો સામાન્ય હુમલો છે. એકાદ દિવસમાં તબિયત સારી થઈ જશે' - ડૉક્ટરે આપેલા જવાબથી કુટુંબીજનોને રાહત વળી. બાલાશંકર નિરાશ થયા. હર્ષશોકનું ખંડગ્રાસ મુખ પર હતું જે શોકના ખગ્રાસમાં પરિવર્તન પામવા લાગ્યું. એ 'પૂનમચંદ ખગ્રાસવદન' સાથે ઘરે ચાલ્યા ગયેલા.

પણ જેવા ગુણવંતીમાના મૃત્યુના સમાચાર બાલાશંકરના

કાને અથડાયા કે તેમની નિરાશા ક્યાંય ચાલી ગઈ. ઉત્સાહપૂર્ણ હૃદયે, ખભે ધોતિયું નાખીને તે આવી પહોંચ્યા. ગોવર્ધન અને મણિલાલને આશ્વાસન આપતાં કહે : 'ભાઈ, જગતનો નાથ, જે દુઃખ આપણા શિરે નાખે એને સહન કરી લેવું ઘટે. ભગવાનને જે ગમ્યું એને આપણેય પ્યારું ગણી લેવું.'

આટલું કહેતાં તેમની નજર આસપાસ ફરી વળી. હજી અંતિમયાત્રાનો સામાન આવ્યો હોય એમ લાગ્યું નહીં. બહાર ચોકમાં આવીને તેમણે પૂછ્યું : 'કોઈ ખાંપણ, સીંદરી ને બધું લેવા ગયું છે?'

'હા. સુરેન્દ્રકુમાર ગયા છે. હવે તો સામાન લઈને આવવામાં જ હશે.' જવાબ મળ્યો.

'હં. વારુ. સુરેન્દ્રકુમાર આવી ગયા છે એમ' કહેતાંક બાલાશંકર અન્ય ડાઘુઓ ભણી વળ્યા એવામાં સામાન-સરંજામ લઈને સુરેન્દ્રકુમાર આવી લાગ્યા. ગઈ રાતે રમાને તેડવા લાઠીથી તેઓ આવેલા, એમાં સવારમાં તો આ ઘટના બની ગઈ.

ખભે ધોતિયાં નાખી પુરુષો આવવા લાગ્યા. સફેદ અને કાળાં વસ્ત્રો પહેરેલી સ્ત્રીઓ આવવા લાગી. ધીરે ધીરે ડાઘુ સમુદાય વધવા લાગ્યો. પુરુષો ચોકમાં ઓટલે, શેરીમાં એકત્રિત થઈ રહ્યા. સ્ત્રીઓ ચોકમાં થઈને અંદરના ખંડમાં પહોંચી. કાળા-ધોળા ઘૂમટાથી આખો ખંડ શેતરંજ બોર્ડ જેવો શોભી રહ્યો. છેલ્લે છેલ્લે કોણ કેવી રીતે મૃત્યુ પામ્યું એના ઉલ્લેખો થવા લાગ્યા. વચ્ચે વચ્ચે આ સંસાર તો અસાર છે. મારી બાઈ, જીવ્યા એટલું ખરું અને જુઓને હવે તો આ જમાનોય કેવો ખરાબ આવી ગયો છે. જેટલી માયા રાખીએ એટલું દુઃખ છે બેન સાચું માનશો? (કોણ ખોટું માને?) જેવાં વાક્યો ઉચ્ચારાવા લાગ્યાં. ગણગણાટ થઈ રહ્યો.

ગણગણાટ વચ્ચે એક અવાજ ઊઠ્યો, 'મા તો ક્યાંય થાવી નથી.પૈસા દેતાં જગતમાં બધુંય મળે પણ મા ન મળે. રાવજી પટેલે કાંઈ અમસ્તું નથી લખ્યું - 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ.'

કવીશ્વરનાં ધર્મપત્નીનો આ અવાજ હતો. અરસિક શ્રોતાઓના માથા ઉપર થઈને એ અવાજ અવકાશમાં વિલીન થઈ ગયો.

વીસ વર્ષનો નાનુ દાદીમાની સ્મશાનયાત્રાની થતી બધી તૈયારીઓ નિહાળી રહ્યો હતો. તેના માટે તો આ અનુભવ સાવ નવો હતો. કોઈના ઘરે મરણપ્રસંગે વડીલો જતા હોઈને પોતાને તો ક્યારેય જવાનું આવ્યું નહોતું. આજે તેના પોતાના જ ઘરમાં સામે ચાલીને આ પ્રસંગ આવી ચડ્યો હતો. તે બધું નિહાળી રહ્યો. એક વડીલે તેને પાસે બોલાવીને માટીની દોણી આપતાં કહ્યું, 'લે, આને સૂતરની દોરીથી બાંધ. જો, સામેના ખૂણામાં છાણાં પડ્યાં છે એને સળગાવ.'

પોતાને મળેલા આ મહત્ત્વથી નાનુની ખિન્નતા થોડી દૂર થઈ. તેને દાદીમા માટે લાગણી હતી પણ એ લાગણીને દબાવીને એના ઉપર એક બીજું તત્ત્વ આગળ આવી રહ્યું હતું - માણેક માટેનું આકર્ષણ. પ્રેમ અને મૃત્યુ બંનેના અનુભવ તેના માટે નવા હતા. જીવનની પહેલી વીશી પૂરી થતાંમાં જ બંને અનુભવો તેને જોવા મળી રહ્યા.

માણેક અઢારની વયની બારમા ધોરણમાં એક વાર નાપાસ થયેલી પડોશમાં રહેતી એક બાલિકા હતી. નાનુ તેનાથી બે વર્ષ આગળ કોલેજમાં અભ્યાસ કરતો હતો. મરણ જેવો પ્રસંગ નિહાળવા તેની વય ભલે નાની કહેવાતી હોય પણ જે અર્થ માટે 'પુખ્તવય' શબ્દપ્રયોગ કરવામાં આવે છે એ અર્થને તો નાનુ અનુસરી રહ્યો હતો જ. મતલબ કે માણેક તરફ તેને આકર્ષણ હતું. આ વાતનો માણેકને ખ્યાલ પણ હતો. સ્ત્રીઓ માનસિક રીતે પુરુષો કરતાં વહેલી પુખ્ત બની જાય છે. નાનુ અને માણેક - આ મિયાંબીબી તો રાજી હતાં પણ (જગતના) કાજી 'શું કરશે' એ પ્રશ્ન બંનેના મનને મૂંઝવતો હતો. એનો સામનો કરી શકે એટલાં પગભર બંને થયાં નહોતાં.

થોડી વારમાં નર્મદાશંકર આવ્યા. નનામી બંધાઈ ગઈ હતી. મૃતદેહની બાજુમાં માથા પાસે ઘીનો દીવો મૂકવામાં આવેલો. ત્યાં બેસીને ગુણવંતીમાના પિત્રાઈ ભાઈ દલપતરામ ગીતાપાઠ કરી રહ્યા હતા.

આવતાં વેંત નર્મદાશંકર ઉતાવળ કરાવવા લાગ્યા, 'ચાલો ચાલો ઝટ કરો. ઝટ કરો. આ સાડાસાંત તો થવા આવ્યા.' ક્યાંય સ્થિર ન થઈ શકતા તેના પગ થનગનાટ કરી રહ્યા.

દલપતરામ ચીડાયા, ગીતાપાઠ વાંચતા અટકી જઈને બોલ્યા,


'અલ્યા, નરબદા, તારે પાછું નિશાળે જવાનું મોડું થતું હશે કાં? આજે રજા લેવી હતી ને? અમસ્તો તો બરાડા પાડ્યા કરે છે કે છોકરાંઓનું કાંઉં કાંઉં સહન નથી થતું ને આંખમાં ઝળઝળિયાં લાવે છે. નિશાળ તો ગમતી નથી.'

દલપતરામના તતડાવ્યા નર્મદાશંકર ટાઢા પડ્યા. પ્રસંગનું ગાંભીર્ય સમજીને કશું બોલ્યા નહીં. આમ તો બંને મિત્રો હતા. એક જ શાળામાં બંને શિક્ષક હતા. બેઉના સ્વભાવમાં આસમાન-જમીનનું અંતર હતું. નર્મદાશંકર ઉતાવળા હતા જ્યારે દલપતરામ ધીરજવાન હતા. તેમનો સ્વભાવ ઠાવકો ગણાતો. 'ધીરે ધીરે ભાઈ ધીરે' - આ ધીરજમંત્ર દલપતરામના શ્વાસોચ્છ્વાસમાં સંભળાતો.

સ્મશાનયાત્રાની બધી તૈયારી પૂરી થઈ. સળગેલાં છાણાંનો ધુમાડો વાતાવરણમાં ફેલાઈ રહ્યો. અત્રતત્ર સર્વત્ર વેરાઈને બેઠેલા ડાઘુઓ ઊભા થવા લાગ્યા. ચોકમાં ઊભેલા ઓરડામાં ગયા. ઓરડામાંના ફળિયામાં આવ્યા. ફળિયામાં ઊભેલા શેરીમાં જઈ પહોંચ્યા. બધા જ પોતપોતાના સ્થાનેથી આઘાપાછા થયા. ખભા પરના ધોતિયાને સરખું કરવા લાગ્યા.

(અનુસંધાન પૃ.૫૫૪)

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

સોમવાર, ૨૮મી સપ્ટેમ્બર ૧૯૪૨.

પ્રિય કિટી,

ગઈ કાલે મારે વાત અધવચ્ચે જ બંધ કરવી પડી. મને મારે એક વધુ ઝગડા વિશે વાત કરવી છે પણ એ પહેલાં બીજી વાત.

મોટેરાંઓ આટલી સહેલાઈથી અને આટલું બધું શું કામ ઝગડતાં હશે? એ પણ તદ્દન પાયા વગરના કારણસર! અત્યાર સુધી હું એમ માનતી હતી કે ફક્ત નાનાં છોકરાં જ બાઝે અને જેમ જેમ એ મોટાં થતાં જાય તેમ તેમ આ વૃત્તિ ઓછી થતી જાય. અલબત્ત, કોઈ વાર સાચાં કારણોસર ઝગડો થઈ શકે પણ એ તો બોલાચાલી કહેવાય. કદાચ મારે આનાથી ટેવાઈ જવું જોઈશે. પણ જ્યાં સુધી ચર્ચાનો (ઝગડા માટે એ લોકો ચર્ચા શબ્દ વાપરે છે) વિષય હું હોઈશ ત્યાં સુધી મારાથી ટેવાવું શક્ય નથી, અને હું ટેવાવાની પણ નથી. મારામાં કાંઈ જ એટલે કાંઈ જ સારું નથી, મારો દેખાવ, મારાં લક્ષણો, મારો આચાર બધું જ અતઃ થી ઇતિ સુધી ચર્ચાય છે. અને આ બધું મારે શાંતિથી સાંભળવાનું અને ગળી ખાવાનું એવું એલાન છે. મને એવી જરાય ટેવ નથી. અને હકીકતે હું એમ કરી પણ શકતી નથી. હું આ અપમાનો વધારે સહન કરવાની નથી. એક દિવસ એમનેય બતાવી દઈશ કે એન ફ્રેન્ક કાંઈ ગઈ કાલે જન્મેલું બાળક નથી. હું જ્યારે એમનેય પાઠ ભણાવીશ ત્યારે બધાંને થશે આશ્ચર્ય અને પછી થશે એમનાં મોં બંધ.

મારાથી એમ કરાય ? એકદમ જૈસે કો તૈસા! મને ફરી ફરી એમના આ વર્તન પર તાજૂબ થાય છે, ખાસ તો એમની (શ્રીમતી વેનડાનની) મૂર્ખાઈ પર. પણ મને એની જરા આદત થવા દો - એ થવાને બહુ વાર નથી - પછી એમના જ શબ્દો એમને પાછા ચોડીશ - જરાય બાકી ન રાખતાં. ત્યારે એમનો સૂર બદલાશે.

એ લોકો કહે છે એમ શું હું ખરેખર ખરાબ આચારવાળી, સ્વકેન્દ્રી, જિદ્દી, હઠીલી, મૂરખ, આળસુ વગેરે વગેરે છું? અલબત્ત, તદ્દન ખોટી વાત! મને ખબર છે કે જેમ બાકીનામાં દુર્ગુણ છે એમ મારામાં પણ છે. પણ આ બધાં તો દરેક બાબતમાં અતિશયોક્તિ જ કરે છે.

કિટી, તને ખબર છે, આ લોકોની ટીકા-ટિપ્પણથી હું એટલી તો ઊકળી જાઉં છું કે બસ. કોણ જાણે ક્યાં સુધી મારો ગુસ્સો હું કાબૂમાં રાખી શકીશ. એક દિવસે એ ઊછળી આવવાનો છે.

પણ હવે આ પ્રકરણ સમાપ્ત. અમારા ઝગડાઓ સાંભળીને તું ખાસ્સી કંટાળી ગઈ હોઈશ. પણ મારે તને જમવાના ટેબલ પરની એક અત્યંત રસિક ચર્ચા વિષે તો વાત કરવી જ રહી. ક્યાંકથી અમે પીમ (પપ્પાનું લાડકું નામ)ની નમ્રતાના વિષય પર આવી પહોંચ્યાં. મૂરખામાં મૂરખો માણસ પણ પપ્પાની આ ખાસિયતને પારખ્યા વિના ન રહે. ત્યાં અચાનક શ્રીમતી વેનડાને શરૂ કર્યું, 'એમ તો મારો સ્વભાવ પણ સાલસ જ કહેવાય, અને ખાસ તો મારા પતિની સરખામણીમાં.'

કોઈ માને? એમનું આ વાક્ય જ બતાવે છે કે બાઈ કેવી જક્કી અને દુરાગ્રહી છે. હવે શ્રી વેનડાનને પણ પોતાની બાબતમાં થોડો ખુલાસો કરવાની જરૂર લાગી : 'હું તો વિનમ્ર બનવામાં માનતો જ નથી. કારણ કે મારા હિસાબે એમાં ભલીવાર નથી.' પછી મને સંબોધીને કહ્યું : 'મારી સલાહ માન, એન, તું સરળ સ્વભાવ રાખતી જ નહિ, એનાથી તારું ભલું નહિ થાય.'

આ વાત સાથે મમ્મી પણ સંમત થઈ. હંમેશની જેમ અહીં પણ શ્રીમતી વેનડાનને તો કાંઈક કહેવાનું હતું જ. મમ્મી-પપ્પાને સંબોધીને બોલ્યાં : 'જીવન તરફનો તમારો દૃષ્ટિકોણ સાવ જ જુદો છે. મને નથી લાગતું કે આવી સલાહ એનને અપાય. મારા નાનપણની તો વાત જુદી છે પણ મારા ધારવા પ્રમાણે આજે પણ બધાં મારી સાથે સંમત થશે એક તમારા સિવાય.' આ તો મમ્મીની દીકરીઓ ઉછેરવાની રીત પર સીધો જ ઘા હતો.

શ્રીમતી વેનડાન અત્યાર સુધીમાં લાલ લાલ થઈ ગયાં હતાં. પણ મમ્મી શાંત અને ઠંડી ગાર હતી. જેનો ચહેરો સરળતાથી લાલ થઈ જતો હોય એને ઉશ્કેરાઈ જતાં પણ વાર લાગતી નથી. આવે સમયે એ નબળાઈ જ સાબિત થાય છે. આ વિષય પર શક્ય એટલા જલદી પૂર્ણવિરામ લાવવાના હેતુથી જરાય ઉશ્કેરાટ વિના મમ્મી બોલી, 'શ્રીમતી વેનડાન. મેં પણ અનુભવ્યું છે કે અતિવિનમ્ર બનવામાં લાભ નથી. મારા પતિની, માર્ગટની અને પીટરની વિનમ્રતા અસામાન્ય ગણાય. જ્યારે તમારા પતિ, એન, તમે અને હું એમનાથી

સાવ જ વિરુદ્ધ તો નહિ, તો પણ એટલું તો ખરું જ, આપણી સાથે લોકો મનમાની તો ન જ કરી શકે.' શ્રીમતી વૅનડાન : 'પણ શ્રીમતી ફ્રૅંક, મને સમજણ નથી પડતી કે મારા જેવી નમ્ર અને ખમી ખાવા હંમેશાં તૈયાર હોય એવી વ્યક્તિ માટે તમે આવું કહી જ કેવી રીતે શકો?' મમ્મી : 'હું એમ નથી કહેતી કે તમે તદન જક્કી છો. પણ તમે ખમી ખાવાવાળાં મ્હાંયલાં પણ નથી.' શ્રીમતી વૅનડાન : 'અહીં જરા સ્પષ્ટતાની જરૂર છે. હું જક્કી છું એમ તમે શેના પરથી કહો છો એ જણાવશો? હા, હું એક વાત જાણું છું કે હું મારી જાતને નહિ સંભાળું તો મારે તો ભૂખ્યા રહેવાનો જ વારો આવશે.'

આ અસંબંધ સ્વબચાવ સાંભળીને મમ્મી ખડખડાટ હસી પડી. હવે શ્રીમતી વૅનડાન ખરેખરાં ચિડાયાં. ને એમની જીભ શબ્દોની જાળમાં અટવાઈ ગઈ ત્યાં સુધી જર્મન-ડચ ને ડચ-જર્મન સુવચનોની ઝડી વરસાવી. છેવટે રૂમમાંથી બહાર જવા એ ઊભાં થયાં.

અને અચાનક એમની નજર મારી પર પડી. એમનો ચહેરો એકદમ જોવાલાયક થઈ ગયો. કમનસીબે ત્યારે જ હું માથું ધુણાવતી હતી. જાણી જોઈને નહિ પણ એમ જ. ખરું તો હું સુવચનોના વરસાદમાં ખોવાઈ ગઈ હતી.

પાછાં ફરીને શ્રીમતી વૅનડાને કઠોર જર્મનમાં અપશબ્દો અને કટુવચનોનો મારો શરૂ કર્યો - પેલી લાલ મોંવાળી મત્સ્યકન્યાની જેમ. દૃશ્ય સાચે જ જોવાલાયક હતું. મને ચિત્રો દોરતાં આવડતું હોત તો મેં બરોબર આવું જ એમનું ચીસો પાડતું ચિત્ર દોર્યું હોત. કેટલી મૂરખ, બેવકૂફ વામણી બાઈ!

ગમે તે કહો, પણ મને એક વાત બરોબર સમજાઈ ગઈ - ખરેખરા ઝગડા સિવાય માણસનો ખરો પરિચય શક્ય નથી. અને ત્યારે જ તમે એનાં સાચાં લક્ષણો પીછાણી શકો.

લિ. એન.

મંગળવાર, ૨૯મી સપ્ટેમ્બર ૧૯૪૨

પ્રિય કિટી,

અજ્ઞાતવાસમાં રહેતાં લોકોની રહેણકરણી અચાનક કલ્પનાતિત બની જાય છે. જરા વિચાર કરી જો, બાથટબના અભાવે અમે સાદા ટબમાં જ ન્હાઈએ છીએ. અને ગરમ પાણી એક ઑફિસમાં જ (ઑફિસ શબ્દ હું આખા નીચેના માળ માટે વાપરું છું) મળે એમ છે એટલે એ સાહ્યબી અમે સાત જણ વારાફરતી વાપરીએ છીએ.

અમારા ગમા-અણગમા જુદા જુદા, એમાંય કેટલાક લોકો નમ્રતાના અવતાર એટલે આ ક્રિયા માટે દરેક વ્યક્તિએ પોતાને ગમે ને યોગ્ય લાગે એવી જગ્યાઓ શોધી લીધી છે. પીટર રસોડું વાપરે છે. રસોડાનો દરવાજો કાચનો છે તો પણ. ન્હાવા જાય એ પહેલાં દરેકે દરેક વ્યક્તિ પાસે એક પછી એક જઈને અડધા કલાક સુધી રસોડા પાસે ન આવવા કહીને



એન ફ્રેન્કનું મકાન, એમ્સ્ટરડૅમ

જાય. એના માનવા પ્રમાણે આટલું પૂરતું છે. શ્રી વૅનડાન સીધા ઉપર ન્હાવા જાય છે. પોતાની ગમતી જગ્યાનું એકાંત મેળવવા સારુ છેક ઉપર સુધી ગરમ પાણી લઈ જવામાંય એમને વાંધો નથી. શ્રીમતી વૅનડાન ન્હાતાં જ નથી કારણ કે એ તો કોઈ સર્વશ્રેષ્ઠ જગ્યા મળી આવવાની હજી રાહ જુએ છે. પપ્પા ખાનગી ઑફિસમાં તો મમ્મી ફાયરગાર્ડની પાછળ. ન્હાવા માટે મેં અને માર્ગોટે આગળની ઑફિસ પસંદ કરી છે. શનિવારે ત્યાંના પડદા બંધ હોય છે એટલે થોડાક અંધારામાં ન્હાવું પડે છે.

પણ હવે એ જગ્યા મને નથી ગમતી. ગયા અઠવાડિયે મેં એનાથી વધારે સગવડવાળી જગ્યાની શોધ આદરી. એ માટે પીટરનો સૂઝાવ એવો છે કે, મારે ઑફિસના મોટા સંડાસનો ઉપયોગ કરવો. ત્યાં મારાથી નીચે બેસીને લાઇટના પ્રકાશમાં, બંધ બારણે અંગપ્રક્ષાલન કરાશે અને તેય દુષ્ટ નજરોથી દૂર.

ગયા રવિવારે હું મારી નવી જગ્યાએ નાહી, આમ જરા વિચિત્ર તો લાગે પણ મારા ધારવા પ્રમાણે અત્યારની પરિસ્થિતિમાં એ જગ્યા શ્રેષ્ઠ છે. ગયા અઠવાડિયે નીચે પ્લમ્બર આવ્યો હતો. પાણીના નળના અને ખાળના પાઇપ ઑફિસના સંડાસમાંથી પરસાળ તરફ ખસેડવાનું કામ હતું. શિયાળામાં જોરદાર ઠંડી પડે તો પાઇપ થીજી ન જાય એની

તકેદારી માટે આ કામ કરવાનું હતું. પણ અમારે માટે તો પ્લમ્બરનું કામ ત્રાસદાયક જ ઠર્યું. આખો દિવસ અમારે પાણી વિના તો કાઢવો પડ્યો જ, ઉપરથી સંડાસ-બાથરૂમ પણ જવાય નહિ. આ માટેની અમારી ઉપાય-યોજના તને કહું, હવે એ કહેવું જરાક અસભ્ય તો લાગે છે પણ હું કાંઈ એવી સન્નારી નથી આ વાત ન કહી શકું.

અમે અહીં આવ્યાં એ જ દિવસે મેં અને પપ્પાએ સંડાસની અવેજીમાં એક વ્યવસ્થા કરી. યોગ્ય મરથાના અભાવે એક કાચના વાસણની અમે આ કામ માટે આહુતિ આપી દીધી. પ્લમ્બરના કામ દરમિયાન, દિવસે બેઠકમાં આ વાસણનો ઉપયોગ અમે નૈસર્ગિક ઉત્સર્ગની ક્રિયા માટે કર્યો. સાચું તો આ તો કાંઈ જ નહોતું. મારા હિસાબે તો આખો દિવસ બોલ્યાચાલ્યા વિના બેસી રહેવું એ જ વધારે ત્રાસદાયક હતું. તું જ વિચાર કર આ 'બક બક બેન' માટે કેવડી મોટી સજા. રોજ રોજ તો દબાતા સાદે બોલવું પડે છે પણ બોલવાનું જ નહિ અને ચાલવાનું પણ નહિ એ તો દસ ગણું મુશ્કેલ. ત્રણ દિવસ સતત બેસી રહેવાને કારણે મારા ઢગરા ઝલાઈ ગયા હતા. સૂતી વખતે થોડી કસરત કરી ત્યારે જરા કળ વળી.

લિ. એન.

અનુ.| ખભે લઈને ચાલ્યા |પૃ.૫૫૧થી

ગીતાપાઠ કરી રહેલા દલપતરામનો અવાજ શાંત થયો. પુરુષોની વાતચીત બંધ પડી. સ્ત્રીઓનો ગણગણાટ અટકી ગયો. બધે જ સ્તબ્ધતા છવાઈ રહી. મૌન પ્રસરી રહ્યું. કૂતરાના ભસવાનો શેરીમાંથી આવતો અવાજ આ મૌનનો ભંગ કરી સર્વોપરી બની રહ્યો.

'ઓ મારી માડી રે એ...એ...' ગોવર્ધનની પોકમાં મણિલાલની પોક ભળી. રમાએ અને કુમુદ-કુસુમે નારીકંઠથી એમાં તાલ પુરાવ્યો. વાતાવરણ રુદનમય બન્યું. આઘેનાં નજીક આવ્યાં. નજીકનાં આંખો લૂછવા લાગ્યાં. ગુણવંતીમાની સમવયસ્કા વૃદ્ધાઓની આંખોમાં આંસુ ધસી આવ્યાં. આજે ગુણવંતીની આ ગતિ થઈ, હવે આપણો વારો કાંઈ દૂર નથી. આવું એમના મનમાં થવા લાગ્યું.

અંતિમયાત્રાનો આરંભ થયો. નનામી ઊંચકાઈ. ઓરડામાંથી ઓસરીમાં, ઓસરીમાંથી ચોકમાં, ચોકમાંથી ફળિયામાં અને ફળિયામાંથી રસ્તામાં આગળ સ્મશાન તરફ ગુણવંતીમા દીકરાઓ અને જમાઈની કાંધે ચડીને ગતિ કરી રહ્યાં. હવે તો ખાલી ખોળિયું જ હતું. પ્રાણ તો અગાઉથી જ પ્રયાણ કરી ચૂક્યો હતો ને!

ધૂંધવાઈ રહેલાં છાણાં સાથેની દોણી લઈને સૌની આગળ નાનુએ ચાલવું શરૂ કર્યું. શેરીના વળાંકે તે સૌની પહેલાં પહોંચી ગયો. ડાઘુઓનું ટોળું થોડું પાછળ રહી ગયું. એક વડીલે ઉતાવળી ચાલે નાનુ પાસે પહોંચીને તેને સહુની સાથે ધીમે ચાલવા કહ્યું.

નાનુને ગમ્યું. શેરીના વળાંકે તે યુવાન અટક્યો. ઠમકીને ઊભો. આસપાસનાં મહોલ્લાવાસીઓ બહાર ઓટલા ઉપર યા તો ઘરની બારીએ ઊભાં રહીને સ્મશાનયાત્રા નિહાળી રહ્યાં હતાં. એમાં માણેક પણ હતી.

શેરીના નાકે વળતાં જ માણેકનું ઘર આવે. નાનુ જ્યાં અટકીને ઊભો એની બરાબર સામે જ. મેડીની ઝરૂખડા સરીખડી બારીએ ઊભીને બ્રશ કરતી માણેકનું મુખારવિંદ નાનુએ નિહાળ્યું. નાનુને દેખતાં વેંત જ માણેકે એકદમ બ્રશ નીચે મૂકીને મોં લૂછી નાખ્યું. માથાના વાળ વીજ ઝડપે સમારી લીધા. નાનુ સામે આછેરું સ્મિત ફેંક્યું.

ધન્ય ધન્ય. નાનુ ધન્ય થઈ રહ્યો. આજ તો પ્રભાતમાં જ મુખદર્શનનો લાભ પ્રાપ્ત થયો. મૃતદેહના શુકન નાનુને તાત્કાલિક ફળ્યા. માણેકની સ્મિતરૂપી વીજ ચમકી. શોક હળવો થયો. દરેક વાદળને સોનેરી ઝાંય હોય છે.

આટલી વારમાં તો ડાઘુઓનું ધાડું નાકે પહોંચી ગયું. નાનુને આગળ ચાલવું રહ્યું. 'હૃદયની આજ્ઞા એક અને ચરણનું ચાલવું જુદું. કેવી સુંદર લાગી રહી હતી માણેક! શ્વેત ગાઉન, બ્રશ ઉપર લગાડેલ શ્વેત પેસ્ટ, તાજો જ ધોળેલો ઝરૂખડો. ત્યાં ઊભીને એ બાલિકા કોના વિચાર કરતી હશે? મારા જ ને! નાનુના મસ્તકની અંદર વિચારનાં ગૂંચળાં વળવા લાગ્યાં. મસ્તકની બહાર દોણીમાંથી નીકળતા ધુમાડાનાં ગૂંચળા ફેલાઈ રહ્યાં હતાં. વિચારવાન નાનુ આગળ ચાલ્યો. ઝરૂખામાંથી ખસીને માણેક અંદર ઘરમાં ગઈ. નનામી કે સ્મશાનયાત્રા જોવાનો તેને મોહ નહોતો.

યા હોમ કરીને જંગમાં નીકળેલા સૈનિક જેવા નર્મદાશંકર મોખરે ઝડપભેર ચાલતા હતા. તેમના માથા પરની ચોટલી ફગફગી રહી હતી. નનામી ઊંચકનારાઓને આથી ઝડપ કરવી પડતી હતી.

પાછળ આવતું સ્ત્રીવૃંદ અહીં શેરીના નાકે અટકીને ગોળાકારે ઊભું રહ્યું. રોકકળ વધી. ધડાપીટનો એમાં ઉમેરો થયો. શેરીની વચ્ચે ચોકમાં પડોશીઓ અને ઓળખીતાઓના સમૂહ વચ્ચે માજી માટેની પોતાની લાગણી પ્રકટ કરવાનો છેલ્લો મોકો હતો આ. આ મોકો ફરી ન સાંપડે.

રમા છુટ્ટા મોંએ રડી પડ્યાં. કુમુદે અને કુસુમે પણ સાસુમાની સહિયારી કાણ રસ્તા પર માંડી. પડખે જ ઊકરડો હતો. ઘરથી તે શેરીના નાકા લગી ભસતા ભસતા સ્મશાનયાત્રાની જોડાજોડ ચાલતા શ્વાનો ઊકરડે ચડીને માનવરુદન સાંભળી રહ્યા. ઘેરો વળીને ઊભેલી સ્ત્રીઓ ઘૂમટા ઊંચા કરીને મૃતક માટેની એના સ્વજનોની લાગણીનું માપ કાઢવા લાગી. કેટલાકને લાગણી પૂરતી જણાઈ તો આધેડ વય વટાવીને વૃદ્ધાવસ્થાના દ્વાર ખખડાવી રહેલી સ્ત્રીઓને લાગણી અધૂરી જણાઈ, 'મૂઉં છે જરાય આમને મનમાંય તે, ડોશી મરી તો જાણે લાકડું ભાંગ્યું. ઉંહ.' આવાં અસ્પષ્ટ વેણ એમના મુખમાંથી સરી રહ્યાં.

સ્મશાનયાત્રા દૃષ્ટિથી દૂર નીકળી ગઈ. ◻

પાર્થિવેતર જીવન

પ્રહ્લાદ છ. પટેલ

વૈશ્વિક અવકાશનાં તમામ બિંદુઓ સમાન ગણાય છે. કોઈ પણ બિંદુ અન્ય બિંદુઓથી વિશિષ્ટ નથી. તે છતાં આજની જાણકારી મુજબ અમુક જ જગાએ ગ્રહો તારા અને તારાવિશ્વોનું સર્જન થયું છે અને નહીં કે સર્વત્ર. તેમાંય પૃથ્વી જેવો ગ્રહ તો જીવસૃષ્ટિ ધરાવે છે ગ્રહો-ગ્રહો વચ્ચે અને તારા-તારા વચ્ચેની ભિન્નતાની સમજૂતી ભારે જટિલ છે. યદ્યપિ, જીવસૃષ્ટિ સંભવિત હોય તેવા ગ્રહો પરત્વે સંશોધન પૂર જોશમાં ચાલે છે. મુદ્દાનો પ્રશ્ન એ છે કે આપણા જ સૌર મંડળના ગ્રહોની હજુ પૂરેપૂરી જાણકારી ઉપલબ્ધ થઈ નથી. હવે તો આપણા સૌરમંડળની બહાર આવેલા ગ્રહોની ભાળ મળતી જાય છે. તેમના વિષેનાં રહસ્યો વણઊકલ્યાં પડ્યાં છે.

આપણા ગ્રહ પૃથ્વી સંબંધે આપણી પાસે સંપૂર્ણ માહિતી છે એમ કહી શકાય તેમ નથી. પૃથ્વીના પેટાળ અને અંતર્ભાગ-ની માહિતી પણ કંઈક અંશે અધૂરી વર્તાય છે. પૃથ્વીના ધ્રુવીય વિસ્તારો વિષે હજુ કેટલુંક નિશ્ચિતપણે જાણવાનું બાકી છે. ભૂમંડળ અને તેના જીવધર (biosphere)નો અભ્યાસ ચાલુ છે. પૃથ્વી પોતે જ જીવધર-૧ છે અને બરાબર તેવું જ જીવધર-૨ (BS2) અમેરિકાના એરિઝોના રાજ્યમાં કૃત્રિમ રીતે તૈયાર કરવાનો પ્રયોગ છેલ્લાં દસેક વર્ષથી ચાલુ છે. આ પ્રયોગ વડે પૃથ્વીના જીવધર-૧ જેવું જ અદ્દલ જીવધર સફળતાપૂર્વક તૈયાર કરી શકાય તો કેટલીક પાર્થિવેતર સમસ્યાઓના ઉકેલની દિશા હાથ લાગે. પૃથ્વીના પાડોશી ગ્રહમંડળ ઉપર આવું જ જીવધર તૈયાર કરીને ત્યાં જીવસૃષ્ટિનો વિકાસ કરવાનું બને ખરું. અત્યારે તો આપણી પાસે એવી માહિતી છે કે માત્ર પૃથ્વી ઉપર સજીવ-સૃષ્ટિ છે.

હવે સવાલ એ થાય છે કે પૃથ્વીની બહાર ક્યાંયે જીવસૃષ્ટિ હોવાનો કેટલો સંભવ છે? આ સવાલનો ઉત્તર મેળવવા વિજ્ઞાનીઓ અને વિચારકો કેટલાય સમયથી અવિરતપણે પ્રયાસો કરી રહ્યા છે. પૃથ્વી સિવાય અન્ય ગ્રહ ઉપર જીવસૃષ્ટિની સંભાવનાને નકારી કાઢવા માટે ચોક્કસ કારણો નથી. આમ હોવા છતાં, પૃથ્વીની બહાર કોઈ પણ જગાએ જીવસૃષ્ટિના અસ્તિત્વના નક્કરપુરાવા મળ્યા નથી.

એ હકીકત છે કે આપણા સૌરમંડળના ગ્રહો અને ઉપગ્રહોના શક્તિશાળી કેમેરા અને ટેલિસ્કોપ વડે નિરીક્ષણ કરવાના પૂરતા પ્રયાસો થયા છે અને ચાલુ પણ છે. ચંદ્ર ઉપરથી મેળવેલા ખડકોનો ખાસ ઉપકરણો વડે વિશ્લેષણાત્મક અભ્યાસ સમગ્ર વિશ્વમાં કરવામાં આવ્યો છે. મંગળની ભૂમિ અને વાતાવરણ જાણવાના પ્રયાસો થયા છે અને થતા જાય છે. છેલ્લા કેટલાક દસકાઓથી ધૂમકેતુઓના દ્રવ્યનું સર્વેક્ષણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આપણા તારાવિશ્વ (Milky way galaxy)માં રહેલા કેટલાક તારાઓના આસપાસના અવકાશનો પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે તે છતાં, ક્યાંયે જીવસૃષ્ટિનાં ચોક્કસ એંધાણ મળતાં નથી. ભવિષ્યમાં વધુ અવકાશ-સંશોધનને લગતા મિશનનું આયોજન થનાર છે. પાર્થિવેતર જીવસૃષ્ટિની શોધ માટે ઘણા દેશો આ હેતુ પૂરતા એક બની જોરદાર પ્રયાસો કરી રહ્યા છે. આ બાબતે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૦૦ના રોજ વીસમી સદી હાથતાળી આપીને વિદાય થશે. તા. ૧ જાન્યુઆરી, ૨૦૦૧થી શરૂ થતી એકવીસમી સદીમાં માણસ આ સમસ્યા ઉકેલવા માટે આશાવાદી છે.

શા માટે પૃથ્વી ઉપર જીવસૃષ્ટિનું અસ્તિત્વ છે અને અન્ય ગ્રહ ઉપર નથી? પૃથ્વી અને અન્ય ગ્રહો વચ્ચે એવો તો શું તાત્ત્વિક ભેદ છે જે જીવસૃષ્ટિના અસ્તિત્વ માટે અનુકૂળ છે. પહેલાં પૃથ્વી અને પછી તેના ઉપર જીવસૃષ્ટિ અસ્તિત્વમાં આવ્યાં. પૃથ્વી ઉપર જીવન કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું? તેનો કોઈ નિશ્ચિત ઉદ્‌ગમ છે ખરો ? જીવન કેવી રીતે ઉપસી આવ્યું તેને માટે બે વિચારધારાઓ પ્રવર્તે છે.

જો જીવન અજૈવ (abiotic) પ્રક્રિયાઓને આધારે અસ્તિત્વમાં આવ્યું હોય તો પછી બીજી અન્ય જગાએ પણ તે શક્ય બને જ્યાં આવી પ્રક્રિયાઓ થતી હોય. જ્યાં રાસાયણિક અને જૈવિક ઉત્ક્રાંતિ જીવનને અનુકૂળતાઓ કરી આપે ત્યાં તેમ થવું જ જોઈએ. આથી જીવન એ ભૌતિકશાસ્ત્રના નિયમોનું અનિવાર્ય પરિણામ બની શકે છે.

આ વિરાટ વિશ્વમાં અંદાજે સો અબજ તારાવિશ્વો છે. આપણા તારાવિશ્વ (આકાશગંગા)માં આશરે બસો અબજ તારાઓ છે. બીજાં તારાવિશ્વો માટે પણ એમ જ ગણી શકાય. જીવનના અસ્તિત્વનું આતિથ્ય કરી શકે તેવા ઘણા બધા ગ્રહો હોઈ શકે છે. ખુદ આપણા તારાવિશ્વમાં એકથી માંડી દસ લાખ ગ્રહો એવા હોવા જોઈએ જ્યાં જીવન સંભવિત બની શકે છે. ઘણા ગ્રહો ઉપર જીવન મુશ્કેલ છે કારણ કે જીવનનું મૂળ દુષ્કર (અસંભવિત) ઘટના છે. સંસ્કૃતિઓ વચ્ચે પ્રગત ટેક્નોલૉજિ હોવા છતાં સંદેશાની આપણે દુર્લભ (લગભગ પ્રતિબંધિત) છે. આ સંસ્કૃતિઓ પ્રગત ટેક્નોલૉજિને આધારે કુદરતી કે આપ (માનવ)-સર્જિત આપત્તિ સામે જીવંત રહી શકે છે.

જીવન ગમે તે પ્રકારનું હોય પણ તેનું અંતિમ પરિણામ વિલોપન છે. તેથી જ તો કુદરતી કે આપસર્જિત આપત્તિઓનાં જીવનના લોપ (વિનાશ) પરત્વે ફાળો નહીંવત છે. આપણી

પૃથ્વીનું ઉદાહરણ લઈએ. સિંધુ, નાઈલ, હોઆંગહો અને યુફ્રેટિસ-ટૈગ્રિસની સંસ્કૃતિઓ કેટલું ટકી? આજની પ્રગત ટેક્નોલૉજિની સંસ્કૃતિ બનવા જોગ છે કે થોડીંક હજારેક વર્ષો વધારે સમય માટે ટકે. સંસ્કૃતિ ભલે તે નદીઓની હોય કે ટેક્નોલૉજિની હોય પણ તેમની આવરદા વૈશ્વિકકાળની સાપેક્ષે અતિઅલ્પ ગણાય. આવા અલ્પ સમયગાળા દરમિયાન, જો હોય તો કોઈ અન્ય સંસ્કૃતિનો સંકેત મેળવવાનું લગભગ અસંભવિત છે, પણ તેથી હાથ જોડીને બેસી રહેવાય નહીં. શોધ જ કરવામાં ન આવે તો કશું જ પ્રાપ્ત નહીં થાય. આથી પાર્થિવેતર જીવનની ખોજ માટે સર્વાંગી પ્રયાસો કરવા રહ્યા.

પૃથ્વી ઉપરના જીવનને ઝીણવટપૂર્વક તપાસવાની જરૂર ખરી. પૃથ્વી ઉપરનું જીવન મહદંશે કાર્બન અને જળ (પાણી) પર આધારિત છે એટલે અન્ય ગ્રહો ઉપર, જો હોય તો, જીવનનાં પાયો તો કાર્બન અને જળ હોય તેવી ધારણા કરી શકાય. કાર્બન ચતુઃસંયોજક (tetravalent) છે અને સિલિકન પણ ચતુઃસંયોજક છે. તો પછી સિલિકન અને જળ આધારિત જીવનનાં વિચાર કરી શકાય. આથી અન્ય ગ્રહો ઉપર સિલિકન અને જળ આધારિત જીવનની શક્યતા નકારી શકાય નહીં. અન્ય ગ્રહ ઉપર જીવન હોય તો પણ તે આપણા જીવન જેવો આકાર અને રચના ન ધરાવે તેવું પણ બની શકે. ટૂંકમાં જીવનની ખોજ કરવી હોય તો જીવન શું છે તે પહેલાં જાણી લેવું જોઈએ.

જીવન માટે પ્રજનન અને ચયાપચયની પ્રવૃત્તિઓને સંતોષવી જોઈએ. અને આવી પ્રક્રિયાઓ દ્વારા જીવન પરિવર્તનશીલ હોવું જોઈએ. આજ સુધીના પ્રયોગો દર્શાવે છે કે જીવ(ન)માંથી જીવ(ન)નો પ્રભવ થાય છે. રસાયણવિદો પ્રોટીન, એમિનો એસિડ, ડીએનએ, આરએનએ અને જીવન માટે જરૂરી હોય તેવા અન્ય જટિલ અણુઓ તૈયાર કરવામાં સફળ થયા છે. પણ આ બધા જરૂરી ઘટકોનું સંયોજન કરીને જીવંત રચનાનો કોષ તૈયાર કરવામાં સફળ થયા નથી. એટલે કોષનું અજૈવિક સંશ્લેષણ કદાચ જીવનના મૂળ માટે કડીરૂપ બની શકે. રાસાયણિક ઉત્ક્રાંતિના અંતિમ ઉત્પાદોમાંથી પ્રથમ કોષની રચનાની સંભાવના થકી નક્કી કરી શકાય કે અન્યત્ર જીવનનું અસ્તિત્વ છે કે નહીં. આવું વિશ્વના કોઈક ખૂણે બનતું હોવું જોઈએ.

પાર્થિવ જીવનમાંથી ઘણું બધું જાણવા મળે છે. તે વધુ વિસ્તૃત વિચારવિમર્શ માગી લે છે. સમુદ્રના ઊંડાણે આવેલા અવસાદના હાર્દમાંથી મળતા જીવાવશેષને આધારે જાણી શકાય તેમ છે કે યુગોથી જીવન ઉત્ક્રાંત થઈ સરળમાંથી જટિલ રચના ધારણ કરી છે. આ જીવાવશેષોને આધારે લાગે છે કે પૃથ્વી ઉપર જીવન આશરે ૩.૫ અબજ વર્ષ પહેલાં શરૂ થયું હશે. જીવનની જટિલતા સમય સાથે કૂદકે ને ભૂસકે વધતી જાય છે.

બીજું જ્યાં જ્યાં જીવનને પોષણયુક્ત પરિસ્થિતિ અનુકૂળ બને છે ત્યાં ત્યાં જીવન શક્ય છે. જૈવ વૈવિધ્ય વિશાળ છે અને તે ભિન્ન ભિન્ન પર્યાવરણમાં જોવા મળે છે. જેમ કે એન્ટાર્કટિકા (ધ્રુવીય પ્રદેશ)માં સમુદ્રના તળિયે ઉષ્ણજલીય મુખ ((vents) જ્યાં પ્રકાશ ન મળવાને કારણે પ્રકાશ સંશ્લેષણ થતું નથી. અહીં જીવનના વિકાસ માટે જરૂરી ઊર્જાની કુદરતે વ્યવસ્થા કરેલી છે. જો આવા વિકાસને ટકાવી રખાય તો અસંખ્યાબંધ જાતિઓનો ઝડપી વિકાસ થાય છે. બધી પરિસ્થિતિઓ અનુકૂળ હોય તો એક જ બેક્ટેરિયામાંથી અઠવાડિયામાં બેક્ટેરિયાની કોલોનીઓ તૈયાર થાય છે. જ્યાં જીવન છે ત્યાં પ્રચુર માત્રામાં છે.

ઉલ્કાપિંડોના અભ્યાસે પૂર્વ જૈવ રસાયણશાસ્ત્ર બાબતે નિર્ણાયક દિશાસૂચન કર્યું છે. ઓસ્ટ્રેલિયાના મર્કાસન ઉપર ૧૯૬૯માં જે કાર્બનયુક્ત ઉલ્કાપિંડ પડ્યો તેણે અજૈવિક સંશ્લેષણની મહત્ત્વની કડી પૂરી પાડી છે. આ ઉલ્કાપિંડ સૌરમંડળની જ્યારે રચના થઈ તે સમયનો લાગે છે. તે કાર્બન અને જળયોજિત ખનિજો ઉપરાંત કેટલાક એમિનો એસિડ ધરાવે છે. વૈજ્ઞાનિક પુરાવા મળી રહ્યા છે કે તે પાર્થિવ સંદૂષકો નથી.

યુરી-મિલર સંશ્લેષણ દ્વારા કાર્બન ડાયોક્સાઈડ (CO_2), મિથેન (CH_4) અને પાણી (H_2O) જેવા જટિલ અણુઓ અજૈવિક પ્રક્રિયાથી મેળવવા સરળ છે. અજૈવિક પ્રક્રિયામાંથી જૈવિક પ્રક્રિયા શરૂ થવા માટે હજુ ઘણો વધારે સમય લાગે તેમ છે. સૌર મંડળની રચના અંદાજે ૪.૬ અબજ વર્ષ પહેલાં થઈ હોવાનું મનાય છે. ત્યાર બાદ ગ્રહાણુઓની સંઘાતીય અભિવૃદ્ધિથી પૃથ્વીની રચના થઈ. શરૂઆતમાં પૃથ્વીનું તાપમાન ઘણું ઊંચું હતું. અવસાદી નિક્ષેપમાંથી મળતા પુરાવા પરથી જાણી શકાયું છે કે પૃથ્વીનો પોપડો પૂરતો ઠંડો પડ્યો અને પછી પ્રવાહી જળ સંભવિત બન્યું. આ બધું આશરે ચારેક અબજ વર્ષ પહેલાં બન્યું હશે. આ પછી બીજી આફત આવી. પૃથ્વી ઉપર ગ્રહાણુઓનો મારો શરૂ થયો અને લાંબા સમય સુધી ચાલુ રહ્યો. પાછળથી થયેલો ગ્રહાણુઓનો મારો આપત્તિજનક પુરવાર થયો જે દરમિયાન જીવનની રચના અને સંરક્ષણ શક્ય ન બન્યું. પણ એવા જીવાવશેષીય પુરાવા ઉપલબ્ધ છે કે પૃથ્વી ઉપર કોષ આ સમયે અથવા થોડાક સમય બાદ બન્યો હોય.

આ સંદર્ભમાં હેલમોલ્ટ્ઝ અને અર્હેનિયસે એક આવી પરિકલ્પના રજૂ કરી. જો જીવનનાં બીજ વિશ્વમાં સર્વત્ર હોય તો જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જીવનને અનુકૂળ પરિસ્થિતિઓ પેદા થાય ત્યાં ત્યારે જીવન શક્ય બને. તે આપણા ગ્રહમંડળ અને તેની બહાર પણ સાચું છે. વિશ્વવિખ્યાત ખગોળવિદ્ ફ્રેડ હોઈલ અને વિક્રમસીંઘે (શ્રીલંકા) આ પરિકલ્પનાની તરફેણ કરી છે.

આ રીતે સૌરમંડળના વિવિધ ગ્રહો અને પિંડોનું સર્વેક્ષણ

કરવામાં આવતાં માલૂમ પડે છે કે ચંદ્ર, મંગળ, યુરોપા, ટિટાન, ક્યુઈપર પટ્ટામાં ધૂમકેતુઓ અથવા ઉર્ટ (O-ort) નાં વાદળોમાં તેમની સપાટી ઉપર અથવા થોડેક ઊંડે થીજેલું પાણી હોઈ શકે છે. જો કે ઘણા સમયથી મનાતું હતું કે ચંદ્ર ઉપર ન તો પાણી છે કે ન તો કાર્બનિક દ્રવ્ય છે. પણ તાજેતરમાં નાસાના પ્રોસ્પેકટ મિશનથી, ખાસ તો ચંદ્રની ધ્રુવીય ગર્તાઓમાં થીજેલા પાણીની ભાળ મળતાં ભારે ઉત્તેજના ફેલાઈ છે.

મંગળની સપાટીનાં લક્ષણો અપવાહ વાહિકાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે. ઘણા સમય પહેલાં ત્યાં પ્રવાહી પાણી મોટી મોટી નદીઓના સ્વરૂપે વહેતું હોવું જોઈએ. આ તો દૂરના ભૂતકાળની વાત થઈ. આજે પણ થીજેલું પાણી પ્રતિત થાય છે. મંગળ ઉપર ભૂતકાળમાં જ્વાલામુખીય પ્રક્રિયાઓ વિશેષ પ્રમાણમાં થતી રહી જેનાથી અનુકૂળ પર્યાવરણં સર્જાયું અને જીવનના અસ્તિત્વ માટે ઉષ્માનો તે રીતે બંદોબસ્ત થયેલો. મંગળજન્ય કાર્બનયુક્ત કણોના ઉલ્કાપિંડના (જે એન્ટાર્ટિકાની એલન હિલ્સ ઉપરથી મળી આવ્યા છે) વૈજ્ઞાનિક અભ્યાસથી મંગળ ઉપર જીવનની શક્યતાઓ પુનઃપ્રેરિત થઈ છે. તે છતાં, થોડીક શંકા એ જાય છે કે પીએ.એચ. (Polycyclic Aromatic Hydrocarbons) અને કાર્બોનેટ કણિકાઓનું મૂળ જૈવિક છે કે રાસાયણિક - તેના અભ્યાસથી મંગળ ઉપર જીવનની ખોજ માટે નવેસરથી રસ જાગૃત થયો છે. મંગળ ભણી ૧૯૭૬-૭૭માં મોકલેલા વાઈકીંગ મિશન ઉપરથી મંગળ ઉપર બેકટેરિયાને લગતી કોઈ પણ પ્રવૃત્તિ થતી હોય તેવા કોઈ પુરાવા મળ્યા નથી. તો પછી મંગળ ઉપર જીવંનની શક્યતા કેટલી ? તે છતાં, મંગળની ભૂમિનું અન્વેષણ અને વિશ્લેષણ જીવનના પુરાવા માટે જરૂરી છે.

યુરોપા અને જેનીમિડ ઉપરનું પર્યાવરણ જીવન ટકાવવા માટે ઉપયોગી નથી. યદ્યપિ ઉપસપાટી-બરફની હાજરી કોઈક કાળે પ્રવાહી સ્વરૂપમાં રૂપાંતર પામે. પણ નેપ્ચૂનની કક્ષાની પેલે પારનાં ક્યૂઈપર-પટારૂપ ધૂમકેતુઓ સહેજ લાલાશ બતાવે છે, જે સામાન્યતઃ અકાર્બનિક અણુઓમાં હોતી નથી. ધૂમકેતુઓ જટિલ કાર્બનિક અણુઓ જેવા કે આલ્કોહોલ અને ફાર્મલ્ડિહાઈડ ધરાવે છે. આ ઉપરથી વિક્રમસીંધે સૂચન કર્યું છે કે, ઉપર્યુક્ત લાલાશ કોઈ કાર્બનિક અથવા બેક્ટેરિયામય રંગદ્રવ્યને કારણે હોઈ શકે છે. આ હકીકતથી ધૂમકેતુના અભ્યાસમાં ભરતી આવી છે.

શનિના ઉપગ્રહ ટિટાનના વાતાવરણમાં નાઇટ્રોજન (N_2), મિથેન (CH_4), પાણી (H_2O)ની હાજરી જણાઈ છે. આ વાતાવરણ પૃથ્વીની રચના સમયે જેવું વાતાવરણ હતું તેવું છે. બંને વાતાવરણ વચ્ચે તફાવત એ છે કે ટિટાન ઉપર તાપમાન ઘણું નીચું છે.

આ સિવાય સૌર મંડળમાં ક્યારેય જીવનના અસ્તિત્વ માટે જરૂરી એંધાણ મળ્યાં નથી. તે રીતે પૃથ્વી અદ્વિતીય ગણાય. જીવનના અસ્તિત્વના નિર્ણાયક પુરાવા ભવિષ્યમાં મળે તેવાં આશાવાદ આજે અસ્થાને નથી.

અહીં સુધી બધી વાત આપણા સૌરમંડળની અંદર આવેલા ગ્રહો અને ઉપગ્રહોની થઈ. સૌરમંડળની બહાર ડોકિયું કરવું આવશ્યક છે. આપણા સૌરમંડળની બહાર ગ્રહો અને પ્રોટોપ્લેનેટરી (આદિગ્રહીય) તકતીઓની ભાળ મળે છે. અત્યાર સુધીમાં આવા એક ડઝન તારાગ્રહીય મંડળો શોધાયાં છે. તારાની કક્ષાને લાગતા આંચકા ઉપરથી તેમના અસ્તિત્વનું નિષ્કર્ષ મળે છે. ગુરુના જેટલા કે તેથી વધુ કદ ધરાવતા ગ્રહો શોધાયા છે. તેમાંના કેટલાક ભૂખરા (brown) વામનો પણ હોઈ શકે છે. કેટલાક પૃથ્વીથી મોટા છે. એટલું જ નહીં પણ તેમનો આવર્તકાળ ઓછો છે અને મધ્યસ્થ તારાના સામીપ્યમાં સ્થાન ધરાવે છે. જેથી કરીને જીવનને ટકાવી રાખે તેવું તાપમાન તે ધરાવી શકે. મધ્યસ્થ તારાથી અનુકૂળ પરિસ્થિતિ ધરાવતું સ્થાન એટલે જ્યાં પાણી પ્રવાહી સ્વરૂપે ઉપલબ્ધ થાય. શક્ય છે તેમાંથી કેટલાંક સ્થાન (ગ્રહ) જીવન ટકાવવા માટે અનુકૂળ પરિસ્થિતિ ધરાવતાં હોય. જેમ કે છ પ્રકાશવર્ષના અંતરે આવેલ બર્નાડતારો તેની આસપાસની કક્ષામાં ભ્રમણ કરતો ગ્રહ ધરાવે છે.

51 Pegasus તારો ગુરુના અડધા કદનો ગ્રહ ધરાવે છે, જે આ તારાની અત્યંત નજીક આવેલ કક્ષામાં ભ્રમણ કરે છે.

Cygમાં અને 47u Majoris ગુરુ કરતાં ૧.૬ અને ૨.૪ ગણા વધારે મોટા ગ્રહો ધરાવે છે. તેમની કક્ષાઓ આ તારાઓથી પ્રમાણમાં વધારે દૂર છે. સૂર્યની આસપાસ મંગળની કક્ષા જેટલી અને જેવી કક્ષાઓ તેઓ ધરાવે છે. આ ગ્રહો ઉપરની પરિસ્થિતિ કદાચ જીવન માટે અનુકૂળ હોય કે બને. પલ્સાર નજીક પણ ગુરુ જેવા પિંડ દેખાય છે.

સૌરમંડળની બહારના આવા ગ્રહોની (તેમના પિતૃતારાથી) કક્ષાઓ ભલે પૃથ્વીની કક્ષાથી વધુ-ઓછી હોય, દળ વધુ-ઓછાં હોય પણ જીવન માટે પર્યાપ્ત પરિસ્થિતિ ધરાવે છે. એટલે તેની ખોજનું મહત્ત્વ છે.

પાર્થિવ ગ્રહીય અન્વેષક (Terrestrial Planetary Explorer) ૬ મીટરના દૂરબીન અને ફોટોમેટ્રિક તકનીક વડે પૃથ્વી જેવા ગ્રહની ભાળ મેળવવા પ્રયત્ન કરશે. આ અન્વેષક વડે સંભવતઃ ગ્રહીય ભૂસ્તરશાસ્ત્ર અને વાતાવરણના ઘટકોની માહિતી સાંપડે. પાર્થિવેતર સજીવસૃષ્ટિની ખોજ માટે 'સેટી' (Searsh for Extra Terrestrial Investigation) પ્રકલ્પ પૃથ્વીની બહારના જીવન માટે વધુ પ્રકાશ પાડી શકે. ૧૯૬૦માં પ્રોજેક્ટ ઓઝમા દ્વારા રેડિયો-સંદેશાવ્યવહાર સ્થાપિત કરવા માટે ૮૦ પ્રયાસો થયા છે. જુદાં જુદાં રાષ્ટ્રોમાં રેડિયો-દૂરબીન વડે પણ આવા પ્રયાસો થયા છે. હજુ સુધી વિશ્વના કોઈ પણ

ખૂણેથી સંકેતો મળ્યા નથી. વધુ સંવેદનશીલ ઉપકરણો અને પ્રચુર પ્રયત્નો સામે પાર્થિવેતર જીવનની શોધ ચાલુ જ છે. દૂર દરાજના સ્થળોથી, જો આવે તો, સીધે સીધા સંદેશાને આવતાં બેશુમાર સમય લાગે. આપણી તરફ તકાયેલા રેડિયો-સંકેતોની પ્રતીક્ષા કરતા રહેવું. આજ સુધીમાં જે સંવેદિતા સિદ્ધ કરી શકાઈ છે તેમાં પ્રતિ ચોરસ મીટરે ૧૦$^{-૨૨}$ અને ૧૦$^{-૨૬}$ વૉટ વચ્ચેની ઊર્જા રહી છે. તાજેતરમાં તેથી'ય વધુ સંવેદનશીલ શોધ જે 'સેટી' સંસ્થાના ફીનીક્ષ-પ્રોજેક્ટમાં સમાવિષ્ટ છે તેમાં ૧.૨થી 3 GHz આવૃત્તિનો ઉપયોગ થયો છે. અહીં ૨.૮ કરોડ ચેનલોવાળા વર્ણપટમાપક વડે 1 Hz વિભેદન પ્રાપ્ત કરી શકાયું છે. 3x10^{-25} વૉટ પ્રતિ ચોરસમીટર સંવેદિતા સાથે ફીનીક્ષ પ્રકલ્પમાં સૂર્ય જેવા ૨૦૦ તારાઓનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે. ૬૪ મીટર વ્યાસવાળા પરવલયાકાર ડીશ-એન્ટેના વડે પર્કસ (ઑસ્ટ્રેલિયા)માં 'સેટી' સંસ્થા ૦ થી ૪૦° સે. ઉષ્ણતામાન વચ્ચે ૮૦૦ જેટલા તારાઓના અભ્યાસની ઉમ્મીદ ધરાવે છે. તેથી ય વધુ સંવેદિતા સાથે આર્જેન્ટિના, ઑસ્ટ્રેલિયા, ઈટલી, ફ્રાંસ અને યુ.એસ.માં 'સેટી' પ્રકલ્પ દ્વારા પ્રયાસો થઈ રહ્યા છે.

તાજેતરમાં નારાયણગાંવ (પૂણે નજીક) ખાતે જી. એમ. આર. ટી. (Giant Meterwave Radio Telescope - GMRT)ની સ્થાપના કરવામાં આવી છે. સેટી-સંકેતો મેળવવા માટે આ ખૂબ જ શક્તિશાળી યોજના છે. જી.એમ.આર.ટી.માં ૪૫ મીટર વ્યાસના સંપૂર્ણ રીતે ઘૂમી શકે તેવા 30 ઍન્ટેનાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેના વડે ૯૦% આકાશનું નિરીક્ષણ શક્ય છે. ૩૮થી ૧૪૩૦ MHz આવૃત્તિ વચ્ચે કાર્ય કરતો આ ટેલિસ્કોપ વિશ્વમાં સૌથી મોટો છે પણ પાર્થિવેતર જીવનની ખોજ માટે ઉત્કૃષ્ટ સુવિધા પૂરી પાડે તેમ છે. તે માટે ૦.૫ MHz વિભેદન સાથે 128x10^6 ચેનલવાળો સ્પેક્ટ્રોમીટર બનાવવો જરૂરી છે.

વધુમાં ફાયદો એ છે કે ભારતમાં રેડિયો ઘોંઘાટ ઘણો ઓછો છે. આ લાભ સાથે ભારતમાં પાર્થિવેતર જીવનની શોધ થવી જોઈએ. ભારતમાં બીજા પ્રયોગો પણ હાથ ધરી શકાય તેમ છે. મુર્ચિસન ઉલ્કા પિંડે આપણા ખ્યાલો જ બદલી નાખ્યા છે. બાહ્ય અવકાશના જટિલ અણુઓના અજૈવિક સંશ્લેષણે મજબૂત પુરાવા પૂરા પાડ્યા છે. તાજા તાજા ઉલ્કાપિંડોની શોધ અને તેમના વિશ્લેષણથી પાર્થિવેતર જીવનનો કોયડો સરળ અને અસરકારક બની શકે તેમ છે. ભારતના ઉપગ્રહો વડે ઉલ્કાપિંડના પથચિહ્ન (trail)ની તસ્વીરો લેવાનો કાર્યક્રમ તૈયાર કરવો જોઈએ. કારણ કે દર વર્ષે પૃથ્વી ઉપર ૧૦-૨૦ ઉલ્કાપિંડો પડે છે. તસ્વીરને આધારે આવા ઉલ્કાપિંડ પુનઃપ્રાપ્ત કરવાની તકો ભારતમાં સુંદર છે. તેમાંનો કોઈ એક ઉલ્કાપિંડ અદ્વિતીય પુરવાર થાય તો કમ સે કમ તે આપણા સૌરમંડળમાં જીવનના મૂળ સુધી પહોંચવા સમજવા માટે જરૂરી પ્રકાશ પાડી શકે.

જો કે પાર્થિવેતર જીવન માટેના પુરાવાઓની ગેરહાજરીમાં, આવા જીવનની શોધનો વિષય મંત્રમુગ્ધ કરે તેવો છે. શોધિત-વર્ધિત ટેક્નોલૉજિને આધારે એકવીસમી સદીમાં આ સમસ્યાનો કોઈ હલ નીકળે ત્યારે જ કહી શકાય કે વિશ્વમાં માનવ તરીકે આપણે એકલા જ છીએ કે પછી બાહ્યાવકાશમાં આપણા સાથીદારો આપણા સંદેશાની રાહ જોતા બેઠા છે. □

પ્રસંગપરાગ

ગુરુદયાલ મલ્લિકની નિરાભિમાનિતા

કરુણાશંકર મ. જોષી

નવપ્રસ્થાન કરતી મણિનગર વિસ્તારની એક કન્યાશાળામાં. હું નવો નવો વ્યાયામ અને ચિત્રના શિક્ષક તરીકે નિમાયેલો.

શાળાનો સમય બપોરના ૧૧થી ૫ સુધીનો. વ્યાયામના તાસ સામાન્ય રીતે બપોરના ત્રણ પછી હોય, પરંતુ ચિત્રકામના તાસ મોટે ભાગે, નાની અને મોટી રિસેસ બાદ કરતાં ૧૧થી ૩ના સમયગાળામાં.

ચિત્રકામનો એક તાસ પૂરો કરી હું શિક્ષકખંડમાં પ્રવેશ્યો. મેં ક્યારેય નહીં જોયેલા, બેઠી કાયાના વયોવૃદ્ધ સજ્જન, સાવ સાદા ખાદીના વેશમાં, ઉજ્જ્વળ લલાટવાળા સાથે અમારાં આચાર્યા બહેને મારી ઓળખાણ કરાવી કે અમારી શાળાના સહુથી નાની વયના શિક્ષક.

એ અજાણી વ્યક્તિ મને ઓળખે નહીં. છતાં બાળસહજ હાસ્ય સાથે સ્ફૂર્તિથી ઊઠી પાસે આવી મને હોંશભર ભેટી પડ્યા. ચૉકવાળા હાથ સાફ કર્યા વગર, આગંતુક મુરબ્બી સાથે હસ્તધનૂન કરવું કે નહીં, એવું હું વિચારતો જ રહી ગયો. ભેટીને તેમણે મને હેતથી થાબડ્યો.

મહાનુભાવ હતા શ્રી ગુરુદયાલ મલ્લિકજી. કવિવર ટાગોરના શાંતિનિકેતનના એક વખતના સહકાર્યકર, અંગ્રેજીના ખ્યાતનામ અધ્યાપક, ઉચ્ચ સાહિત્યસર્જક, ભારતીય સંસ્કૃતિના પ્રખર ચાહક, સાદું સરળ જીવન જીવનાર, વયમાં મારા કરતાં બે ગણાથી વધુ, છતાં સાવ નિરાભિમાની ને નિર્મળ, જલદી મિત્ર થનાર.

માધ્યમિક શિક્ષકમાંથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક, કૉલેજ અધ્યાપક અને અનુસ્નાતક અધ્યાપક, એમ કુલ ૩૫ વર્ષના મારા અધ્યાપનકાર્યના સમયમાં આવો કોઈ નિખાલસ માનવ જોયો-અનુભવ્યો નથી.

જ્યારે જ્યારે મને એ પવિત્ર પ્રસંગ યાદ આવે કે ગુરુદયાલ મલ્લિકજીનું નામ કે લખાણ નજરે ચડે કે તરત જ મારામાં સહેજ પણ અભિમાન ન આવી જાય તેની હું તકેદારી રાખવાનો પ્રયત્ન કરું છું. તેમની ભેટે મને જ્ઞાન ભેટ આપ્યું કે, જીવમાત્ર સહુ સરખા છે, ઈશ્વરના જ અંશ છે. કોઈ ઉચ્ચ નથી કોઈ નીચ નથી. ખરેખર આ બધું ઈશરૂપ છે. તત્ત્વજ્ઞાનના અધ્યાપકને ભેટપ્રયોગથી સામ્યનું તત્ત્વજ્ઞાન લાધ્યું. □

વડનગરનું ક્ષત્રપકાલીન શિલ્પ એક નવીન ઉપલબ્ધિ

મુનીન્દ્ર વેણીશંકર જોશી

ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં વડનગરનાં સ્થાન, પ્રદાન વિષે ઘણી વિગતો પ્રસિદ્ધ થયેલી હોઈ તેની પુનરાવૃત્તિની આવશ્યકતા જણાતી નથી. પરંતુ અત્રે ચર્ચિત શિલ્પના સમયાંકનને ધ્યાનમાં લેતાં વડનગરથી પ્રાપ્ત ઈસુની શરૂઆતની સદાઓનાં નોંધપાત્ર શિલ્પો વિષે જોઈએ તો વડનગરના ઉત્ખનનમાંથી પ્રાપ્ત માતા અને શિશુનું પારેવા પથ્થરનું શિલ્પ, ઘાંસકોળ દરવાજા બહાર ખેતરમાંથી નીકળેલ ઈસુની પાંચમી સદીનું પારેવા-પથ્થરનું એક મુખલિંગ, તાજેતરનાં વર્ષોમાં ગામબહારના ખેતરમાંથી નીકળેલું મથુરાશૈલીની રતાશ પડતા પથ્થરની બોધિસત્ત્વની ૨-૩જી સદીની સલેખ પ્રતિમા ઉલ્લેખપાત્ર ગણી શકાય.

વડનગર મુકામે શ્રી હાટકેશ્વર મહાદેવ તથા ત્યાંના પરિસરમાં આવેલ મંદિરસમૂહના અભ્યાસ દરમિયાન એક નાની દેરીની બહાર અત્રે ચર્ચિત શિલ્પ આ લખનારના ધ્યાન પર આવ્યું. કાલબળના પરિણામે લાગેલ ઘસારો, વાતાવરણની થયેલી અસર ઉપરાંત ખંડિત શિલ્પને પાછળના સમયમાં લગાવેલ સિમેન્ટને કારણે પણ કેટલીક વિગતો મળી શકે તેમ નથી. આમ છતાં શિલ્પની કલાશૈલી, બેસવાની લઢણ, દેહસૌષ્ઠવ વગેરેના પ્રથમદર્શી અભ્યાસથી પણ આ શિલ્પ માત્ર વડનગરના જ નહીં, પરંતુ ગુજરાતના શિલ્પજગતમાં નોંધપાત્ર મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

પારેવા પથ્થરમાંથી કંડારેલ આ શિલ્પનું માપ : ૦.૧૨.૫ x ૦.૧૦ x ૦.૩.૫ સે.મી. છે. શિલ્પ ઘસાયેલું હોઈ હાથમાં ધારણ કરેલી વસ્તુ સ્પષ્ટ ન હોઈ તે કયા દેવનું છે તેની તરત ઓળખ શક્ય નથી. દેવ ઊંચા આસન પર પર્યંકાસને બિરાજેલ છે. મસ્તકના પૃષ્ઠ ભાગે પદ્મપત્રની ભાતયુક્ત પ્રભામંડળ જણાય છે. ચોરસ મુખાકૃતિ, લાંબા કાન તથા ગળામાં હાર ધારણ કરેલો છે. દ્વિભૂજ દેવનો વામ હસ્ત પોંચીથી ખંડિત હોઈ ધારણ કરેલ વસ્તુની વિગત પ્રાપ્ય નથી. જ્યારે દક્ષિણ કરે ધારણ કરેલ વસ્તુ પણ અસ્પષ્ટ હોવા છતાં હથેળીની નીચેના ભાગે પદ્મકંદનો ભાગ હોવાનું જણાય છે. બન્ને હાથ પગના ઘૂંટણ પર ટેકવેલ છે. બન્ને હાથની સ્થિતિ જોતાં સામાન્યતયા સૂર્યપ્રતિમાઓમાં જોવા મળતી શૈલીને એ અનુરૂપ છે. મસ્તક પરની કેશકલા પણ પ્રાચીન પરિપાટીની ઘોતક છે.

પ્રસ્તુત શિલ્પ ઉપર જણાવ્યા મુજબ ખંડિત, ઘસાયેલ હોવા સાથે અસ્પષ્ટ વસ્તુ વગેરેને કારણે અન્ય વિગતો ઉપલબ્ધ નથી. પરંતુ તેની કલાશૈલી પરથી વ્યક્ત થતી તેની પ્રાચીનતાને કારણે નોંધપાત્ર તો છે જ. પ્રતિમાના સમયાંકનની વિચારણા કરતાં અને બેસવાની લઢણ, પદ્મપત્રનું સંભવિત પ્રભામંડળ તથા દક્ષિણ કરમાં ધારણ કરેલ વસ્તુ પદ્મ હોવાનું ગણીએ તો પ્રતિમા સૂર્યની હોવાનું જણાય છે. પ્રતિમાનાં વિસ્ફારિત, મોટાં નેત્રો, દેહસૌષ્ઠવ, બેસવાની લઢણ, મુખાકૃતિ અને કેશકલા મથુરા સંગ્રહાલયની એક



સૂર્યપ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. ગુજરાતમાંથી અગાઉ નોંધાયેલ આ સમયગાળાની સૂર્યપ્રતિમાઓ દોલતપુર (કચ્છ) અને જૂના સોજા (મહેસાણા જિલ્લો)માંથી મળેલ છે. આ બન્ને શિલ્પમાં માત્ર દેવનો મસ્તકભાગ જ અવશિષ્ટ છે. આ બન્ને શિલ્પમાં શીશ પર કુષાણ શૈલીનો ટોપાઘાટનો મુકુટ છે. જ્યારે વડનગરના દેવશિર્ષ પર લાંબા વાળ છે, જેની શૈલી ઉપર વર્ણવેલ મથુરાની સૂર્યપ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. જ્યારે આંખોના કંડારકામની શૈલી લગભગ એકસરખી છે. મુખાકૃતિનો ચોરસ ઘાટ પણ મથુરા સંગ્રહાલયની સૂર્ય. પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે. ગળામાં ધારણ કરેલ હાર વગેરે આભૂષણની પરિપાટીમાં પણ સામ્ય છે. આમ છતાં મથુરાની પ્રતિમાનું પ્રભામંડળ સાદું છે, જ્યારે વડનગરના આ શિલ્પના પ્રભામંડળમાં પદ્મપત્ર ભાતના અંકન છે. આમ બન્ને શિલ્પોના અભ્યાસથી એટલું તો સ્પષ્ટ થાય છે જ કે વડનગરની પ્રતિમા પણ મથુરાશૈલીની પરિપાટીમાં ઘડાયેલ છે. બન્ને પ્રતિમાઓના તુલનાત્મક અભ્યાસ પરથી વડનગરનું શિલ્પ ઈસુની રજી સદીથી પાછળના સમયનું તો નથી જ. આમ, વડનગરના શિલ્પની ઓળખ સ્પષ્ટ ન હોવા છતાં ગુજરાતની શિલ્પસમૃદ્ધિમાં ઈસુની શરૂઆતની સદીઓનાં શિલ્પોની સંખ્યા જોતાં અને વડનગરના કલાઇતિહાસની દૃષ્ટિએ પણ આ શિલ્પ ગણનાપાત્ર છે. શિલ્પની ઓળખ અંગે અન્ય સંભાવના અંગે પ્રસિદ્ધ કલાવિદ્‌શ્રી રવિ હજરનીસના મતે મસ્તક પાછળ નાગછત્ર હોઈ સદરહુ પ્રતિમા નાગરાજની હોવાનું ચર્ચા દરમિયાન જણાવેલ છે. □



સંમુખ સાગરમઠ-૧૭

શિગાત્સેની એક માર્કેટમાં

— પ્રીતિ સેનગુપ્તા —

સામ્યવાદી દેશોમાં મોટી મોટી ઈમારતો બાંધવા પ્રત્યેનું આકર્ષણ અપ્રચ્છન્ન હોય છે. વિશાળ 'સામ્રાજ્ય' સોવિએત યુનિયનની વાત કરો, કે રુમેનિયા ને બલ્ગેરિયા ઇત્યાદિ નાના દેશોની - સરકારી મકાનો અત્યંત બૃહત્પ્રમાણનાં હોવાનાં. ચીનમાં પણ આ જ હકીકત સર્વ સ્થાને જોવા મળે છે. આ શિગાત્સે જેવા તિબેટી શહેરમાં પણ હોટેલ જુઓ તો દેખાતી ઘણી જ મોટી. એનું કમ્પાઉન્ડ મોટું, એનું મકાન મોટું, પણ સરસ કહેવા જેવું કશું નહીં.

મેં રૂમમાં સામાન મૂક્યો, તરત નીચે આવી, ને રસ્તા પર જવા માંડી. આશરે જ. જૂથના બીજા ત્રણેક જણ પણ આ રીતે નીકળેલા, એટલે હું એમની સાથે જોડાઈ ગઈ. શહેર ઘણું શાંત લાગે. વાહનો સાવ નામનાં. તે ય બધાં સરકારી જ હશે. પ્રાઇવેટ તો એકેય નહીં જ હોય, એવો જ અંદાજ આવે. અમે મુખ્ય રસ્તો ધારીને ચાલવા માંડેલાં. બંને તરફ જૂનાં, ઘટાદાર ઝાડ હતાં, એટલું સારું લાગે. બાકી શહેરનો ચહેરોમહોરો ધૂળિયો.

થોડી વારે દુકાનો શરૂ થઈ. બહાર ઘણી ચીજો લટકાવીને, ખડકીને મૂકેલી હતી; જાડાં દોરડાં, પ્લાસ્ટિકની ડોલો, પહેરવાનાં તૈયાર કપડાં, જૂતાં અને ઘણી બધી પતરાંની બેગો. આમ તો બહારથી જ જોતાં જોતાં ઝડપથી અમે ચાલતાં હતાં. સમય ઓછો હતો. બપોરના ખાણા માટે પાછું પહોંચવાનું હતું. પણ એક મોટા ડિપાર્ટમેન્ટ સ્ટોરમાં હું જરા અંદર ગઈ. ત્યાં અનેક જાતની પરદેશી વસ્તુઓ મળતી હતી : પ્રસાધન-સામગ્રી, કૉફી, પીણાં બનાવવા માટેના પાવડર, વિવિધ દારૂની બાટલીઓ, સિગારેટો વગેરે. એ બધાંનાં નામ ચીની ભાષામાં લખેલાં હતાં, એટલે આપણે તો અનુમાન કરીને જ સમજવાનું.


પંદર-વીસ મિનિટ આમ ચાલ્યાં પછી અમે બજારના રસ્તે આવી ગયાં. હારબંધ દુકાનોની વચ્ચે એક ભાગમાં પહોળાં, ઊંચાં પગથિયાં હતાં. એની ટોચે ચીની શૈલીનો, લાલ થાંભલા પર ગોઠવેલા મંડપ જેવો, સુચિત્રિત દરવાજો હતો. એ બધું જોઈને મને થયું કે મંદિર હશે. હું ઉપર ચડી ગઈ. પણ કેવી નવાઈ. ત્યાં તો એક ધૂળિયું ચોગાન હતું. થોડા છોકરાઓ દોડાદોડ કરતા હતા. પાછળ તરફનાં મકાનો શાળાનાં હશે, એમ મેં માન્યું. એટલો એ ભાગ આવો ઊંચો કેમ હશે, તે કાંઈ સમજાયું નહીં!

આખરે એક એવી માર્કેટ પાસે અમે આવી પહોંચ્યાં જેને 'ફ્રી માર્કેટ' કહી શકાય. એટલે કે ત્યાં કોઈ પણ તિબેટીને વેચાણનો ધંધો કરવા બેસવાની છૂટ હતી. અસંખ્ય સ્ટૉલ બનેલા હતા. વેચાતું હતું તો ઘણું, પણ ક્યાંય સુધી આપણા રસનું કશું ના દેખાય. તિબેટીઓના રોજિંદા જીવન માટેની વસ્તુઓ. એમાં મારી તો નજર પણ ના પરોવાય.

મને સૌથી વધારે રસ લાકકળા અને હસ્તકળાની ચીજોમાં. એવા સ્ટૉલ શરૂ થયા, એટલે ધ્યાન દોરાયું. ધાતુનાં શિલ્પ, 'થાન્કા' કહેવાતાં ધર્મ-ચિત્રો. મનમાં તો 'કેવળ જોવાનું-લેવાનો વિચાર નહીં કરવાનો' - એમ જ ધાર્યું હોય, પણ જીવ લલચાયા વગર રહે ખરો? તિબેટી બૌદ્ધ-મંદિરોમાં જોતી આવી હતી, તેવા વાડકા મને બહુ ગમેલા. એવા અહીં જોયા. લાકડાના ચપટા વાડકા, એની અંદર ધાતુનું પડ, ને નીચે કોતરણી પાડેલું ધાતુનું સ્ટૅન્ડ. એમને મેં હાથમાં લીધા, ફેરવીને જોયા, ભાવ પૂછ્યો, ને પછી ના લીધા. ગમતા હતા ખરા, પણ કશા કામમાં નહોતા આવવાના. ખરીદવાની ઇચ્છા રોકી શકવાથી મનમાં થોડું સારું પણ લાગ્યું !

વિજયનો એ ભાવ જરા પણ લાંબો ટક્યો નહીં. કેટલીક સ્ત્રીઓ નીચે બેસી ગયેલી. કપડું પાથરી એમણે જાતજાતની ચીજો વેચવા મૂકેલી - નાની ડબ્બીઓ, પેલા વાડકા, થોડી મૂર્તિઓ અને ઘરેણાં. ચાંદીનું [illegible] નહીં. હોય તો નિકલ ધાતુનું. ઘાટઘૂટ લાક્ષણિક હોય, એટલે ગમી જાય. વળી, પિરોજા અને લાલ પરવાળાંના મણકાના પેન્ડન્ટ, માળા વગેરે વધારે હોય. એ બધાં નંગ કિંમતી પણ ગણાય. આવી ચીજોએ મારી મક્કમતાને હંફાવી. પગ એ સ્ત્રીઓ પાસેથી ખસ્યા નહીં.

સામે નડતા સૂરજને માટે આંખ પર એક હાથની છાજલી કરી, ઊભડક બેસી, બીજા હાથે વીંટીઓ ને માળાઓનું પરીક્ષણ કરવું ફાવતું નહોતું. બીજી બાજુ, હોટેલ પર જવાની ઉતાવળ હતી. થોડો ભાવ કરવા મથી ખરી, પણ અન્યાય કરતાં, છેતરતાં કે ક્રૂર થતાં ફાવે નહીં, એટલે માગ્યા તેટલા ડૉલર આપ્યા. ને પછી મનોમન પસ્તાતી રહી! જલદી જલદીમાં ત્રણ વીંટીઓ પસંદ કરેલી - સાધારણ જેવી ધાતુમાં પિરોજા અને




તિબેટીઓના હસતા સ્વચ્છ ચહેરા

પરવાળાનાં નંગ જડેલાં હતાં. મનની અંદરના બુદ્ધિશાળી અંશને શંકા હતી કે એ બધી તિબેટમાં બનેલી હશે કે નહીં. આવું કામ હજી તિબેટમાં થતું હશે? કે પછી નેપાળીઓની મદદ મળતી હશે?

આ સિવાય બે ખૂબ સુંદર, પરવાળાના ગોળ મણકાના લાંબા હાર ખરીદ્યા. બંનેમાં પિરોજાના ટુકડા જડેલા સરસ, લાક્ષણિક પેન્ડન્ટ હતા. જૂના, ગંદા થયેલા દોરા ક્યાંક ક્યાંક તૂટી પણ ગયેલા. મારે એ બંનેને ફરી પોરવાવવા તો પડશે જ. તે દેખાઈ આવતું હતું. એ તો ભારતમાં આસાનીથી થઈ શકે. એ બંને હાર સ્પષ્ટ રીતે 'ઍન્ટિક' - પુરાણા હતા, તથા વિશિષ્ટ અને અસાધારણ હતા. બીજું કાંઈ ખરીદ્યું નહોતું તિબેટમાં, અને આ ખરીદી યાદગાર બની રહેવાની.

આ પછી માર્કેટમાં ખાદ્ય-સામગ્રીનો ભાગ શરૂ થયો. આમિષ સ્ટૉલની તો સામે પણ ના જોઉં, પણ માખણ ને 'ચીઝ' આપણું પનીર લગભગ - પાસે અટકી જવાયું. એમનાં મોટાં મોટાં ગચ્ચાં જોઈને નવાઈ પણ લાગી. લગભગ એકસો કિ.મી.નો ફળદ્રૂપ વિસ્તાર વળોટીને તો અમે શિગાત્સે પહોંચેલાં. ત્યાંની બધી તાજી સામગ્રીઓ શહેરની આ મોટી માર્કેટમાં વેચાવા આવતી હશે. ચીઝની સામે અમે જોતાં રહ્યાં, પણ કોઈએ ખરીદ્યું નહીં.

શાકભાજીનો વિભાગ બહુ આનંદપ્રદ હતો. બધાં શાક એકદમ તાજાં, ને દેખાવે સરસ. એથીયે વધારે તો એમનાં આકાર અને પ્રમાણ આશ્ચર્યજનક હતાં. દરેક શાક અત્યંત મોટું, કુબી જુઓ તો જાણે માટલા જેટલી મોટી, ને એવી તો વજનદાર કે મારા હાથથી તો હાલે પણ નહીં. સફેદ મૂળા તો જાણે ઠંડા જોઈ લો. 'ટર્નિપ' કે સલગમ 'કંદ એવાં મોટાં કે હાથમાં માય નહીં. પણ બટાટા નાના નાના હતા. 'નવા' કહે છે તેવા. બીજું શું હતું? હા, ચમકતી જાંબલી ત્વચાવાળાં પાતળાં, ઘણાં લાંબાં રીંગણ, એવી જ લાંબી લાંબી લીલી છાલ-વાળી દૂધી. વળી, લીલી ડુંગળીનાં બંડલ અને મોટાં મોટાં પાનવાળી જુદી જુદી જાતની ભાજી. બહુ સારાં શાકભાજી હતાં. છેક અહીં ક્યાંના ક્યાં તિબેટની ભૂમિની આટલી બધી ઊંચાઈ પણ સદી ગઈ હતી વનસ્પતિના આ વૈવિધ્યને. અંતે તો જીત કુદરતની જ હોય છે.


શિગાત્સે શહેરના મુસ્લિમ તિબેટી બિરાદર

શિગાત્સેમાં આટલું ફરતાં જોયેલું કે બધી જાહેરાતોની સંજ્ઞા ચીની ભાષામાં વધારે હતી. ક્યાંક કોઈ દુકાનનું નામ ચીની અને તિબેટી એમ બંને ભાષામાં હોય ખરું, પણ સરકારી હકુમતનું પાટિયું જ્યાં આવે ત્યાં તો ચીની ભાષા જ હોય. બંનેની લિપિમાં કશું જ સરખાપણું નથી. તેથી જ તો એમની વચ્ચેના ભેદની, તથા હાજરી-ગેરહાજરીની તરત ખબર પડી જાય. શિગાત્સેમાં ચીનીઓની ખૂબ જ મોટી વસ્તી છે, ને ચીની સરકારનો અમલ પણ કડક રીતે લદાયેલો છે. આનું પરિણામ ત્યાંના જીવન પર જરા પણ સારું નથી આવ્યું. શહેર સાવ ખાલી, ને શાંત થઈ ગયું છે. એનું નૂર જાણે જતું રહ્યું છે. પછીથી મેં અમારા ગાઈડ યુ જાલને પૂછ્યું હતું, 'આજે શું રજા છે અહીં?'

એણે જવાબ આપેલો, 'ના, ના, રજા નથી.'

તો પછી કેમ સાવ નિર્જીવ જેવા હતા શહેરના રસ્તા? ને બંધ હતાં સરકારી સંસ્થાઓનાં બારણાં?

શિગાત્સેની માર્કેટમાં એક તિબેટી સ્ત્રી મારી પાછળ પાછળ ફરતી રહેલી. લઘરવઘર દેખાવ, હાથમાં નાનું બાળક, મોઢા પર આગ્રહ ને આતુરતાનો ભાવ. મેં એને ઘણીયે ટાળી, પણ એણે મને છોડી નહીં. હાથ લાંબો કરી એ પૈસા માગતી રહી, એ જ હાથે પછી એના બાળકને ચીંધતી રહી. થાકવાનું તો મારે જ હતું. તેથી છેવટે મેં વિચાર્યું કે, 'હશે - આપું એક યુઆન એને.' પણ મારી પાસે છૂટું નહોતું. મેં ધાર્યું કે એ કારણ મને બચાવશે. પણ બોલો, એટલું અંગ્રેજી એ સમજી. એણે મને સમજાવ્યું કે, (તમારી પાસે છૂટું ના હોય તો વાંધો નહીં.) મારી પાસે છૂટું છે. એટલે મારી પાસે ભીખ માગતી એ ગરીબ, અભણ તિબેટી બાઈએ મને છૂટું આપ્યું.

મારા પાંચ યુઆનના ચાર કરીને એણે મને પાછા આપ્યા, ને એક પોતાને માટે રાખ્યો, જાણે એને મારા મનની અંદરના વિચારની ખબર હતી, કે એક યુઆન તો હું આપવાની જ હતી ને.

હું તો જ્યાં ને ત્યાં છેતરાવાની જ. તળ-પ્રજાની ઈશ્વરદત્ત હોંશિયારી મને દેશે દેશમાં મ્હાત કરવાની!

ભૂલસુધાર

ઑગસ્ટ ૨૦૦૦, પૃ.૫૨૩, માધુકરી વિભાગમાં 'શ્રીકૃષ્ણનું કુળ' એ લેખમાં છેલ્લી પાંચ લીટીમાં જ્યાં 'વાસુદેવ' છે ત્યાં 'વસુદેવ' વાંચવું અને પૃ.૫૨૪માં મથાળેથી ૧૦મી, ૧૯મી અને ૨૧મી લીટીમાં જ્યાં 'વાસુદેવ' છે ત્યાં 'વસુદેવ' વાંચવા વિનંતિ છે. આ ભૂલ કમ્પ્યૂટરને કારણે થઈ છે, તે માટે અમો ક્ષમાપ્રાર્થી છીએ. - તંત્રી

સંગીતશાસ્ત્ર - ૪૧

ડૉ. હસુ યાજ્ઞિક

ગ્વાલિયર અને આગરા ઘરાના

દિલ્હી અને ગ્વાલિયર સંગીતના ઘરાનાઓના આરંભ બિન્દુ જેવા છે. સ્વામી હરિદાસની પ્રેરણાથી ગ્વાલિયરના રાજા માન તોમરે પોતાના દરબારમાં ચાર નાયકોને સ્થાન આપ્યું. આ ચાર નાયકો તે ભાનુ, ચર્જુ, ઢૂંઢી અને ચંચલશશિ. આ ચાર કલાવંત ઘરાનાના આધાર-સ્તંભો છે. અહીં પણ ધ્રુપદનો વિકાસ થયો. મૃદંગ એમનું મુખ્ય તાલવાદ્ય. વૃજચંદ, ગોપાલ, અજમેરના સિંહલગઢના રાજા સમોખનસિંહ સ્વામી હરિદાસના મુખ્ય શિષ્યો ગણાય છે. સમોખનસિંહ વીણાવાદક હતા. તાનસેનના અવસાન પછી સેનિયા પરંપરા પુત્ર અને જમાઈ દ્વારા ત્રણ ધારામાં વિકસી. આ ગાળામાં સેનિયાની જ સમકાલીન એવી બ્રાહ્મણ પરંપરા હતી જેમાં મથુરાના વૃજચંદ અને સૂરદાસ મુખ્ય હતા. બીજી બાજુ ચાંદખાં અને સૂરજખાંએ પંજાબના તિલવંડીમાં ધ્રુપદના ઘરાનાની પરંપરા સ્થાપી. આમ ગ્વાલિયર, આગરા-મથુરા-વૃંદાવન, દિલ્હી અને વારાણસી સંગીત ઘરાનાઓનાં મુખ્ય કેન્દ્રો બન્યાં.

અકબરના સમયના હાજી સુજાનખાં ધ્રુપદગાયક હતા. એમની પરંપરા આગરાના ખયાલના ઘરાનાનો વિકાસ થયો. ૧૮મી સદીના અંત ભાગે સુજાનખાંના વંશજ ઘધ્ધે ખુદાબક્ષે આગરા ઘરાનાની સ્થાપના કરી. શાહજહાંના રાજ્યઅમલમાં આ ઘરાના પ્રખ્યાત બન્યું.

તાનસેનની પરંપરામાં નિયામતખાં ઉત્તમ બીનકાર હતા. એમને મુહમ્મદશાહ રંગીલેએ પોતાના દરબારમાં નિમંત્ર્યા અને 'શાહ સદારંગ' એવી ઉપાધિ આપી. એમની રચેલી અનેક ચીજની કૃતિઓ આજ પણ પરંપરામાં છે. અઢારમી સદીના અંતભાગે આ ઉપરાંત નીચે પ્રમાણે ઘરાના અસ્તિત્વમાં આવ્યા :
(૧) હદ્દુખાં, હસ્સુખાં અને નત્થુખાંએ ગ્વાલિયરનો ખયાલ ગાયકીના ઘરાના (૨) પંજાબના તિલવંડીનું ધ્રુપદ ઘરાના (૩) પંજાબ-લાહોરનું સદારંગના શિષ્યે સ્થાપેલું ખયાલ ગાયકીનું ઘરાના (૪) બાસતખાંના શિષ્ય નિયામતુલ્લાખાંનું સરોદનું ઘરાના (૫) અતરૌલીના ધ્રુપદ અને ખયાલના ઘરાના (૬) બહરામખાંનું ધ્રુપદનું ડાગુરબાનીનું ઘરાના (૭) નિર્મલશાહના પુત્ર ઉમરામના શિષ્ય દ્વારા સ્થપાયેલું સહારનપુરનું સરોદવાદક ઘરાના (૮) અમૃતસેન દ્વારા સ્થાપિત જયપુરનું સિતારવાદનનું ઘરાના.

આમ અનેક ઘરાનાઓનો વિકાસ થયો અને ધ્રુપદ, ખયાલ, બીન, સિતાર વગેરેની સાધના આગળ વધવા લાગી. ઉત્તર ભારતની આ શાસ્ત્રીય સંગીતની સાધના માટે વારાણસી, લખનઊ અને રામપુર એ ત્રણ મુખ્ય કેન્દ્રો બન્યાં. રામપુરમાં પઠાણોની સત્તા હતી અને તેઓ સંગીતના પ્રેમી હતા. આથી એમના દરબારમાં ઉત્તમ ગાયક અને વાદકને મહત્ત્વનું સ્થાન મળતું હતું. અનેક ઉત્તમ ગાયકોવાદકો આ રીતે રામપુરમા આશ્રય પામ્યા. ઠુમરીનો પણ વિકાસ થયો.

બીજાપુર પણ સંગીતનું મુખ્ય કેન્દ્ર હતું. ઈ.૧૬૦૩માં અસદબેગ બીજાપુર ગયેલો તેની યાત્રાના વર્ણનમાં બાદશાહ ઈબ્રાહીમ આદિલના દરબારની સંગીતસભાનું વર્ણન મળે છે. બાદશાહ પોતે ધ્રુપદ ગાયક હતો. એની રાજસભામાં હજારો સંગીતજ્ઞો હતા. એ રીતે બંગાળના વિષ્ણુપુરમાં પણ ધ્રુપદની પરંપરા હતી. આરંભનો આ ગાળો ધ્રુપદગાનનો છે. ખયાલનો વિકાસ થયો, પરંતુ ધ્રુપદની ગાયકી આધુનિક સમય સુધી રહી છે. ખયાલના પ્રસિદ્ધ ગાયકો સ્વ.ઉ. અલ્લાદિયાખાં અને સ્વ.ઉ. ફૈયાઝખાં ધ્રુપદના પૂર્ણ જ્ઞાતા હતા. ફૈયાઝખાં તો ધમાર એટલે કે હોરીગીતના પણ ઉત્તમ ગાયક હતા.

ગ્વાલિયર ઘરાના અને કવ્વાલીના ગાયકોને સંબંધ છે. અનુશ્રુતિ એવી છે કે સુલતાન શમ્સુદીન અલ્તમશના દરબારમાં સાવંત અને બૂલા જેમાં એક ગૂંગો બીજો બહેરો હતો તેમણે સંગીત સાંભળ્યું. પોતાની ખોડ બદલ એમને ખૂબ દુઃખ થયું અને ઈશ્વરને પ્રાર્થના કરતાં બન્ને ભાઈઓની ખોડ દૂર થઈ. કંઠ ખૂલ્યા. ગાયક બન્યા. એમના વંશજો 'કવ્વાલ બચ્ચાના ઘરાના' તરીકે ઓળખાયા કેમ કે તેમના વંશજ શક્કરખાં, મખ્ખનખાં અને જદુખાં દિલ્હીના મશહૂર ખયાલ ગાયક બન્યા. બીજી અનુશ્રુતિ પ્રમાણે લખનઊના બાદશાહ ગ્યાસુદીન હૈદરના જમાનામાં ગુલામરસૂલ નામનો ગાયક હતો. તેમના બે પુત્રો તે શક્કરખાં અને મખ્ખનખાં. આ શક્કરખાંના પુત્ર મુહમ્મદખાંથી કવ્વાલબચ્ચા ઘરાનાની સ્થાપના થઈ. એમ પણ કહેવામાં આવે છે. આનો સમય પણ ૧૮મી સદીનો છે. આ વંશના જ મુહમ્મદખાં ગ્વાલિયરના હદુખાં અને હસ્સુખાંના ગુરુ હતા. આ ઉપરાંત ગ્વાલિયરનું બીજું ગાયકીનું ઘરાણું છે જેના સ્થાપક નત્થન પીરબક્ષ મનાય છે. આ બન્ને ઘરાનાની ગાયકી ભિન્ન છે. બડે મુહમ્મદખાંએ કવ્વાલબચ્ચા ઘરાનાની ગાયકીને વિશિષ્ટ રૂપ આપ્યું. આ ઘરાનામાં ફિરત પર પણ સ્થાપી અંતરા જેવું મહત્ત્વ આપવામાં આવ્યું. મુહમ્મદખાંએ તાનની ફિરતનો પ્રયોગ કર્યો. એને પેચદાર અને સબળ બનાવી. સ્વરલગાવથી

વિશિષ્ટ એવું ધ્વનિરૂપ એમાં સિદ્ધ થયું, જેની સૂક્ષ્મતા સ્વરલિપિ આલેખી ન શકે. આમ, પ્રબળ અને પેચીદી ફિરતતાન આ ઘરાનાની લાક્ષણિકતા બની. એમાં સ્વરોની એવી ગૂંથણી થાય છે, જેથી એક જુદી જ ભાત ઊપસી આવે. આવી ફિરતસાધના પછી જ સિદ્ધ થાય છે.

ગ્વાલિયરના રાજા હદ્દુખાં, હસ્સુખાં અને નથ્થુખાંની ગાયકીના પ્રશંસક હતા પરંતુ મુહમ્મદખાંની ગાયકીથી પ્રભાવિત થયા. રાજાને લાગ્યું કે હદ્દુખાં વગેરેની ગાયકીમાં આ ઊતરવું જોઈએ તેથી મુહમ્મદખાં પાસે અનેક વખત ગવડાવ્યું. આની અસર હસ્સુખાં વગેરેએ ઝીલી અને તેમની ગાયકીમાં વિશેષ રંગ આવ્યો. જ્યારે મુહમ્મદખાંએ તે ભાઈઓને સાંભળ્યા ત્યારે કહ્યું, 'આમ સાંભળીને નકલ કરવાને બદલે મને કહ્યું હોત તો હું એનું વ્યવસ્થિત શિક્ષણ આપત.' રાજા મુહમ્મદખાંની ઉદારતાતી પ્રસન્ન થયા. એ પછી ત્રણે ગવૈયાઓએ મુહમ્મદખાં પાસેથી વ્યવસ્થિત તાલીમ લીધી. આમ, કવ્વાલ-બચ્ચા-ઘરાનાથી જ ગ્વાલિયર ઘરાના કેળવાયું.

મુહમ્મદખાં ગ્વાલિયરના સિંધિયાના દરબાર ઉપરાંત અલ્વર, જયપુર અને રીવા જેવી રાજસ્થાની રિયાસતોના દરબારમાં પણ જતા હતા. આથી ત્યાં પણ ફિરતતાનની અસર પહોંચી.

બડે મુહમ્મદખાંના ઘરાનામાં તેમના અહમદખાં, રહમતખાં અને હિમ્મતખાં નામના ત્રણ ભાઈઓનો પણ સમાવેશ થાય છે. આમાં અહમદખાં વિશેષ સિદ્ધ ગાયક હતા અને ફિરતતાનની ભાત ઉપસાવી શકતા હતા. આ ઘરાનાએ કલાત્મક બંદિશો પણ આપી. એમની પેચીદા ફિરતતાન રાગના સ્વરૂપને પણ પૂર્ણ શુદ્ધ રાખતી હતી. ફિરતમાં જો સાધના અધૂરી હોય તો રાગનું રૂપ બગડે છે અને બેસૂરાપણું પણ આવે છે. તાકાત અને સંયોજન બન્ને માટે ખૂબ સાધના જરૂરી છે. ત્રીજા ભાઈ હિમ્મતખાં ઈ.૧૮૫૦માં રીવાતા રાજગાયક બન્યા. ત્યાં શિષ્ય-પંરપરા ચાલી.

મુહમ્મદખાંના પુત્રો અમાનઅલીખાં, બાકરઅલીખાં, મુબારકઅલીખાં, મુનવ્વરખાં અને ફૈયાઝખાં ગાયકો હતા અને તેમણે પિતાની પરંપરા આગળ વધારી. બાકરઅલીખાં રામપુરના નવાબ કલ્બેઅલીખાંના દરબારી ગાયક હતા. આ સમયે રામપુરના દરબારમાં બહાદુર હુસેનખાં અને અમીરખાં જેવા સેનિયા ઘરાનાના વાદકો હતા. અમીરખાં બીનકાર અને બાહાદુર હુસેનખાં સુરસિંગારવાદક હતા.

આ રીતે કવ્વાલબચ્ચા ઘરાનાની અસર વ્યાપક છે. ગ્વાલિયરની ખયાલ ગાયકીના સ્થાપક નથ્થનપીરબક્ષ છે, પરંતુ એમના જ હદ્દુખાં, હસ્સુખાં, નથ્થુખાં એ ત્રણ પુત્રોએ ગુરુપરંપરા કવ્વાલબચ્ચા ઘરાનાની પણ સ્વીકારી અને એ ખ્યાલગાયકી જ ભારતમાં શ્રેષ્ઠ મનાવા લાગી. આધુનિક કાળે પણ ગ્વાલિયર ઘરાનાની ગાયકીનું નામ ઊંચું છે. પં.વિષ્ણુ દિગંબર પલુસ્કર અને એમના ઉત્તમ શિષ્ય પં.ઓંકારનાથ પણ ગ્વાલિયર ઘરાનાના છે.

બીજુ મહત્ત્વનું તે આગરા ઘરાના. એનો સંબંધ પણ ગ્વાલિયર સાથે છે. આગરા ઘરાનાના આદિપુરુષ હાજી સુજાનખાં અકબરના સમયના પ્રસિદ્ધ ધ્રુપદ ધમારના ગાયક હતા. આ વંશમાં ઈ.૧૭૮૦માં જન્મેલા શ્યામરંગ નૌહારબાનીના ધ્રુપદગાયક હતા. એમના ભાઈ સરસરંગ. બન્ને ભાઈઓ કાશીના રાજા વીરભદ્રસિંહ જે આગરા આવ્યા તેમનો આદર પામ્યા. શ્યામરંગનો ઈ. ૧૮૦૦માં જન્મેલો પુત્ર ઘધ્ધે ખુદાબક્ષ ગ્વાલિયર ગયો અને નથ્થનખાં અને પીરબક્ષ પાસે તાલીમ લીધી. ગ્વાલિયર ઘરાનાના પીરબક્ષે પોતે પણ આગરા ઘરાનાના ધ્રુપદ ધમાર હોરીની તાલીમ લીધી હતી. એથી એમને આગરા ઘરાના પ્રત્યે આદર હતો. ઘધ્ધેખાનનો આ તાલીમથી અવાજ સુધર્યો અને એમણે ગ્વાલિયરની ખયાલગાયકી સિદ્ધ કરી. આ ઘધ્ધે ખુદાબક્ષ આગરા ઘરાનાના પ્રભાવક અને મુખ્ય માર્ગદર્શક બન્યા. આમ, આગરા અને ગ્વાલિયર ઘરાના વચ્ચે અનુબંધ રહ્યો છે. આગરા ઘરાનાની પરંપરા ઘધ્ધે ખુદાબક્ષના પુત્ર અબ્બાસખાં અને ભત્રીજા શેરખાં તથા ભરતપુરના અલીબક્ષે આગળ વધારી. પં. વિશ્વનાથના પુત્ર પં. શિવદીન જે જયપુરના દીવાન હતા તે પણ એમના શિષ્ય ઘધ્ધે ખુદાબક્ષના બીજા પુત્ર ગુલામ કૈદરખાં કલ્લનખાંના નામે ઓળખાયા અને ખયાલ, ધ્રુપદ-ધમારમાં પ્રસિદ્ધિ પામ્યા અને જયપુરમાં મહારાજા માધોસિંહના દરબારી ગાયક બન્યા અને સંગીતનું શિક્ષણ આપ્યું. એમના પુત્ર તંસદકહુસેનખાંને તથા શિષ્ય વિલાયત-હુસેનખાં બશીરખાં, ખાદિમહુસેન, અનવરહુસેનને તાલીમ આપી. ઉ. ફૈયાઝખાંએ પણ એમની પાસે શિક્ષણ લીધેલું. આગરા ઘરાનામાં કલ્લનખાં, નથ્થનખાં, મુહમ્મદખાં, અબ્દુલ્લાખાં, પં.ભાસ્કરરાવ બખલે, મા.કૃષ્ણારાવ, ધુરંધર ઉસ્તાદ ફૈયાઝખાં, આતા હુસેનખાં, અસદઅલીખાં, શ્રીકૃષ્ણ નારાયણ રક્ષનજંકર, મુખ્ય છે. આમાં સૂર્યપ્રકાશે ઝળકતો સિતારો છે આફતાબે મૂસીકી ઉ. ફૈયાઝખાં. આ ઘરાનામાં ઉત્તમ સારંગીવાદકો પણ થયા. (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

બે હળવી વાતો

તા.૭-૯-૯૨. ગઈ કાલે હું કોડીનાર ગયો હતો. અમરેલી જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિએ વર્ષ દરમિયાન નિવૃત્ત થયેલા પ્રાથમિક શિક્ષકોને સન્માનવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. મેં એમ સાંભળ્યું હતું કે આવા સરકારી કાર્યક્રમોમાં માનવંતા મહેમાનોનું ફૂલહારથી સ્વાગત કરવાનું ઘણું લાંબું ચાલે છે. જિલ્લા અને તાલુકાઓના સરકારી અફસરો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ જે હાજર હોય તે સૌને ફૂલહાર થાય. આ કાર્યક્રમ શરૂ થયો ત્યારે લાકડીમાં ભરાવેલ દસ-પંદર જેટલા હાર જોયા એટલે મને થયું કે આજે હારતોરા જલદી પતી જશે. મારું સ્વાગત થઈ ગયું એટલે મને પહેરાવેલો હાર બાજુમાં મૂકી હું બેસી ગયો. થોડી વારે કોઈક આવીને મારો હાર લઈ ગયું અને એ હાર અન્યના સ્વાગતમાં વપરાયો! દસ-પંદર હારોથી પચીસ-ત્રીસ મહેમાનોનું સ્વાગત કરવાનો કેવો સરળ ઉપાય?

તા.૨૬-૯-૯૨. હમણાં લગભગ પંદર દિવસ હું સેન્ટ્રલ સ્કૂલના શિક્ષકોના ઇન્ટર્વ્યૂના કામમાં રોકાયેલો હતો. તેથી રોજ રિક્ષામાં બેસવાનું થતું. કેટલીક રિક્ષાઓમાં એક વાક્ય લખેલું હોય છે, 'સભ્યતાથી બેસવું.' બેસનાર યુવાન યુગલને ઉદ્દેશીને આ વાક્ય લખાયું હોય તે સમજાય તેવું છે. પરમદા'ડે જે રિક્ષામાં હું ગયો તે રિક્ષામાં લખેલું હતું : 'સભયતાથી બેસવું' વાંચીને હું વિચારે ચડી ગયો. આમ લખાયેલું વાક્ય વાંચીને દુ:ખી થવાની જરાયે જરૂર નથી. કારણ કે (૧) શબ્દની જોડણીમાં પરિવર્તન એ તો જીવન્ત ભાષાનું મુખ્ય લક્ષણ છે. (૨) ગુજરાતમાં અત્યારે સાક્ષરતા અભિયાન ચાલે છે. આ નવશિક્ષિતોમાંથી કોઈ કલાસૂઝવાળા ભાઈએ પાટિયાં ચીતરવાનો ધંધો શરૂ કર્યો હોય અને તેણે રિક્ષામાં આ વાક્ય ચીતર્યું હોય તો એ ખુશી થવા જેવું ગણાય (૩) મૂળ શબ્દ સભ્યતા ભૂલી જઈએ તો પણ 'સભયતાથી બેસવું' એનો અર્થ એ કે નિર્ભયતાથી બેસવું નહિ. અને તેથી નિર્ભય થઈ જેમતેમ વર્તન કરવું નહિ ! અને રિક્ષાવાળાને આ જ સંદેશ આપવો છે ને!

સેન્ટ્રલ સ્કૂલ આવી ગઈ અને હું રિક્ષામાંથી ઊતરી ગયો.

ધુબાકા-નિષ્ણાત બજરંગીપ્રસાદ

તા.૧૧-૧૦-૯૨. તરવાની રમત આપણા સંસ્કારમાં છે. પણ ધુબાકા મારવાની રમત આપણા સંસ્કારમાં નથી. તરવાનું સમુદ્રમાં, તળાવમાં, નદીમાં કે વાવકૂવામાં મળે, પણ ધુબાકા મારવાની જરૂર તો વાવકૂવામાં જ પડે અને ત્યાં સાંકડું ક્ષેત્ર હોવાથી ધુબાકા મારવાની એક જ પદ્ધતિ 'પલોંઠિયો' આપણે ત્યાં વિકસી છે. જામનગરની હાટકેશ્વરની વાવમાં પલોંઠિયો મારતાં હું પણ નાનપણથી જ શીખી ગયો છું અને ખાસ્સી ૩૦-૩૫ ફૂટની ઊંચાઈથી કૂવા કે વાવમાં પલોંઠિયો મારતા મેં ઘણાને જોયા છે.

આથી ૧૯૫૧માં જ્યારે બજરંગીપ્રસાદ લશ્કરમાં જોડાયો અને સ્વિમિંગ પુલમાં લોકોને જુદી જુદી રીતે ધુબાકા મારતા જોયા ત્યારે તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. પ્રયત્ન કરતાં તેણે જોયું કે ઊંધે માથે પાણીમાં ડાઇવિંગ કરવું તો આપણા પલોંઠિયા કરતાં તો સાવ સહેલું છે. આ પદ્ધતિને ઇંગ્લિશ હેડર (English header) કહે છે.

પછી તો લશ્કરના ઉત્તેજનથી તે આ ધુબાકા મારવાની કળામાં વધુ ને વધુ નિપુણ થતો ગયો. ૧૯૫૫ની કલકત્તા મુકામે મળેલી નેશનલ મીટમાં તેણે સાડાત્રણ ગુલાંટ ખાઈને પાણીમાં ધુબાકો માર્યો અને લોકોએ હર્ષોલ્લાસમાં આવીને વન્સ મોર કહ્યું અને તેણે ફરી તેવી જ ડાઇવ મારી! એશિયાનો એ સર્વપ્રથમ three and a half summersault diver - સાડા ત્રણ ગુલાંટ ખાઈ ધુબાકો મારનાર - બજરંગીપ્રસાદ આજે ૬૪ વર્ષનો થયો છે.

અમેરિકન ગુજરાતી

તા.૩-૧૨-૯૨. એલેક્સ હેલીની નવલકથા 'રૂટ્સ' તો તમે બધાંએ વાંચી હશે. તેમાં લેખક (અમેરિકન નિગ્રો) આફ્રિકામાં પોતાનાં મૂળ શોધવા નીકળે છે તેની વાત છે. તેવું જ કાંઈક હમણાં અહીં બની ગયું.

યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ્ અમેરિકામાં પટેલો તો ઘણા છે. તે બધાને ગુજરાતી આવડે. ઘણાને અંગ્રેજી પણ આવડે. પણ ત્યાં એક એવું પટેલકુટુંબ છે જેમાં કોઈને ગુજરાતી આવડતું નથી, અરે ગુજરાત તો શું, ભારત પણ જોયું નથી. એ કુટુંબનો ૪૫ વર્ષનો રોન પટેલ તેનાં મૂળ શોધવા અહીં આવ્યો છે.

આ રોન પટેલ ફિલાડેલ્ફિઆ ઇન્ક્વાયરી નામના દૈનિક પત્રનો એસોસિએટ મેનેજિંગ એડિટર છે. થ્રી માઇલ્સ આયલેન્ડ ઉપરના પરમાણુ વિદ્યુત મથકમાં જે હોનારત થઈ તેના રિપોર્ટ મોકલનાર અખબારી ટુકડીને પુલિત્ઝર ઇનામ મળ્યું હતું. રોન પટેલ તે ટુકડીમાં હતો.

બોચાસણની અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ અમેરિકામાં ભારતીય સંસ્કૃતિ મેળો યોજ્યો હતો. ત્યાં ખબરપત્રી તરીકે રોન ગયો હતો. ત્યારે પ્રમુખ સ્વામીએ અમસ્તું પૂછ્યું : 'તમે કયા ગામના?' પણ રોન કહે, હું તો અમેરિકન છું.

મને તો એટલી ખબર છે કે મારા પિતા છોટાલાલ પટેલ વડોદરા પાસેના મેઢડ ગામે પોતાના ભાઈને પત્રો લખતા.'

આ મુલાકાતની બે અસર થઈ : એક તો રોન અને તેની બહેને ઘરમાં જૂના કાગળો ફેંદીને શોધી કાઢ્યું કે તેમના પિતા છોટાલાલ ઉકાભાઈ ૧૯૦૦ની સાલમાં જન્મેલા અને ૧૯૧૯માં ભારત છોડી અમેરિકાના નાગરિક થયેલા. ૧૯૩૪માં જોન કેઝિન્સ્કી જોડે લગ્ન કર્યું અને આ અમેરિકન કુટુમ્બ ઊભું થયું. ૧૯૫૦માં તેમનું અવસાન થયું.

બીજી બાજુ પ્રમુખસ્વામીએ ભારત આવી મેઢડ ગામે તપાસ કરાવી છોટાલાલના ભાઈનો પત્તો મેળવ્યો. ભાઈ તો ગુજરી ગયો હતો પણ તેનો દીકરો નવીન પટેલ વડોદરામાં કોઈ પેઢીમાં મેનેજર હતો. છોટાલાલે તેના ભાઈ પર લખેલા પત્રો વ્યવસ્થિત ફાઈલ કરેલા નવીન પટેલ પાસે છે.

એ પ્રમુખસ્વામીએ એવો જ સાંસ્કૃતિક મેળો ગાંધીનગરમાં યોજ્યો હતો. તે મેળામાં અમેરિકન રોન પટેલ (દેખાવે-રંગે બિલકુલ અમેરિકન છે) તેના ભારતીય પિતરાઈ નવીન પટેલને મળવા આવ્યો છે. પિતાના ગુજરાતીમાં લખાયેલા પત્રો તો તે વાંચી શક્તો નથી પણ તે પત્રોના ભાષાન્તરનો આધાર લઈ તે એકાદ પુસ્તક લખે ખરો. (ક્રમશઃ)

બોધકથા

'હા' અને 'ના'

બહાદુરભાઈ જ. વાંક

આશ્રમમાં એક દિવસ સવારની સભામાં એક માણસે ગુરુ બજુવાને પૂછ્યું : 'ઈશ્વર છે?'

ગુરુએ જવાબ આપ્યો : 'હા.'

સાંજની સભામાં વળી બીજા માણસે એ જ પ્રશ્ન કર્યો : 'ઈશ્વર છે?'

ગુરુએ જવાબ આપ્યો : 'ના.'

બીજા દિવસે યોગાનુયોગ એ બંને માણસો આશ્રમમાં ભેગા થઈ ગયા. ને ગુરુએ બંનેને આપેલા પરસ્પર વિરોધી જવાબો અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

સભા શરૂ થતાં જ બંનેએ એકીસાથે ઊભા થઈને ગુરુને પૂછ્યું : 'ગઈ કાલની સભામાં અમે આપને ઈશ્વરના અસ્તિત્વ વિશે પૂછેલું, ત્યારે આપે અમને પરસ્પર વિરોધી જવાબો કેમ આપેલા? આમાંથી અમારે આપના કયા જવાબને સાચો માનવો?'

બજુવા બોલ્યા : 'એકેય જવાબને નહીં!'

પાછું બંનેએ પૂછ્યું : 'તો પછી આવા ખોટા જવાબો આપવા પાછળ આપનો શો હેતુ છે?'

હસતાં હસતાં ગુરુએ કહ્યું : 'જ્યારે મેં જવાબો આપેલા ત્યારે સાચા જ હતા. પણ ફરીને પૃચ્છા કરીને મેં આપેલા જવાબોને પણ તમે ખોટા કરી નાખ્યા!'

'તો હવે તો અમને સાચો જવાબ આપો.' બંનેએ ગુરુને એકીસાથે અનુરોધ કર્યો.

'તો હવે સાચો જવાબ આપું છું. સાંભળો - હકીકતમાં મારા જવાબો 'હા' અને 'ના'માં ઊંડા ઊતરવા માટેના હતા. ખરેખર જે 'હા'ને સમજી શકતો નથી, એ 'ના'ને પણ સમજી શકતો નથી, ને જે 'ના'ને સમજી શકતો નથી, એ 'હા'ને કેવી રીતે સમજી શકવાનો?'

પણ અમારે 'હા' કે 'ના'ને નહીં, ઈશ્વરને જ જોવા-સમજવા છે.' બંનેએ કહ્યું.

'મિત્રો, ઈશ્વર તો 'હા' અને 'ના'ની પેલે પાર છે. 'હા' અને 'ના' ને સમજીને તેનું જ અતિક્રમણ કરવાની જ્યાં તમારામાં ક્ષમતા નથી, ત્યાં મારે તમને બીજું શું કહેવું?'ને ગુરુએ ટકોર કરતાં ઉમેર્યું : 'હજુ તમે બંને ધરતી ઉપર જ ઊભા રહી શકતા નથી. ત્યાં તમે આકાશમાં ઊડવાની અપેક્ષા રાખો એ શું વાજબી છે?' □

વિશ્વકલાની ગૌરવગાથા-૨



કાન્તિ કાપડિયા

વિશ્વસર્જન-વિશ્વદર્શન

પૃથ્વીની ઉત્પત્તિ વિશે દેશવિદેશની પ્રજામાં જાતજાતની વાતો પ્રચલિત છે. આપણે ત્યાં પણ આ વાત આ પ્રમાણે જાણીતી છે : હજારો લાખો કરોડો વર્ષો, ગણ્યાં ગણાય નહીં એટલાં વર્ષો પૂર્વે ભગવાન વિષ્ણુ (વિશ્વ+અનુ) ક્ષીરસાગરમાં અનંત-નાગની શય્યા પર સૂતા છે. લક્ષ્મીજી ચરણ ચાંપે છે. નાભીકમળમાંથી બ્રહ્માજી પ્રકટ થાય છે. અવકાશ બ્રહ્મનાદથી ગુંજી ઊઠે છે. એટલામાં વિષ્ણુ ભગવાન જાગી ઊઠે છે. ચારે બાજુ નજર કરે છે. બધે શૂન્યાવકાશ દેખાય છે. મનમાં ગ્લાનિ ઉદ્ભવે છે. દૂર દૂર નિહારિકા-નક્ષત્રો-આકાશગંગા નજરે પડે છે. પરંતુ મનમાં અશાંતિ છે. વિચાર આવ્યો કે કાંઈક સર્જન કરવું જોઈએ, જેથી તે મનને ઠારે.


આવા સંજોગોમાં નજીકની નિહારિકામાંથી એક તેજપુંજ લીધો અને સૃષ્ટિનિર્માણનું કામ શરૂ થયું. તેજપુંજ તો એક લોચા જેવો નરમ-અર્ધપ્રવાહી તણખા ઝરતો હતો. એ તેજપુંજને આકાશ-અવકાશમાં તરતો મૂક્યો કે તરત ભમરડાની માફક ગોળગોળ ફરવા લાગ્યો. ગતિ ઘણી તીવ્ર હતી, એટલે તેમાંથી પાછા નાના લોચા ઊડવા લાગ્યા. એ ઊડેલા લોચા સમય જતાં ઠરવા લાગ્યા અને આકાશમાં ગ્રહ તરીકે ઓળખાવા લાગ્યા. પાછા એ નાના લોચા પણ પોતાની ધરી પર ફરવા લાગ્યા અને તેમાંથી તણખા ઝરી કાળક્રમે ઠરી ગયા, તે તેઓના ચન્દ્ર બન્યા. એટલે કે દરેક ગ્રહોને વધતાં ઓછા ચન્દ્રો છે અને એ ચન્દ્રો પણ પોતાની ધરી પર ફરે છે એટલું જ નહીં પણ પોતાના સ્વગ્રહો ફરતે તથા સાથે પ્રદક્ષિણા કરે છે.

આ દિવ્ય તેજપુંજ તે આપણો સૂર્ય અને સૂર્ય ફરતે નાના-મોટા લોચા તે આપણા નાના-મોટા ગ્રહો.

વૈજ્ઞાનિકો અને સંશોધકોએ શોધી કાઢેલા ગ્રહોની સંખ્યા આજ પર્યંત નવની અંકાઈ છે અને તેમનાં કદ નાનાં-મોટાં છે, ઠરી જવાથી સ્વયં તેજ ગુમાવી બેઠા છે. જે કાંઈ ચળકાટ આપણી નજરે પડે છે તે સૂરજનો પ્રકાશ એમના પર પડે છે તે પરાવતરણ કરે છે. આ ગ્રહો તે આપણા નવ ગ્રહો તરીકે ઓળખાય છે, કારણ કે આજ સુધી શોધાયેલા ગ્રહોની સંખ્યા : નવ છે જે નીચે મુજબ છે અને ગ્રહોની ફરતા નાના ગોળાંઓ ઉર્ફે ચંદ્રો નીચે મુજબ છે :

Earth	(૧) પૃથ્વી	૧ મોટો ચન્દ્ર
Mercury	(૨) બુધ	-
Jupitor	(૩) ગુરુ	૧૨નાના ચન્દ્રો
Venus	(૪) શુક્ર	-
Saturn	(૫) શનિ	૯ નાના ચન્દ્રો
Uranus (રાહુ)	(૬) પ્રજાપતિ (યૂરેનસ)	૫ નાના ચન્દ્રો
Neptune (કેતુ)	(૭) વરુણ (નેપ્ચૂન)	૨ નાના ચન્દ્રો
Pluto	(૮) યમ (પ્લૂટો)	
Mars	(૯) મંગળ	૨ નાના ચન્દ્રો

આ ગ્રહો વચ્ચે પાછા ધૂમકેતુઓ અને (Asteaorids Comets Meteorites) મેટ્યોરાઈટ્સ ધૂમકેતુઓ એટલે કે ગ્રહોમાંથી છૂટા પડેલા ખડકના ટુકડાઓ પણ સૂર્યની આસપાસ ફરે છે. ધૂમકેતુઓ અનેક છે જેમાં હેલીનો ધૂમકેતુ પ્રખ્યાત છે. તે પૃથ્વી પર દર ૭૬ વર્ષે દેખાય છે. ધૂમકેતુઓને પૂછડી હોય છે અને તે પૂછડી ઘણી વાર માઈલો લાંબી હોય છે. ગ્રહોની આસપાસ એક યા એકથી વધારે ચન્દ્રો ઉપરાંત



સૂર્યમાળામાં એસ્ટ્રોઇડ્ઝનું સ્થાન અને ભ્રમણકક્ષા

કેટલાક ગ્રહોની આસપાસ વલય હોય છે જે રિંગ જેવી ફરતી હોય એવી લાગે છે. ગુરુનો ગ્રહ સૌથી મોટો ગ્રહ હોવાથી ગુરુ (મોટો) કહેવાય છે પરંતુ શનિ અને યુરેનસ મોટા ઉપરાંત ફરતે રિંગવાળા છે.

આ બધા ગ્રહો સૂર્યની આસપાસ લંબગોળાકારે ફરે છે તેથી એને આપણે બ્રહ્માંડ પણ કહીએ છીએ. અને ગોળાકારે ફરતા પથને ભ્રમણકક્ષા કહેવાય છે.

અગાઉ દૂરબીન અને ઓબ્ઝર્વેટરી જેવાં સાધનો નહોતાં અને લોકો જ્યારે નહીં આંખે આકાશ જોતાં ત્યારે આકાશની કલ્પના કેટલીક વાર ગોળ યા ચોરસ આકારની થતી. અને એવું પણ માનતા કે પૃથ્વી સ્થિર છે અને તેની આસપાસ બધા ગ્રહો ઉપરાંત સૂર્ય પણ ફરે છે. પરંતુ પશ્ચિમમાં ઈ.સ.પૂર્વે ૨૮૦ (Aristarchus) એરિસતારકસ અને ઈ.સ.૧૫૪૮માં કોપરનિક્સે (Copernicus) સિદ્ધ કર્યું કે સૂર્ય સ્થિર છે અને તેની આસપાસ બધા ગ્રહો ફરે છે. એવી જ રીતે આપણા વરાહમિહિર અને આર્યભટ્ટે પણ પૃથ્વી ગોળ છે અને સૂર્યની આસપાસ ફરે છે એમ સિદ્ધ કર્યું હતું.

આ બધા ગ્રહો એક જ પ્રકારના નથી. એના જુદા જુદા બંધારણને લીધે તેના જુદા જુદા રંગ દેખાય છે. બુધ - રાંખોડી, શુક્ર - તેજોમય પીળો, અને મંગળ - રતાશ પડતો કેસરી રંગનો દેખાય છે.

એસ્ટેરોઇડ્સ (Asteroids) સૂર્યની આસપાસ મંગળ અને ગુરુ વચ્ચે ફરે છે આ એસ્ટેરોઇડ્સ કેટલાક ગ્રહોમાંથી છૂટા પડેલા ખડકના ચોસલા છે અને તેનો વ્યાસ ઘણી વાર બે માઇલ જેટલો પહોળો હોય છે.

ધૂમકેતુઓ (Comet) સૂર્યની આસપાસ જુદા જુદા ક્રમે અને કક્ષાએ ફરે છે. એમનું બંધારણ ધૂળના રજકણો બરફ અને ખડકનું હોય છે અને સૂર્યની આસપાસ લાંબી મજલ કરે છે.

યૂરેનસ, નેપ્ચૂન અને પ્લૂટો એટલા બધા દૂર છે કે સૂર્યનો પ્રકાશ બહુ જ ઝાંખો પડે છે અને દૂરબીન પણ જો પાવરફુલ હોય તો જ દેખાય છે. એ ગ્રહોની સૂર્યની આસપાસ ફરવાની ગતિ પણ મંદ છે અને એક આંટો ફરતાં વર્ષો લાગે છે. જેમ ગ્રહો સૂર્યથી નજીક તેમ તેમની ગતિ ઝડપી - દા.ત. બુધ ખૂબ ઝડપથી ફરે છે અને પૃથ્વી - મંગળ - શુક્ર એનાથી ઓછી ઝડપે ફરે છે.

સૂર્યમંડળના નવ ગ્રહો પૈકી આગળ જણાવ્યા પ્રમાણે ગુરુ સૌથી મોટો ગ્રહ છે. તે કદમાં પૃથ્વીથી ૧૩૦૦ ગણો મોટો છે. બુધ સૂર્યની નજીક હોવાથી ફક્ત ૫ કરોડ ૭૯ લાખ ૩૬ હજાર કિ.મી. દૂર હોવાથી દર મિનિટના ૨૮૯૭ કિ.મી.ની ઝડપે સૂર્યની આસપાસ ફરે છે અને એક પરિક્રમા ૮૮ દિવસમાં પૂરી કરે છે. જ્યારે આપણી પૃથ્વી સૂર્યથી ૧૪ કરોડ ૯૬ લાખ ૬૮૦૦ કિ.મી. દૂર છે તે દર મિનિટે ૧૭૮૬.૩૬ કિ.મી.ની ઝડપે એક વર્ષે (૩૬૫.૨૫ દિવસે) સૂર્યની આસપાસ પરિક્રમા પૂરી કરે છે. પૃથ્વી પોતાની ધરી પરનો ફેરો ૨૩ કલાક ૫૬ મિનિટમાં પૂરો કરે છે એ જ પ્રમાણે સૂર્યથી સૌથી દૂરનો ગ્રહ યમ (Pluto - પ્લૂટો) છે. જે સૂર્યથી ૫ અબજ ૮૯ કરોડ ૯૮ લાખ કિ.મી. દૂર છે અને તેને દર મિનિટે ૨૮૯૬૮ કિ.મી.ની ઝડપે સૂર્યની પરિક્રમા પૂરી કરવાને ૨૪૮ વર્ષથી પણ વધુ સમય લાગે છે.

સૂર્યનો ઘેરાવો આશરે ૪૩,૭૭,૪૦૦ કિ.મી. છે. સૂર્યનું વજન બેના આંકડા પર ૨૭ મીંડાં મૂકીએ એટલે આશરે બે અબજ પરાર્ધ ટન છે. જ્યારે પૃથ્વીનો ઘેરાવો આશરે ૪૦૨૫૦ કિ.મી. છે. પૃથ્વીનું વજન ૬×૧૦^{૨૧} એટલે કે ૬ના આંકડા પર ૨૧ મીંડાં મૂકીએ એટલા (છ હજાર પરાર્ધ) ટન છે.

આમ સૂર્ય કદમાં પૃથ્વી કરતાં ૧૦ લાખ ગણાથી પણ



ગુપ્ત સમય (પાંચમી સદી)નું દેવગઢનું શેષશાયી વિષ્ણુ ભગવાનનું શિલ્પ
જેમાં ઇન્દ્રદેવ, ભગવાન શંકર અને બીજા દેવગણ સ્પષ્ટ દેખાય છે.

વધારે અને વજનમાં લગભગ ૩ લાખ ગણો વધારે છે. પૃથ્વીની સપાટીનું ક્ષેત્રફળ ૫૧,૦૧,૦૦,૦૦૦ ચો.કિ.મી. છે. જેમાં જમીન વિસ્તાર ૧૪૮૯૫૧૦૦૦ ચો.કિ.મી. છે અને જળ વિસ્તાર ૩૬,૧૧,૪૯,૦૦૦ ચો.કિ.મી. છે.

ઉપરોક્ત આંકડા જોતાં પૃથ્વીની સપાટીનો ૨૯% ભાગ જમીન અને ૭૧% જળવિભાગ કહી શકાય.

દરિયામાં વધુમાં વધુ ઊંડાઈ ૧૧૦૩૩ મીટર છે. જ્યારે જમીન પર ઊંચામાં ઊંચો હિમાલય પર્વત - ગૌરીશંકર (Mount Everest) માઉન્ટ એવરેસ્ટ ૨૯૦૦૨ ફૂટ ઊંચો છે (આશરે ૮૮૪૮ મીટર) છે.

સૂર્યના પ્રકાશને પૃથ્વી પર પહોંચતાં ૮ મિનિટ ઉપર સમય લાગે છે. આકાશના અગણિત તારાઓ એટલા દૂર છે કે તેનું અંતર દર્શાવવા માટે પ્રકાશવર્ષનું માપ ગણતરીમાં લેવામાં આવે છે. એક સેકન્ડના ૨,૯૯,૭૮૭ કિ.મી.ની ઝડપે પ્રકાશ એક વર્ષમાં જેટલો દૂર પહોંચે તે અંતર એટલે કે ૯૬૫૬ અબજ કિ.મી.ને પ્રકાશવર્ષ કહેવામાં આવે છે. આ હિસાબે પૃથ્વીની નજીકમાં નજીકનો તારો 'પ્રોક્ષિમા સેન્ટોરી' પૃથ્વીથી ૪.૫ પ્રકાશવર્ષ એટલે કે ૪૧૮૪૩ અબજ કિ.મી. દૂર છે. અને દૂરનો તારો ડેનેબ (Deneb) પૃથ્વીથી ૧૫૦૦ પ્રકાશવર્ષ એટલે કે ૧૪૪.૮૪ લાખ અબજ કિ.મી. દૂર છે. કેટલાક તારાઓ તો હજારો પ્રકાશવર્ષ દૂર છે. આ ઉપરથી માલૂમ પડે છે કે વિશ્વસ્રષ્ટા સર્જનાર ભગવાનની સૃષ્ટિ અને કાર્ય અપરંપાર છે.

પૃથ્વીથી જુદા જુદા ગ્રહોનું અંતર (કિ.મી.માં)

	વધુમાં વધુ	ઓછામાં ઓછું
(૧) ચન્દ્ર (Moon)	૪,૦૭,૧૬૩	૩,૫૭,૨૭૩
(૨) મંગળ (Mars)	૩૯,૭૫,૦૬,૯૮૦	૫,૪૭,૧૦,૫૬૦
(૩) બુધ (Mercury)	૨૨,૦૩,૧૮,૬૪૬	૭,૯૦,૧૮,૫૯૪
(૪) શુક્ર (Venus)	૨૫,૮૯,૪૨,૮૦૬	૪,૧૨,૬૦,૦૩૮
(૫) શનિ (Saturn)	૧,૬૪,૬૩,૫૪,૮૨૦	૧,૨૪,૪૦,૧૯,૮૨૦
(૬) પ્રજાપતિ (યુરેનસ)	૩,૧૩,૧૭,૭૫,૬૪૦	૨,૫૬,૫૨,૮૭,૯૬૦
(૭) વરુણ (નેપ્ચૂન)	૪,૬૫,૨૬,૦૧,૯૪૦	૪,૨૭,૧૧,૮૮,૩૬૦
(૮) યમ (પ્લુટો)	૭,૨૫,૧૬,૮૬,૦૪૦	૪,૧૯,૨૩,૩૦,૭૦૦
(૯) ગુરુ-બૃહસ્પતિ	૯૬,૦૭,૭૫,૯૮૦	૫૮,૨૫,૮૧,૦૮૦

પ્રકાશની ગતિ દર સેકન્ડે ૨,૯૯,૭૮૭ કિ.મી. છે તેટલી ઝડપે પણ પૃથ્વીથી ૧૪,૯૬,૬૮,૦૦૦ કિ.મી. દૂરથી સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પહોંચતાં ફક્ત ૮ મિનિટથી કંઈક વધારે લાગે તેથી સૂર્ય એ એક તારો છે.

સૂર્ય ખૂબ જ તેજસ્વી પ્રકાશનો ગોળો છે. જે ગરમ ગૅસ અને રજકણોનો બનેલો છે. તે આપણને બીજા તારાઓ કરતાં ખૂબ મોટો દેખાય છે, કારણ કે બીજા તારાઓની સરખામણીમાં એ ખૂબ નજીક છે. એ પૃથ્વીથી ૧૫૦૦૦૮૦૦ એટલે કે ૧૫ કરોડ કિ.મી. દૂર છે. એ અંતર આપણને ખૂબ મોટું લાગે,



આકાશદર્શન, પૃથ્વી-ભ્રમણ, ચન્દ્ર, મેઘધનુષની રચના વગેરે

પરંતુ બીજા તારાઓ તો એથીયે ઘણા દૂર છે. સૂર્ય અને બીજા તારાઓ સ્વયંપ્રકાશિત છે જ્યારે ગ્રહો ફક્ત રાત્રે સૂર્યના પ્રકાશનું પરાવર્તન કરે છે.

આપણી પૃથ્વી અને આપણો ચન્દ્ર એ નક્કર ગોળાકાર દડા જેવા છે. જેની અંદર ધગધગતા ધાતુના રસ અને ખડક આવેલા છે. ફક્ત ઉપરનું પડ જ નક્કર છે જેમાં આપણે તથા બીજાં પ્રાણીમાત્ર ઝાડપાન ઈત્યાદિ વસેલાં છે.

ચન્દ્ર ઠંડી ખાણો-ખડકોનો બનેલો છે એમાં એવી ઊંડી ખાઈઓ છે કે જેની પહોળાઈ ૧૧૨૬ કિ.મી. જેટલી પહોળી છે અને ખાસ્સી ઊંડી પણ છે. એની પહોળાઈ ૧૨૭૪૩ કિ.મી. અને આપણાથી ૩૮૪૩૨૬ કિ.મી. દૂર છે. એટલે એનો અંદાજ આવી શકતો નથી. પૃથ્વીની ધરી ૨૩ ૧/૨ નમેલી હોવાને લઈ પૃથ્વીના જુદા જુદા ભાગ પર વધતી ઓછી ગરમી પડે છે અને તેને લઈ ઋતુઓનું સર્જન થાય છે. ફક્ત ભારત જ એવો દેશ છે જ્યાં છ ઋતુઓ (શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત) બને છે. જ્યારે બીજા દેશોમાં ચાર જ ઋતુઓ માલૂમ પડે છે. સૂર્ય-પૃથ્વી-ચંદ્ર અને બીજા ગ્રહો સૂર્ય સાથે ગુરુત્વાકર્ષણને લીધે જોડાયેલા છે અને નિયમિત પોતપોતાની કક્ષા પર સૂર્યની આસપાસ ફરે છે, જેમાં જરાય ફેરફાર થતો નથી એ જ જગન્નિયંતાની ખૂબી છે.

અગાઉ બધું નરી આંખે જોઈ કલ્પનાથી જ આકાશની અને ગ્રહોની રચના થઈ શકતી હતી. પરંતુ ટેલિસ્કોપ-દૂરદર્શકયંત્રની શોધ ઈ.સ.૧૬૦૮માં થઈ ત્યાર પછી ચોક્કસ

સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા. ૧૯૩૦માં રેડિયો ટેલિસ્કોપની શોધ થઈ ત્યારથી Quasars, pulsars, neutron તારાઓની શોધ થઈ. હવે તો સેટેલાઇટ ટેલિસ્કોપની મદદથી આ બધા ગ્રહો ખૂબ સરસ રીતે ચોખ્ખા જોઈ શકાય છે.

ગુરુ (બૃહસ્પતિ) અને શનિના ગ્રહો પ્રવાહી અને ગેસના બનેલા છે. જેઓ પોતાની ધરી પર એટલા બધા જલદી ફરે છે કે તેમનો દિવસ ૧૧ કલાકથી પણ ઓછા કલાકનો છે. યુરેનસ, નેપ્ચૂન અને પ્લૂટો ત્રણે ગ્રહો સૂર્યથી એટલા બધા દૂર છે કે તેમના વિષે ઝાઝી ખબર મળતી નથી.

યુરેનસ (પ્રજાપતિ)ની પહોળાઈ (વ્યાસ) ૫૦૭૯૦ કિ.મી. છે અને સૂર્યથી ૨૮૬૮૦૦૦૦૦૦ કિ.મી. છે. સૂર્યની પ્રદક્ષિણા ફરતાં ૮૪ વર્ષ થાય છે.

નેપ્ચૂન (વરુણ)ની પહોળાઈ (વ્યાસ) ૪૮૫૯૨ કિ.મી. છે. સૂર્યથી એનું અંતર ૪૪૯૬૦૦૦૦૦૦ કિ.મી. છે. અને સૂર્યની પ્રદક્ષિણા ફરતાં ૧૬૪.૮ વર્ષ લાગે છે.

પ્લૂટો (યમ)ની પહોળાઈ (વ્યાસ) ૨૯૯૯ કિ.મી. છે. સૂર્યથી એનું અંતર ૫૮૯૮૦૦૦૦૦૦ કિ.મી. છે. સૂર્યની પ્રદક્ષિણા ફરતાં એને ૨૪૭.૭ વર્ષ લાગે છે.

મંગળ અને ગુરુની વચ્ચે (Asterodis) ખરતા તારા ફરતા હોય છે જેમાંના કેટલાકની પહોળાઈ બે કિ.મી. જેટલી હોય છે અને તે ખડકના ટુકડા જેવા હોય છે. પૃથ્વીના ગુરુત્વાકર્ષણને લઈ પૃથ્વી પર સળગતી દશામાં ધસી આવે છે અને પૃથ્વી પર પહોંચતાં પહેલાં બળીને ભસ્મ થઈ ગયેલા હોય છે.

ધૂમકેતુઓ કેટલા છે તેની માહિતી હજુ સુધી મળી શકી નથી, પરંતુ સૂર્યની આસપાસ લાંબી મજલ કાપતા હોય છે અને વર્ષો બાદ પૃથ્વી પર નજરે પડે છે. હેલીનો ધૂમકેતુ ખૂબ જ જાણીતો છે જે પૃથ્વી પર ૭૬ વર્ષે દેખાય છે. ધૂમકેતુની પૂછડી અનેક રજકણોની બનેલી હોય છે અને પૂછડીની લંબાઈ ઘણી વાર માઇલો સુધી હોય છે.

આપણી સૂર્યમાળામાં ગણનાપાત્ર નવ ગ્રહો છે. જેમાં સૌથી મોટો ગ્રહ Jupiter ગુરુ-બૃહસ્પતિ ગણાય છે. એ આવડો મોટો છતાં સૂર્યની સરખામણીમાં ફક્ત એક બુંદ ટાંકણીના માથા જેવડો છે. એ વિસ્તારની દૃષ્ટિએ પૃથ્વી કરતાં ૧૩૦૦ ગણો મોટો છે. સૂર્ય આકાશમાં સૂર્યમાળાના વિસ્તારમાં ૯૯.૮૭ ટકા રોકે છે. છતાં પણ આ સૂર્યમાળાના ગ્રહો આપણી દૃષ્ટિએ ખૂબ જ દૂર છે અને દરેકની ભ્રમણકક્ષા પણ એવી છે કે એક ગ્રહ બીજા ગ્રહ સાથે ટકરાતો નથી.

આપણને ખયાલ છે તે મુજબ જીવંત વસ્તુઓ (મનુષ્ય-પ્રાણી-પક્ષી-વનસ્પતિ) ફક્ત પૃથ્વી પર જ પાંગરી છે કારણ કે પૃથ્વીનું વાતાવરણ જ એને અનુકૂળ છે જ્યારે બીજા ગ્રહો બુધ જે સૂર્યથી પાસેમાં પાસેનો ગ્રહ છે. એની જે બાજુ સૂર્યનો પ્રકાશ પડે છે ત્યાં લગભગ ૫૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ ગરમી પડે છે. શુક્ર જે બુધથી લગભગ બમણા અંતરે - સૂર્યથી છે અને પૃથ્વીથી ૨૫૦૦૦ ૦૦૦ માઇલના અંતરે છે. તેના ઉપર ૧૦૦° સેન્ટીગ્રેડ ગરમી પડે છે.

બીજા ગ્રહો પૈકી શનિ (Saturn)ને ફરતે ખૂબ નજીક નાના નાના રજકણોની રિંગ છે જેનો પડછાયો શનિ પર પડે છે યુરેનસ, નેપ્ચૂન અને પ્લૂટો સૂર્યથી ખૂબ દૂર છે. ઉપરાંત તે હાઇડ્રોજન, હલીઅમ, (Methane) મીથેન તથા એમોનિયાથી ઘેરાયેલા છે એટલે તેના પર જીવસૃષ્ટિ અશક્ય છે. એમ મનાય છે કે મંગળ પર કાંઈક જીવીત તત્ત્વ છે. પરંતુ સેવાળ જેવી વનસ્પતિ સિવાય બીજાં કોઈ જીવંત તત્ત્વને અવકાશ નથી.

આમ છતાં અવકાશમાં આપણા સૂર્ય જેવા બીજા તારાઓ હશે, તેઓની ગ્રહમાળાઓ પણ હશે કે જ્યાં કોઈ જીવંત તત્ત્વ પણ હશે. પરંતુ તેનો તાગ હજી સુધી મેળવી શકાયો નથી, એ એક વણઉકલ્યો કોયડો છે અને કલ્પનાતિત છે. આપણી પૃથ્વી પર જે જીવંત તત્ત્વ છે તે પણ સ્થિર-સ્થગિત નથી. તે ખૂબ જ પરિવર્તનશીલ છે જેને આપણે ઉત્ક્રાન્તિ કહીએ છીએ.

સૂર્યમાં જે ગરમી છે, જે આપણને ગરમી આપી જીવંત રાખે છે, તે ગરમી અને પ્રકાશ અને શક્તિ તે સૂર્ય જે એક ન્યુક્લીઅર ગૅસારૂઢ ભઠ્ઠી છે તે નિરંતર ધગધગતી રહે છે. જેની ગરમી અંદાજે ૩૬૦૦૦૦૦૦° ૩૬૦ લાખ ડિગ્રી ગણાય છે. આ પ્રક્રિયા નિરંતર ચાલ્યા કરે છે. એમાંથી જે અનર્ગત રેડીએશન ઉત્પન્ન થાય છે તે દર સેકન્ડે લગભગ ૪૦ લાખ ટન ગુમાવે છે. આ બધું છતાં સૂર્ય પોતાની ગરમી તેજ-શક્તિ હજુ પણ બીજા ૧૬૦૦૦૦૦૦૦૦૦° (૧૬ હજાર મિલિઅન વર્ષો) વર્ષો સુધી આપતો રહેશે. એટલે પૃથ્વીવાસીઓને કાંઈ જ ચિંતા કરવા જેવું નથી.

સૈકાઓથી એવી માન્યતા ચાલી આવી છે કે આ ભવ્ય સૃષ્ટિનું મધ્યબિંદુ પૃથ્વી જ છે અને સૂર્ય તથા બીજા ગ્રહો એની આસપાસ ફરે છે. ખગોળશાસ્ત્રીઓએ સાબિત કર્યું છે કે એ માન્યતા ખોટી છે. આ અવકાશ અનંત છે અને તેમાં અનેક સૂર્યો, ગ્રહો, ગ્રહમંડળો, સૂર્યમંડળો - નિહારિકા - નક્ષત્રો અને રાશિઓ તથા આકાશગંગાઓ આવેલાં છે તેનો તાગ મેળવવો ઘણો મુશ્કેલ છે. જે કાંઈ આજપર્યંત સંશોધન થયું છે તે અલ્પ જ થયું છે અને સંશોધન ચાલુ છે. કહેવાય છે કે આકાશમાં ૫૦૦થી વધારે નિહારિકા - આકાશગંગા છે. અને તારાઓ તો ગણ્યા ગણાય નહીં એટલા લગભગ એક લાખ મીલીઅન જેટલા હશે. જેના ભાગરૂપે આપણું સૂર્યમંડળ છે.

ભારતીય ખગોળશાસ્ત્ર અનુસાર આ નિહારિકા - આકાશગંગા જેને આપણે નક્ષત્રો કહીએ છીએ. નક્ષત્રો ૨૭ છે (અગાઉ અભિજિત નક્ષત્રને ગણતાં કુલ ૨૮ નક્ષત્રો થતાં પણ અભિજિત નક્ષત્ર પૂર્વાષાઢામાં આવી જાય છે તેથી ૨૭ નક્ષત્ર ગણાય છે.) અને નક્ષત્રોને પાછા બાર વિભાગમાં દર્શાવ્યા છે તેને રાશિ કહે છે. રાશિ ૧૨ છે. આ દરેક રાશિનું કદ-આકૃતિ-ઘાટ જુદા જુદા છે. અને દરેકમાં અસંખ્ય લાખો કરોડો નાના મોટા તારાઓ આવેલા છે. એ રાશિઓના ઘાટ ઉપરથી જ તેમનાં જુદાં જુદાં નામ પડ્યાં છે.

સપ્તર્ષિ નામના સાત તારાઓનું ઝૂમખું જેમાં ધ્રુવનો તારો આવેલો છે તે વર્ષોથી એક જ જગ્યાએ ઉત્તરમાં દેખાય છે. છતાં તેઓ ગતિમાન છે પરંતુ એની ગતિ એટલી ધીમી છે કે લગભગ બે લાખ વર્ષ પછી એની જગામાં ફેરફાર થશે. જો કે એ તારાઓ ખરી રીતે ખૂબ જ ઝડપથી આકાશમાં ફરે છે પરંતુ અમાપ અંતરને લીધે ગતિ ધીમી લાગે છે.

સપ્તર્ષિનાં નામ : (૧) અગસ્ત્ય, (૨) અત્રિ, (૩) ભૃગુ, (૪) કુત્સ, (૫) વશિષ્ઠ, (૬) ગૌતમ, (૭) ધ્રુવ, (૮) કશ્યપ, (૯) અંગીરસ. (૧૦) અરૂંધતિ. (ત્રણ નામો ગણવાના નથી (૧) ધ્રુવ, (૨) અગસ્ત્ય, (૩) અરૂંધતી). જ્યારે હોકાયંત્રની શોધ નહોતી થઈ ત્યારે સપ્તર્ષિ તારાઓ પૈકી ધ્રુવના તારાના આધારે વહાણોને દિશાની ખબર પડતી. માનવી જ્યારથી સમજણો થયો. ત્યારથી નદી-તળાવ-સરોવર-દરિયો-મહાસાગરમાં વહાણ મારફતે એ જુદા જુદા પ્રદેશોમાં વિચરતો રહ્યો અને પોતાના અસ્તિત્વની નિશાની, કલાના કંઈક નમૂના મારફતે મૂકતો ગયો. કહેવાય છે કે માનવીની પ્રથમ હસ્તી જંબુ દ્વીપમાં (Asia-એશિયા) થઈ ત્યાંથી એણે ચારે બાજુ જમીન-જંગલ- પાણી માર્ગે બીજા ખંડોમાં પ્રવેશ કર્યો. કહેવાય છે કે લાખો વર્ષો પૂર્વે એશિયાનો માનવી બેરિંગની સામુદ્રધુની વટાવી એશિયામાંથી અમેરિકાખંડમાં પ્રવેશ્યો અને અલાસ્કાથી દક્ષિણ અમેરિકા સુધી ભ્રમણ કર્યું. એ જ ઉત્તર એશિયા અને મધ્ય એશિયાનો માનવી દક્ષિણ તરફ ગયો, ઈરાન-પરશિયા સુધી સાથે રહ્યો અને માનવીના સમૂહનો એક ભાગ ભારતમાં આવ્યો. બીજો યુરોપમાં પ્રવેશ્યો. કદાચ આફ્રિકામાં પણ એ જ રીતે બન્યું હોય. પછી આબોહવાની અસર દરેક સમૂહ પર પડતાં એનાં રૂપરંગ બદલાયાં હોય. આ રીતે માનવજાત જુદી જુદી છતાં એક જ છે. એનો આત્મા આવિષ્કાર લાગણી ઇત્યાદિ એક જ છે. પરંતુ ભગવાને વૈવિધ્ય બતાવવા આ પ્રમાણે કર્યું હોય ! (ક્રમશઃ)

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

સને ૧૯૮૨ના ઉનાળામાં શ્રી ૧૦૦૮શ્રી અભિનવ સચ્ચિદાનંદતીર્થજી શંકરાચાર્યજી વેરાવળમાં બ્રહ્મલીન થયા. પોરબંદર કોઈ ઉદ્ઘાટન (બનતા સુધી કસ્તુરબા ગાંધીના નિવાસસ્થાન કે અન્ય) માટે ત્યારે ગૃહમંત્રી જ્ઞાની ઝૈલસિંહ આવ્યા હતા, તેમને દિલ્હીથી વાયરલેસ સંદેશો મળતાં તે દ્વારકા શારદાપીઠમાં પોતાના અને ભારત સરકાર વતી શોક પ્રકટ કરવા મધ્યાહ્ન પહેલાં આવી પહોંચ્યા. હું ત્યારે દ્વારકા શારદાપીઠ વિદ્યાસભાનો મંત્રી (૧૯૬૦-૮૫) હતો. શારદાપીઠ વિદ્યાસભા દ્વારકા ક્ષેત્રમાં આર્ટ્સ-એજ્યુકેશન-કોમર્સ કોલેજ, સંસ્કૃત એકેડેમી-ઇકોલોજિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (જેનું ઉદ્ઘાટન (ઉપરાષ્ટ્રપતિ - ત્યારે શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણને કરેલું)- આશ્રમશાળા વગેરે ચલાવે છે. મેં આ સંસ્થાઓ તથા મંદિરમાં દર્શન કરાવવામાં સાથ આપ્યો. સહૃદયે શોકમગ્ન હૃદયે તેમણે બ્રહ્મલીન શંકરાચાર્યજી માટે શોકનોંધ લખી. શ્રીકૃષ્ણ પ્રભુના દર્શન કરતાં કરતાં વળતાં - દ્વારકામાં ધર્મ માટે જાન આપનારા પંજપ્યારેની વિગત પૂછી અને જણાવ્યું કે, 'દ્વારકાના ધોબી હુકમચંદજી પંજપ્યારેમાંના એક હતા. તેમનું નિવાસસ્થાન બતાવી શકશો?' અમે ત્યારે જ આ હકીકત જાણી, પછી અશક્તિ દર્શાવી.

પછી તો અંગત વાતો થઈ. કહે, 'હું ગૃહપ્રધાન છું, પણ ઇન્દિરાજીને ઇશારે મારે મારી પોરબંદરની સભા વગેરે કાર્યક્રમ ટૂંકાવી અત્રે આવવું પડ્યું છે, અને અત્રે ગુરુદ્વારા કે પંજપ્યારેના નિવાસ જવા માટે સમય આપી શકાય તેમ નથી. દિલ્હી પહોંચવાનું છે! રાજકારણમાં પક્ષ અને વડા પ્રધાન પાસે આપણી સ્વતંત્રતા જળવાતી નથી એ ખરેખર દુઃખદાયક છે.'

વાતો વધતી ચાલી અને સાંપ્રદાયિક ઝઘડાઓ વિષે તેઓ બોલ્યા, 'શીખધર્મમાં ગ્રંથસાહેબમાં બધા ધર્મોમાંથી સંતોનાં વચનો છે.' તેમાં મહાભારત, રામાયણ, સૂફી સંતોના અને મુસ્લીમ મહાત્માઓનાં વચનો સામેલ છે. અને રાજકારણીઓએ હિન્દુ અને મુસ્લિમો વચ્ચે કેવડું મોટું સાંપ્રદાયિક અંતર વધાર્યું છે!'

જ્ઞાનીજી ખૂલતા ગયા: અત્યારે રાષ્ટ્રિય ડેમોક્રેટિક સંગઠન (એન.ડી.એ.)માં વડાપ્રધાન અટલબિહારી બાજપાઈએ કેટલી સ્વતંત્રતા આપી છે. તેમાં જોડાએલા ૨૪ પક્ષોનું પ્રતિનિધિત્વ કરતાં અને પોતાના પક્ષ ભા.જ.પ.ના પ્રધાનો - રાષ્ટ્રિય સમજૂતી મુજબ થયેલા - મિનિમમ કોમન પ્રોગ્રામ છતાં સૌ પોતાના વિચારો સ્વતંત્રતાથી રજૂ કરી શકે છે. એ વિચારતાં જ્ઞાનીજી યાદ આવી ગયા! □

આજે કર્ફ્યૂ નહિ!

— ઉપેન્દ્ર ર. ભટ્ટ —

ઈંગ્લંડના રાજા ચાર્લ્સ પહેલાના રાજ્યઅમલ દરમિયાન આંતર-વિગ્રહના સમયે સંને૧૬૪૨થી ૧૬૪૬ વચ્ચે બનેલી આ ઘટના છે

ઈંગ્લંડની પાર્લમેન્ટમાં સત્તા ઉપરના પક્ષના એક સંસદસભ્યે વિરોધપક્ષના એક સાંસદના દીકરા ઉપર ખૂન કર્યાનો ખોટો આરોપ મૂક્યો, અને કેસ ચલાવરાવ્યો.

કહેવાતા ખૂનીને મૃત્યુની સજા થશે એવું સૌને લાગવા માંડ્યું.

ચુકાદો જાહેર થવાનો હતો એ સાંભળવા તે દિવસે અદાલતમાં લોકોની ઠઠ જામી હતી. એમાં કહેવાતા આરોપીની લગ્ન માટે વચનબદ્ધ પ્રેમિકા બેસી પણ હતી.

ન્યાયાધીશે ચુકાદો વાંચી સંભળાવ્યો : 'આજે સૂરજ આથમે અને કર્ફ્યૂનો ઘંટ વાગે કે તરત જ બેસિલ અન્ડરવૂડને ફાંસીએ ચઢાવી દેવામાં આવશે!'

આ સાંભળી બેસી ધોળી પૂણી જેવી થઈ ગઈ. એના વિચારમગ્ન ચિંતાતુર ચહેરા ઉપર વિષાદનાં વાદળ છવાઈ ગયાં. આંસુનું એક પણ ટીપું પાડ્યા સિવાય કે નિઃસાસો નાખ્યા સિવાય નીચા નમી ગયેલા માથે અને નિરાશાભર્યા અવાજે બેસી ગણગણી, 'આજે કર્ફ્યૂનો ઘંટ નહિ જ વાગે!'

યુરોપમાં મધ્યયુગમાં અને તે પછી પણ સૂરજ આથમે કે તરત જ કેટલાક દેશોમાં અગ્નિ અને દીવા બુઝાવી નાખવા માટે ઘંટ વગાડવામાં આવતો.

આગ લાગે તો એ અટકાવવા માટે અને રક્ષણ માટે એની પૂર્વતૈયારીરૂપે એમ કરવામાં આવતું, કારણ કે એ સમયમાં ઘણાંખરાં ઘર લાકડાનાં બનાવવામાં આવેલાં હતાં.

'કર્ફ્યૂ'નો અર્થ છે 'અગ્નિને ઢાંકો' આજે 'સંચારબંધી'ના અર્થમાં તે વપરાય છે.

સાંજ પડવા લાગી. પશ્ચિમની ટેકરીઓ ઉપર સૂરજનાં છેલ્લાં કિરણ સુંદરતા પથરતાં હતાં.

થાકેલાં ધીમાં ડગલાં ભરતી બેસી એના સૂકા પડી ગયેલા ઓઠે ગુંજી ઊઠી : 'આજે કર્ફ્યૂનો ઘંટ નહિ જ વાગે!'

જ્યાંથી કર્ફ્યૂનો ઘંટ વગાડાવામાં આવતો તે દેવળમાં બેસી પહોંચી ગઈ. સામે પણ જરાક દૂર કેદખાનાની કાળી દીવાલો દેખાતી હતી. તે તરફ આંગળી ચીંધીને બેસીએ દેવળના રખેવાળને કહ્યું, 'પે...લા કેદખાનામાં મારો પ્રિયજન છે. આજે કર્ફ્યૂનો ઘંટ વાગે કે તરત જ એને ફાંસીએ ચઢાવવાની સજા ન્યાયાધીશે ફરમાવી છે. આ ધરતી ઉપર મને સહાય કરી શકે એવું કોઈ નથી! રાજ્યસંરક્ષક લૉર્ડ ક્રૉમ્બેલ બહારગામ ગયા છે. તેઓ આજે સૂર્યાસ્ત થયા પછી પાછા આવવાના છે. આજે કર્ફ્યૂનો ઘંટ વાગવો ન જોઈએ.'

રખેવાળે કહ્યું, 'આ અંધારિયા ટાવરમાંથી કેટલાંય વર્ષોથી, સૂરજ આથમે કે તરત જ તેની જાણ કરવા માટે બહુ ચોકસાઈથી મેં કર્ફ્યૂનો ઘંટ વગાડ્યો છે. મેં મારી ફરજ પ્રામાણિકપણે બજાવી છે. હવે હું ઘરડો તેમ છતાં મારે એમ જ કર્યા કરવાનું છે. આજે કર્ફ્યૂનો ઘંટ વાગવો જ જોઈએ!'

બેસી ચમકી ઊઠી. તે ઉશ્કેરાઈ ગઈ એનું હૃદય જોરથી ધડકવા લાગ્યું. આવેશથી તે બેબાકળી બની ગઈ. તેણે મનોમન નિશ્ચય કર્યો કે 'આજે કર્ફ્યૂનો ઘંટ ન જ વાગવો જોઈએ!'

બેસી ધીમે પગલે આગળ ચાલી, અને ચર્ચના જૂનાપુરાણા બારણાની અંદર તે કૂદી પડી. ધીમે ધીમે ચાલીને પાછળ આવતા રખેવાળ કરતાં બેસી આગળ નીકળી ગઈ. એક મિનિટ પણ તે અટકી નહિ. ટાવરની ધૂળભરેલી નિસરણી ઉપર બેસી ચડતી હતી ત્યારે એના ફિક્કા પડી ગયેલા હોઠ કહેતા હતા : 'આજે કર્ફ્યૂનો ઘંટ નહિ જ વાગે!'

બેસી નિસરણીના છેક ઉપરના પગથિયે પહોંચી ગઈ હતી. મોટા શ્યામ ઘંટની નીચે તે ઊભી હતી. નીચે બધે જ ખૂબ ઘેરો અંધકાર ફેલાયેલો હતો.

હવે કર્ફ્યૂનો ઘંટ વાગવાનો વખત થયો છે એટલે જાણે કે બેસીનો શ્વાસ થંભી ગયો છે. એ વિચારે છે, 'હું પોતે એ ઘંટ વાગવા દઈશ? ના! કદી પણ નહિ!!'

બેસીની આંખો ચમકી ઊઠે છે. બેસી કૂદકો મારે છે અને ઘંટમાંનું લોલક - ઘંટની જીભ એના ધ્રૂજતા બંને હાથે સજ્જડ પકડી રાખે છે. એનાથી બોલી જવાય છે, 'આજે કર્ફ્યૂનો ઘંટ નહિ જ વાગે!'

અને ઘરડો રખેવાળ દોરડું ખેંચી ઘંટ વગાડ્યા જ કરતો હતો, પણ તે બહેરો, હતો એટલે ઘંટ વાગે કે ન વાગે તેનો અવાજ એ સાંભળી શકતો નહોતો. પણ એ તો માનતો હતો કે 'ઘંટ વાગ્યા જ કરે છે!'

બેસી લોલકને ખૂબ સજ્જડ ચોંટી વળગી રહી. એના ફિક્કા હોઠથી તે બોલી : 'આજે કર્ફ્યૂનો ઘંટ નહિ જ વાગે!'

ઘંટ વાગતો રાખવાનો સમય પૂરો થઈ ગયો. ઘંટ ઝૂલતો બંધ થઈ ગયો. એટલે જ્યાં વરસો સુધી કોઈએ પણ પગ નહોતો મૂક્યો તે ધૂળભરેલી નિસરણી બેસી સ્થિર પગલે ઊતરવા લાગી.

આજે સંધ્યાકાળે ઘંટ વાગ્યો નહિ.

રાત પડી ગઈ હતી.

રાજ્યસંરક્ષક લૉર્ડ ક્રોમ્વેલ બહારગામથી પાછા આવી ગયા હતા. બેસી એમને મળવા ગઈ. એણે આદરથી રાજ્ય સંરક્ષકને વંદન કર્યા. પછી એણે એની વ્યથા-કથા સંભળાવી.

રાજ્યસંરક્ષક ક્રોમ્વેલે બેસીના હાથ ઉપર અસંખ્ય ઉઝરડા અને ચીરા પડેલા જોયા. બેસીની નિર્દોષ મધુર પણ વિષાદ ભરેલી મુખાકૃતિ ક્રોમ્વેલના દિલને સ્પર્શી ગઈ. એમણે બેસીને કહ્યું, 'દીકરી! નિશ્ચિત થઈને જા! તારો પ્રિયજન સજામાંથી મુક્ત છે! આજે કર્ફ્યૂનો ઘંટ વાગ્યો જ નથી! □

——કલાસ્મૃતિ——

કલાગુરુ શ્રી નંદલાલ બોઝ

ભારતીય ચિત્રકલાના ઇતિહાસમાં પુરરુત્થાનના સમયમાં જે થોડાક યશસ્વી



કલાકારોનાં નામ ગણી શકાય તેમાં કલાગુરુ શ્રી નંદલાલ બોઝનું આગવું નામ છે. આપણા દેશની સ્વતંત્રતાની પ્રક્રિયા અને આઝાદી મળી તે સમયગાળો તેમની સર્જનશક્તિ દેશ સમક્ષ લાવવા માટે અતિમહત્ત્વનો ગણાયો છે. ભારતીય રાષ્ટ્રિય કૉંગ્રેસના લખનૌ અને અમદાવાદના અધિવેશનોમાં તેમણે બંગાળની લોકકલાની ઝલક શુસોભનો દ્વારા સમગ્ર દેશ સમક્ષ મૂક્યાં અને લોકકલાને જીવંત કરી બતાવી.

કલાગુરુ નંદબાબુનો જન્મ ઈ.સ. ૧૮૮૩માં બિહાર રાજ્યના ખડકપુરમાં થયો હતો. વધુ અભ્યાસ અર્થે કલકત્તા આવ્યા. વાણિજ્યનો અભ્યાસ ૧૯૦૫માં પ્રેસિડેન્સી કોલેજમાં કર્યો. ૧૯૦૫થી ૧૯૧૦ ગવર્નમેન્ટ કોલેજ ઑવ્ આર્ટમાં કલાના અભ્યાસક્રમમાં જોડાયા. અને શ્રી અવનીન્દ્રનાથના પ્રથમ પંક્તિના વિદ્યાર્થીઓમાં સ્થાન પામ્યા. ચિત્રસર્જન સાથે, જોરાસાંકોની, નિવેદિતા ગર્લ્સ સ્કૂલમાં કલાના શિક્ષક તરીકે જોડાયા. ચારેક વર્ષ સેવાઓ આપી. ત્યાર બાદ વિચિત્રા ક્લબ નામની સંસ્થામાં એક વર્ષ ચિત્રશિક્ષણ આપ્યું. આ બન્ને જગાઓ અર્ધા સમય માટેની હતી. અર્ધો સમય તેમણે પોતાના ચિત્રસર્જન માટે અલાયદો રાખેલ હતો.

સને ૧૯૧૮-'૨૧ દરમિયાન તેમનું સારા ચિત્રકાર અને શિક્ષક તરીકે નામ ગુંજતું થયું હતું. શ્રી અવનીન્દ્રનાથના સૂચનથી તેઓ ઇન્ડિયન સોસાયટી ઑવ્ આર્ટ, અને વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતનના કલાભવનમાં જોડાયા, અને ૧૯૨૨થી '૫૩, લગભગ ૨૯ વર્ષ સુધી કલાભવનમાં અધ્યક્ષ અને પ્રિન્સિપાલ તરીકે પોતાની સેવાઓ આપી. પોતાના શાંતિનિકેતનના સમયકાળ દરમિયાન તેઓ કવિવર શ્રી અવનીન્દ્રનાથ ટાગોરના સંપર્કમાં આવ્યા અને ઋતુઓ દરમિયાન ઉજવાતા ઉત્સવોના સ્ટેજ-સજાવટનાં દશ્યો સુશોભનો વગેરે કાર્યમાં હંમેશાં અગ્રસર રહેતા હતા. ગુરુદેવનાં નાટકો, શ્યામા નટીરપુજા, તાશેરદેશ વગેરેમાં શ્રી નંદબાબુ દ્વારા થએલાં સુશોભનો હજુ પણ લોકહૃદયમાંથી ખસ્યાં નથી. તેમને ટાગોરની એક પુસ્તિકા 'ધી કલેકટેડ પોએમ્સ ઑવ્ ટાગોર'માં પ્રસંગચિત્રો અને રેખાંકનો કરવાનો મોકો મળ્યો આથી તેમને અનન્ય ખ્યાતિ મળી.

શ્રી રવીન્દ્રનાથ ટાગોરના પરદેશના પ્રવાસો દરમિયાન; ભજવાતી નાટિકાઓમાં તેમની સજાવટ અને સુશોભન-શક્તિના કારણે નંદબાબુને ચીન અને જપાન જેવા દેશોમાં જવાનો લાભ પણ મળ્યો. જપાની કલા અને કલાકારો સાથેનો પરિચય અને અનુભવ તેમને ખૂબ જ લાભદાયી નિવડ્યો. શ્રી નંદબાબુ એ અજંતાનાં ભીંતચિત્રોની અનુકૃતિ કરવાનું કામ પ્રખ્યાત ચિત્રકાર શ્રી અસિતકુમાર હલદર સાથે રહીને કર્યું. શ્રી અવનીન્દ્રનાથ ટાગોરની 'વોશ' પદ્ધતિ જપાની ચિત્રકારોની રેખાંકન પદ્ધતિ અને શક્તિશાળી રેખાંકન પદ્ધતિ સાથે અજંતાનાં શૃંગારીક અને અલંકૃત પ્રતીકોની તેમના સમગ્ર કામ ઉપર વિવિધતાસભર અસર જોવા મળે છે. તેઓ એક સિદ્ધહસ્ત રેખાંકનકાર ગણાતા હતા. તેમની રેખાઓમાં શક્તિ, તરલતા, લય અને પાત્રની કે વસ્તુની ખાસ પ્રકારની લાક્ષણિકતાનાં દર્શન થતાં હતાં.

આપણે જાણીએ છીએ તેમ બંગ ચિત્રશૈલીમાં, યુરોપીઅન કલાની જેમ છાયા-પ્રકાશનું આલંબન હોતું નથી. રંગ-પ્રસાર તંત્રનો વિકાસ થાય છે અને યથાર્થ દર્શનનો આભાસ થાય છે. શ્રી નંદબાબુની આ શૈલીમાં રંગો વાદળોની ઘટાની જેમ એકબીજામાં ભળી જતા હોય તેમ દેખાય છે. સર્જનમાં તેમણે સંપૂર્ણ ભારતીય શૈલી જ અપનાવી હતી. તેમનાં ચિત્રો પ્રસંગને અનુરૂપ કથાત્મક નિરૂપણ કરતાં હોય છે. પાત્રોને અલંકૃત કરવાની તેમની એક ખાસ પદ્ધતિ હતી, જે પાત્રની રચના સાથે એકરૂપ થઈ જતી. તેમનાં ચિત્રોમાં એક પાત્ર હોય કે અનેક પાત્રોનો સમૂહ હોય, બધામાં શારીરિક માપતાલ, લય, તાલ અને ભાવભંગિમાં સરખાં રહેતાં. પાત્રોના ચહેરા, આંગળીઓ, કોણી, ઉરપ્રદેશ, નિતંબ સાથે સંથાલ કન્યાએ શરીર ઉપર વિંટાળેલ એક કપડું, ઘેરો બ્રાઉન રંગ અને માથામાં સફેદ ફૂલો,

(અનુસંધાન પૃ. ૫૭૫)




શ્રી નંદલાલ બોઝનું ચિત્ર
'મહાભિનિષ્ક્રમણ' બુદ્ધ અને સુજાતા

કલાવાર્તા

જલેન્દુ દવેનાં તાંત્રિક ચિત્રો

વડોદરા નિવાસી જાણીતા કલાકાર જલેન્દુ દવેનો જન્મ ઉચ્ચ અને સંસ્કારી



નાગર કુટુંબમાં તા.૪-૧૨-૧૯૪૦ના રોજ વડોદરામાં થયો. પિતાશ્રી કાન્તિલાલ દવેના સંગીતસંસ્કારો તથા આધ્યાત્મિકતા નાનપણથી જ પામ્યા. શ્રી સયાજી હાઈ સ્કૂલમાં માધ્યમિક શિક્ષણ મેળવ્યું અને તે વેળાના કલાશિક્ષક શ્રી પન્નાલાલના સાન્નિધ્યમાં તેમને ચિત્રકલા પરત્વે આકર્ષણ અને રસ પેદા થયાં. શ્રી સી.એન. કલામહાવિદ્યાલય, અમદાવાદમાં સ્વ. કલાગુરુ શ્રી રસિકભાઈ પરીખ અને સ્વ.શ્રી વાસુદેવ સ્માર્ત પાસે કલાની તાલીમ લીધી. ત્યાર બાદ ડ્રોઈંગ શિક્ષક કોર્સ તથા પ્રથમ ચિત્રકલાની પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરી, વડોદરામાં શ્રી નારાયણ હાઈસ્કૂલમાં ૧૯૬૨માં કલાશિક્ષક તરીકે જોડાયા. ચિત્રકલાનો ડિપ્લોમા પ્રથમ વર્ગમાં અને આર્ટ માસ્ટરની ઉપાધિ ૧૯૬૬માં મેળવ્યાં. ચિત્રપ્રદર્શનોમાં ભાગ લેવાનું શરૂ કર્યા પછી અત્યાર સુધીમાં તેમને વડોદરા શહેર, રાજ્ય તથા આંતરરાષ્ટ્રિય કક્ષાએ પ્રસિદ્ધિ મળી છે. સાહિત્ય, સંગીત, કલા, ભારતીય સંસ્કૃતિમાં અન્યોન્ય, નિકટપણે સંકળાયેલા



'વિઘ્નશ્વર'નું તાંત્રિક આલેખન


હોઈ જલેન્દુએ સંગીતમાં રુચિ જાગતાં વડોદરાની મ્યૂઝિક કોલેજમાંથી તબલાંનો ડિપ્લોમા પ્રથમવર્ગમાં પ્રાપ્ત કર્યો. તેમના જાણીતા કલાગુરુ તબલાવાદક સુધીરકુમાર સક્સેનાજીના સાંનિધ્યમાં તબલાવાદનમાં પ્રાવીણ્ય મેળવ્યું. સાહિત્યિક પ્રવૃત્તિઓમાં સતત રસ તથા ભાગ લેતા રહ્યા છે.

જલેન્દુએ ચિત્રકલાક્ષેત્રે અનેક ઇનામો મેળવ્યાં છે. તેમાં મુખ્ય છે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનું ઇનામ (૧૯૭૦), અખિલ હિન્દ મહાકૌશલ કલા પરિષદ-રાયપુરનાં ૧૯૭૧, '૭૬, '૮૨, '૯૨, '૯૩, '૯૭નાં ઇનામો, આંધ્રપ્રદેશ કલાપરિષદનું ૧૯૭૨નું ઇનામ, ગુજરાતી સાહિત્ય પરિષદ, સૌરાષ્ટ્ર સાહિત્ય પરિષદ, રાજકોટનું ૧૯૯૦નાં ઇનામો,



'શ્રી શક્તિ' - યંત્ર, તંત્ર અને બીજમંત્રોનાં કલાત્મક સમન્વય

ત્રીજા બિનાલે ઇન્ડિયન ડ્રોઇંગનો નેશનલ એવોર્ડ અને ગોલ્ડ મેડલ, ચંડીગઢ ૧૯૯૬ માં. તેમણે ૧૯૬૨થી ૨૦૦૦ સુધીનાં વર્ષોમાં ૩૫ વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં છે. વડોદરા, મુંબઈ, અમદાવાદ, જૂનાગઢ, ભૂજમાં તે યોજાયાં. તદુપરાંત પરદેશમાં લંડન, યુ.એસ.એ., કેનેડા, ન્યૂ યોર્ક, ન્યૂ જર્સી,. ફ્રાન્સ, જર્મની, કેનિયા જેવાં સ્થળોએ તેમનાં વૈયક્તિક પ્રદર્શનો યોજાયાં અને તેમનાં ચિત્રોમાંની નિતાંત ભારતીય દશ્યકલ્પનાઓએ વિદેશી કલારસિકો અને વિવેચકોનું ખાસ ધ્યાન ખેંચ્યું. તેમણે અત્યાર સુધીમાં ૨૦ સ્લાઈડ શો કર્યા છે. ૧૯૯૮માં પરદેશમાં યુ.કે.



'મોરનું રાજ્ય' - એક સુશોભનાત્મક, લયાત્મક સંરચના

અને અમેરિકામાં પણ સ્લાઈડ શો કર્યા. ૩૫ સમૂહપ્રદર્શનોમાં ભાગ લીધો. આ ઉપરાંત વડોદરાના કીર્તિમંદિર ખાતે 'ભારતીય તંત્રશાસ્ત્ર' વિષયના નેજા હેઠળ પ્રથમ તાંત્રિક ચિત્રોનું પ્રદર્શન એમ.એસ. યુનિવર્સિટી, વડોદરામાં તથા સ્વ. સયાજીરાવ ગાયકવાડની સ્મૃતિમાં ૧૯૮૩માં યોજ્યું. ૧૯૯૬માં ફાંસ અકાદમી ખાતે તેમનાં તાંત્રિક ચિત્રો પ્રદર્શિત કરવા માટે પસંદ કરાયાં. 'ધર્મયુગ' તથા 'કુમારે' પણ તેમનાં ચિત્રો છાપ્યાં છે. ભારતનાં, પરદેશનાં સંગ્રહ-સ્થાનો, ખાનગી સંગ્રહોમાં તેમનાં ચિત્રો સંગ્રહાયેલાં છે. તેમણે મ્યુરલ ભીંતચિત્રો ભારતનાં શહેરોમાં તથા પરદેશમાં કુલ ૩૧ તૈયાર કર્યાં છે અને તેમાં સામગ્રી તરીકે સિમેન્ટ, લાકડું, મેટલ રંગોનો સૂઝપૂર્વકનો માધ્યમો તરીકે ઉપયોગ કર્યો છે. તેમના 'તાંત્રિક કલા' પરના લેખો દૈનિક પત્રોમાં પ્રસિદ્ધ થયા છે. તેમણે આમંત્રણ પત્રિકાની કેટલીક સુંદર ડિઝાઈનો કરી છે અને રંગમંચનું સુશોભન પણ કર્યું છે. તેમણે સંગીતક્ષેત્રે નામી ગાયકો, સંગીત-નિર્દેશકો, નૃત્ય નિર્દેશકો તથા સિને ગાયકો જોડે પણ સંગીત આપ્યું છે. સાહિત્યક્ષેત્રે રસકવિ દયારામનાં જીવન તથા કવન પરથી એક ચિત્રકામ પ્રદર્શનનું આયોજન કરેલું અને તે વેળા તૈયાર કરેલાં તેમનાં ચિત્રો ૧૯૬૩માં ડભોઈની સંસ્થાને ભેટ ધર્યાં છે. સામાજિક ક્ષેત્રે પણ તેમણે પ્રશસ્ય કાર્ય કર્યું છે અને તે માટે સન્માનિત પણ થયા. તેમની કારકિર્દીની શરૂઆતના તબક્કામાં તેમણે સપાટ રંગોમાં શૈલીગત ભારતીય આકૃતિવાળાં, ગ્રામ્યજીવન પર, પુરાણ કથાઓ પર ચિત્રો કર્યાં. મોર પરની તેમની શ્રેણી ખૂબ વખણાયેલી છે.

આડંબર રહિત, વિનમ્ર, સરળ અને જલકમલવત્ સ્વભાવ ધરાવતા અને બાહ્ય રીતે તેમજ પ્રકૃતિએ પણ કોઈ ભારતીય સંત જેવો દેદીપ્યમાન ચહેરો ધરાવતા જલેન્દુની અમદાવાદનાં તેમનાં તાંત્રિક ડ્રોઈંગ્સનાં પ્રદર્શન વેળા ઊડતી મુલાકાત લેવાનો સંયોગ સાંપડેલો. તે વેળા પણ તેમનાં ડ્રોઈંગ્સ ભારતીય તાંત્રિક દૃશ્યકલ્પનો તથા તેમાંનાં ધાર્મિક મોટિફથી સુશોભિત તથા આકર્ષિત લાગતાં હતાં. તે વેળાનાં ડ્રોઈંગ્સમાં સવિશેષ છતાં કલાત્મક સંયોજન પામેલાં તાંત્રિક, યાંત્રિક કે મંત્રને લગતાં મોટિફ અને કેલિગ્રાફિ સ્વરૂપે યોજાયેલા સંસ્કૃત શબ્દો, વિષયગત રીતે જોતાં, ડ્રોઈંગ્સની ગુણવત્તાની દૃષ્ટિએ જોતાં અને તેમાંનું વિગતસભર કથન-આલેખન જોતાં સમુચિત તથા અર્થસભર લાગતાં હતાં, છતાં આજ સુધી પણ મને લાગ્યા કર્યું છે કે જલેન્દુ હજુ પણ તેમનાં ડ્રોઈંગ્સ અને ચિત્રોમાંનાં ભીડભર્યાં તાંત્રિક દૃશ્યકલ્પનોનાં સંયોજનોને કેલિગ્રાફિ અને વધુ મોટિફને દર્શાવવાનો આગ્રહ જતો કરી તેમની કૃતિઓને વધુ સરળ અને દૃશ્યાત્મક રીતે વધુ પકડવાળી અને સબળ બનાવે. વળી તેમના ભારતીય માનસમાં ઊંડે સુધી મૂળિયાં નાખી ગયેલાં ભારતીય તાંત્રિક પ્રતીકો, સંસ્કૃત શ્લોકો, યંત્રો, બીજમંત્રોના કલાત્મક વિનિયોગનો વધુ પડતો આગ્રહ, ગૃહિત કે નિયત માળખું છોડી દઈ તેઓ તેમના સર્જનકાર્યમાં વધુ કલાસ્વાતંત્ર્યનો તથા સર્જનાત્મકતાનો અનુભવ કરે તે મને વધુ જરૂરી લાગ્યું છે. આ ચિત્રોને તત્કાલીન શ્રી જ્યોતિ ભટ્ટનાં ચિત્રો જોડે સરખાવી શકાય. તે વધુ મનભર અને કલાત્મક બન્યાં છે. નિઃશંકપણે જલેન્દુ ભારતીય રૈખિક અને સુશોભનાત્મક ગુણવત્તા અને સૌંદર્યના આગ્રહી રહ્યા છે અને તે તેમનાં ચિત્રોની અભિવ્યક્તિમાં સત્વરે પ્રેક્ષકોની નજરે પડે છે, છતાં તેમનાં ચિત્રો અને ડ્રોઈંગ્સ એક જ સમગ્ર દૃશ્યાત્મક કલ્પના નિષ્પન્ન કરવાને બદલે પ્રેક્ષકની આંખને અનેક મોટિફ અને બારીક મુદ્દાઓ પર દોરી જાય છે તેથી કલાવિવેચકને સ્વાભાવિકપણે આંખ કેન્દ્રિત થાય કે સ્થિર થાય તેવાં કલાત્મક બિંદુઓ જડતાં નથી. ખેર, તેમનાં ચિત્રો અને ડ્રોઈંગ્સ તેમની વર્તમાન હસ્તીમાં પણ વિગતસભર, આકર્ષક, કલાત્મક તથા નિતાંત ભારતીયતાથી ધબકતાં દેખાય છે. તંત્રશાસ્ત્રનો તેમનો અભ્યાસ તેમનાં ચિત્રોની વિષયગત સામગ્રીને તથા તેની સંયોજનાને વધુ અધિકૃતતા પ્રદાન કરે છે. આશા છે કે જલેન્દુ તેમનાં ખૂબ જ પ્રશંસા પામેલાં ચિત્રોને તથા ડ્રોઈંગ્સને કેવળ વધુ રૈખિક, સુશોભનાત્મક, કથનાત્મક બનાવવાને બદલે ખાસ રંગયોજનાવાળાં બનાવે.

– બંસીલાલ દલાલ

કલાવૃત્ત

ગુજરાત - યુથ આર્ટ પ્રદર્શન - ૧૯૯૯ - ૨૦૦૦

ગુજરાત રાજ્યના સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તરફથી જાન્યુઆરી-૨૦૦૦ની તા. વીસમીથી ઓગણત્રીસ સુધી જયપુરની જાણીતી




પ્લંટફાંમં : જિતુ ઓધાના

'પારિજાત' ગેલરીમાં, જવાહર કલા કેન્દ્ર મુકામે ગુજરાતભરના યુવા કાર્યરત કલાકારોનાં ચિત્રો, શિલ્પો તથા ગ્રાફિક પ્રિન્ટ્સનું એક નોંધપાત્ર પ્રદર્શન યોજાયું. જયપુર તથા રાજસ્થાનના જાણીતા અને આદરણીય કલાકાર શ્રી [illegible]



ઉનાળુ રાત્રિ : કિશોર નારખડીવાલા



ટાઈમટેબલ : નિકિતા કે. પરીખ

શેખાવતના શુભ હસ્તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયું. આ પ્રસંગે રવિશંકર રાવળ કલાભવનના ઇનચાર્જ શ્રી નિરંજન ત્રિવેદી ઉપસ્થિત હતા. આઈ.એ.એસ. ઑફિસર અને યુવા સેવાઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી પટણીસાહેબે આ પ્રદર્શનને યોજવામાં ખાસ મદદ કરી.

છેક દક્ષિણ ગુજરાતના નવસારીના સતીશ પટેલ, નિમેશ પટેલ, મનિષ શર્મા, કિશોર સોનવાને જેવા કલાકારોની કૃતિઓની સાથે વલ્લભવિદ્યાનગરના કિશોર નારખડીવાળા તથા આણંદના સુધીર ફ્રાંસિસની કૃતિઓ, વડોદરાના કૃષ્ણા પડિયાની શિલ્પકૃતિ તથા અમદાવાદના જુદાજુદા ભાગમાંથી આવેલા કલાકારો વિપુલ રાવળ, પુનિત કાલાવાડિયા, નિલેશ સુથાર, નિકિતા પરીખ, નિધુ મોંડાલ, નેહા લવંગિયા, કુમાર ચૌહાણ, જિતુ ઓઘાણી, ભાવિન દવે, જયદેવ રાવળ, જિજ્ઞા શાહ, બિપિન શિનોલ અને અલ્પેશ પટેલની કૃતિઓ પ્રદર્શિત થઈ. વિપુલ રાવળ અને કૃષ્ણા પડિયાનાં અમૂર્ત શિલ્પો તેમની લીસી તેમજ ખડબચડી પોતવાળી સપાટીઓને કારણે તથા ગોળાઈવાળા આકારોને કારણે ધ્યાનપાત્ર બની છે. નિધુ મોંડાલની 'કૃષ્ણ' પરની કૃતિ નોંધપાત્ર છે.



ટૂંકો રસ્તો : સુધીર ફ્રાન્સિસ

જિતુ ઓઘાણીનું ચિત્ર ભૂપેનનાં શરૂઆતનાં ધંધાવિષયક ચિત્રોની યાદ આપે છે તો કિશોર નારખડીવાળા, મનિષ શર્મા, નિમેશ પટેલ, સતિશ પટેલ, સુધીર ફ્રાંસિસનાં ચિત્રો વાસ્તવદર્શી શૈલીમાં પ્રકાશ-છાયાયુક્ત દશ્યચિત્રો રજૂ કરે છે. કિશોર સોનવાનેનું સાઇડ પરથી ચહેરા અને અંગ પરના ભાગ પર સૂર્યપ્રકાશ સૂચવતું તથા પાછળ છાયા દર્શાવતું પોર્ટ્રેટ ચિત્ર ખરેખર સરસ નમૂનો બન્યું છે. નિલેશ સુથાર, નિકિતા પરીખ, નેહા લવંગિયા, કુમાર ચૌહાણ, જિજ્ઞા શાહ, અલ્પેશ પટેલ, પુનિત તથા બિપિન શિનોલની સર્જનાત્મક કૃતિઓમાં તેમના મનોજગતની તથા સમકાલીન જીવનના વાતાવરણની ચેતના પ્રકટ કરતી અભિવ્યક્તિ છે. વડોદરા કોલેજના અભ્યાસનું તેમાં દર્શન થાય છે. - બંસીલાલ દલાલ

અનુ.। કલાસ્મૃતિ ।પૃ.૫૭૨થી

ઝાડ અને પાંદડાં જાણે કે હમણાં હલશે તેમ લાગતું.

શ્રી નંદબાબુ મોટા ભાગે પેપર, કાર્ડબોર્ડ અને મોન્ગાસિલ્કના કાપડ ઉપર ચિત્રસર્જન કરતા. ટેમ્પરા અને અન્ય જળરંગો સાથે ક્યારેક ચાઇનીસ શ્યાહી પણ વાપરતા. તેઓ તેમનાં સર્જન જપાનીસ સ્ક્રોલ ચિત્રોની જેમ ઊભા આકારમાં, લંબચોરસ અને અર્ધગોળ આકારમાં કરતા. તેમની તુલિકાની રેખાઓ ક્યારેક તો જાદુગરની જેમ અંકાઈ હોય તેમ લાગતું. એમ કહી શકાય કે જે ચિત્રકારને રેખાંકન કરતાં સખત પરસેવો પડ્યો હોય અને સર્જનની પીડા થઈ હોય તે જ ચિત્રસર્જન અને રેખાઓની જાદુગરીની વાતો સમજી શકે.

કલાગુરુ નંદબાબુનાં મહત્ત્વનાં પ્રદર્શનોમાં સન ૧૯૦૮,૧૦,૧૨ ઇન્ડિયન સોસાયટી ઑવ્ આર્ટ કલકત્તા, ૧૯૧૧ ઇન્ડિયન સોસાયટી ઑવ્ આર્ટ અલ્હાબાદ, ૧૯૧૧-૧૨ ધી ફેસ્ટીવલ ઑવ્ એમ્પાયર ક્રીસ્ટલ પેલેસ-ઈંગ્લંડ, ૧૯૧૪ ફ્રાન્સના ચિત્રકારોની સંસ્થા દ્વારા આયોજિત પ્રદર્શન પેરીસ, બેલ્જિયમ અને હોલેન્ડમાં. ૧૯૧૫-૧૬ સંયુક્ત પ્રદર્શન મદ્રાસ, ૧૯૨૪ અમેરિકન ફેડરેશન ઑવ્ આર્ટ દ્વારા આયોજિત પ્રદર્શન અમેરિકાના પ્રમુખ શહેરોમાં, ૧૯૨૮ સંયુક્ત પ્રદર્શન જીનેવા સ્વીત્ઝરલેન્ડ ૧૯૩૫, ૧૯૩૭ ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસનાં અધિવેશનો લખનઊ અને હરિપુરા અમદાવાદમાં પેન્ડોલ અને સુશોભનકામ, ૧૯૫૪, શ્રી નંદબાબુનું વૈયક્તિક સમગ્ર જીવન દરમિયાનની રચનાઓનું પ્રદર્શન, ૧૯૮૨માં કલાગુરુની સુવર્ણજયંતીના અવસરનું પ્રદર્શન. નેશનલ ગેલરી ઑવ્ મોડર્ન આર્ટ - ન્યૂ દિલ્હી.

શ્રી નંદબાબુનાં ચિત્રોના મહત્ત્વના સંગ્રાહકોમાં એકેડમી ઑવ્ ફાઇન આર્ટ્સ - કલકત્તા, ભારત કલા ભવન - બનારસ, બીરલા મ્યૂઝીઅમ - પીલાની અને કલકત્તા, ઇન્ડિયન મ્યૂઝીઅમ - કલકત્તા, કલાભવન અને રવીન્દ્રનાથ ભવન શાંતિનિકેતન, વિક્ટોરિયા અને આલ્બર્ટ મ્યૂઝીઅમ - લંડન, ભીંતચિત્રો - વડોદરા અને લગભગ ૬૭૪૪ જેટલાં સર્જનો નેશનલ મ્યૂઝીઅમ ઑવ્ મોડર્ન આર્ટ ન્યૂ દિલ્હીમાં સંગ્રહાયેલાં છે. નેશનલ ગેલરી ઑવ્ મોડર્ન આર્ટ ન્યૂ દિલ્હી દ્વારા આઝાદીની ૫૦ વર્ષની ઉજવણીના એક ભાગરૂપે બેંગાલ સ્કૂલના ચાર મહાન ચિત્રકારો, રવીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ, બિનોદ બિહારી મુકરજી અને રામ કિંકર બૈઝના માનમાં એક સુંદર દળદાર પુસ્તક જીવન અને કવન સાથે પ્રકટ કરેલ છે, જે જોઈને આનંદવિભોર થઈ જવાય છે. શ્રી નંદબાબુની છત્રછાયા નીચે ઘણા કલાકારો તૈયાર થયા છે. સન ૧૯૫૦થી ૧૯૭૦ની અખિલ ભારતીય ચિત્રકલાનાં સર્જનો ઉપર શ્રી નંદબાબુની શૃંગારીક રચનાઓની ઘણી અસર જોઈ શકાય છે.

કલાગુરુ શ્રી નંદલાલ બોઝને ભારતીય આધુનિક કલાના પ્રણેતા જરૂર કહી શકાય. તેમનું અવસાન ૮૪ વર્ષની ઉંમરે ૧૯૬૬માં કલકત્તામાં થયું હતું. આવા લયબદ્ધ રેખાંકનના સ્વામી કલાગુરુને શત શત પ્રમાણ. - ગજેન્દ્ર શાહ (ચિત્રકાર)

કંકાવટી

પદ્મવિભૂષણ ઉષા મહેતા, સ્વ.

ગાંધીવાદી મૂલ્યો તથા વિભાવના-ઓનું સતત સંરક્ષણ કરનારાં ડૉ. ઉષાબહેન મહેતાનું તા.૧૨-૮-૨૦૦૦ના



રોજ મુંબઈમાં અવસાન થતાં ભારતના વર્તમાનકાળને ગાંધીયુગ જોડે સાંકળી લેનાર પ્રતિભા લુપ્ત થઈ છે.

ઉષાબહેન મહેતાનો જન્મ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના સરસ ગામમાં, ૨૫મી માર્ચ ૧૯૨૦ને દિને થયો. એમના પિતા ન્યાયાધીશ હતા, એથી વારંવાર એમની બદલી થતી એટલે એમનું પ્રાથમિક શિક્ષણ ખેડામાં થયું, તથા માધ્યમિક શિક્ષણ ભરૂચ અને મુંબઈમાં. એમણે વિદ્યાર્થીકાળમાં જ વક્તૃત્વ- કલાની હરીફાઈમાં પ્રથમ પારિતોષિક મેળવેલ. ઉચ્ચ શિક્ષણ માટે એમણે મુંબઈની વિલ્સન કૉલેજમાં પ્રવેશ મેળવેલો. એ સમયગાળામાં, મુંબઈ ગુજરાતી હિન્દુ સ્ત્રીમંડળ વક્તૃત્વકળા હરીફાઈ યોજાતી. એમાં લાગલગાટ ત્રણ વર્ષ પ્રથમ ઇનામ મળેલાં. ૧૯૩૦માં એમણે ઇન્ટરની પરીક્ષા આપી, તેમાં મુંબઈ વિશ્વ-વિદ્યાલયમાં એ પ્રથમ આવ્યાં. બી.એ.માં એમણે સ્વૈચ્છિક વિષય તરીકે ફિલસૂફી લીધી. એ સમયે હિન્દમાં દેશપ્રેમનો જુવાળ આવ્યો હતો. એનાથી પ્રભાવિત થઈ એમણે હિન્દીનું અધ્યયન શરૂ કર્યું. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિની કોવિદની પરીક્ષા આપી, જેમાં એમણે સમગ્ર ભારતના પરીક્ષાર્થીઓમાં પ્રથમ સ્થાન મેળવ્યું.

ફિલસૂફી વિષયમાં બી.એ.ની પરીક્ષામાં મુંબઈ યુનિવર્સિટીમાં એ પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યાં, ને કૉલેજમાં દક્ષિણા ફેલો તરીકે નિયુક્ત થયાં. પિતાના આગ્રહથી એમણે એમ.એ.ની સાથે સાથે એલએલ.બી.નું અધ્યયન શરૂ કર્યું. અને ૧૯૪૧માં એલએલ.બી.ની પદવી મેળવી.

એ સમયે દેશનું વાતાવરણ ગાંધીમય હતું. સહુ ભાવનાશાળી યુવક-યુવતી દેશભક્તિ માટે ઝંખતાં થયાં હતાં. એ વખતે પિતા કુટુંબને અમદાવાદ ગાંધીદર્શન માટે લઈ ગયા. ત્યારે ગાંધીબાપુએ એમને ખાદી પહેરવાનું કહ્યું ત્યારથી એમણે ખાદી અપનાવી. પિતાની નામરજી છતાં એ વાનરસેનામાં જોડાઈ ગયાં ને પકડાયાં.

૧૯૪૨માં નવમી ઑગસ્ટે જ્યારે બધા કૉંગ્રેસી નેતાઓ પકડાયા ત્યારે સમાજવાદી નેતાઓ ભૂગર્ભમાં ચાલ્યા ગયા. એમને આંદોલન જોરશોરથી ચલાવી શકે તેવા તેજસ્વી યુવાન કાર્યકરોની જરૂર હતી. સમાજવાદી નેતા રામમનોહર લોહિયાને કૉંગ્રેસ રેડિયો સ્થાપી, ત્યાંથી 'ભારત છોડો' યુદ્ધનો પ્રચાર કરવાનો વિચાર આવ્યો. એ સમયે સારા વક્તા તરીકે ઉષાબહેનનું નામ જાણીતું હતું. ઉષાબહેનને સહયોગ આપવા જણાવાયું. એ રીતે રોજ રાત્રે ગેરકાયદે કૉંગ્રેસ રેડિયો પરથી ઉષાબહેનની ગર્જના દેશભરમાં સંભળાવા લાગી. તા. ૧૪મી ઑગસ્ટ ૧૯૪૨થી તા. ૧૨મી નવેમ્બર ૧૯૪૨ સુધી, આમ તો ત્રણ જ માસ, છતાં રાક્ષસી તાકાત ધરાવતી બ્રિટિશ સરકારને પડકાર આપવાના પ્રતીક તરીકે ખૂબ લાંબી ગણાય એવી મુદત સુધી કૉંગ્રેસ રેડિયો પર એમનો અવાજ રણકતો રહ્યો. પણ આખરે એક રેડિયો ઇજનેરે દગો દીધો.

પોલીસે રેડિયો સ્ટેશન પર છાપો માર્યો. એ વખતે રેડિયો પરથી 'વન્દે માતરમ્' ગવાતું હતું. એથી ઉષાબહેને હિંમતથી પકડવા આવેલા પોલીસોને ગીત પૂરું થાય ત્યાં સુધી થોભવા જણાવ્યું. ગીત પૂરું થયું ત્યાં સુધી પોલીસો શાંત ઊભા રહ્યા.

પછી તો પોલીસે પારાવાર જુલ્મો કર્યા. એમને એકાંત કોટડીમાં પૂરી રાખ્યાં. પરિણામે એમના સ્વાસ્થ્ય પર માઠી અસર થઈ. ખાસ અદાલતમાં મુકદમો ચાલ્યો. એ વખતે ઉષાબહેને એટલી નીડરતા બતાવી કે ન્યાયાધીશે પણ એમની હિંમતની પ્રશંસા કરી. એમને ચાર વર્ષની સખત કેદની સજા ફટકારી અને યરવડા જેલમાં લઈ ગયા.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થતાં મુંબઈમાં કૉંગ્રેસ સરકાર રચાતાં ગૃહપ્રધાન મોરારજીભાઈ દેસાઈએ પહેલું કામ ઉષાબહેનને મુક્ત કરવાનું કર્યું.

જેલમાંથી છૂટી એમનો વિચાર એમ.એ.નો અધૂરો રહેલો અભ્યાસ પૂરો કરવાનો હતો. પણ વિલ્સન કૉલેજના પ્રિન્સિપાલે એમને કૉલેજમાં વ્યાખ્યાતાનું કાર્ય કરવા આમંત્ર્યાં એટલે ત્યારથી એમની અધ્યાપિકા તરીકેની કારકિર્દીની શરૂઆત થઈ. એ દરમિયાન 'ગાંધીજીની રાજકીય ફિલસૂફી' પર શોધપ્રબંધ લખીને ૧૯૫૩માં એમણે પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. તે પછી અમેરિકાની ફૂલબ્રાઇટ છાત્રવૃત્તિ મળતાં એ અમેરિકા ગયાં, અને ત્યાં બે વર્ષ અધ્યયન કર્યું.

ત્યાંથી પાછાં આવ્યાં પછી મુંબઈ વિશ્વવિદ્યાલયના રાજકારણવિજ્ઞાન વિભાગમાં વ્યાખ્યાતા નિમાયાં. અને પછી ક્રમશઃ વિભાગાધ્યક્ષ બન્યાં. ૧૯૮૦માં તેઓ આ વિશ્વવિદ્યાલયનાં રાજ્યશાસ્ત્ર વિભાગનાં વડાં તરીકે નિવૃત્ત થયાં અને શ્રેષ્ઠ પ્રાધ્યાપિકા તરીકે એમને પારિતોષિક મળ્યું. ૧૯૮૪માં મુંબઈ યુનિવર્સિટી તથા કૉલેજ યૂનિયન તરફથી શ્રેષ્ઠ અધ્યાપિકાનું પારિતોષિક મળ્યું. ૧૯૯૮માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ભારતના શ્રેષ્ઠ અધ્યાપકોને અપાતા પારિતોષિક માટે એમની પસંદગી થઈ. તથા શ્રીમતી નાથીબાઈ ઠાકરશી મહિલા યુનિવર્સિટીએ એમને પીએચ.ડી.નાં માર્ગદર્શિકા તરીકે નિયુક્ત કર્યાં અને એમને વિશેષ પદવીદાન સમારંભ યોજી એલએલ.ડી.ની પદવી આપેલી.

૧૯૯૭માં આઝાદીની સુવર્ણજયંતીએ તેમની અર્ધી સદી ઉપરાંતની દેશસેવા તથા સમાજસેવાની આપણી ભારત સરકારે કદર કરીને, રાષ્ટ્રપતિએ તેમને પદ્મ-વિભૂષણનો ઇલ્કાબ આપીને એમનું બહુમાન કર્યું હતું. આવી ગાંધીયુગીન અને પ્રતિભાવંત સન્નારીને આપણાં સૌની શ્રદ્ધાંજલિ ! • - કા. વ. રામી

ઈતિહાસધારા

અશોક હર્ષ

ઈ. ૧૮૯૭ની નવરાત્રિ પછી દશેરાના દિવસે ભવ્ય સમારંભમાં ૩૧ વર્ષની એક નારીએ ભલભલા મર્દોને પણ પાણી પાય એવા દાવ ખેલી બતાવી સૌને સ્તબ્ધ કરી દીધા. વયના બારમા વરસથી તેનો આ વ્યાયામ તેણે શરૂ કરેલો. કુસ્તીથી માંડી તલવારના દાવમાં નિષ્ણાત. એ નારીનું નામ ગોપિકાબાઈ ફડકે - મહાન ક્રાંતિકાર વાસુદેવ બળવંત ફડકેનાં પત્ની ઈ. ૧૯૬૬ના સપ્ટેમ્બરની ૧૧મીએ તેમનું અવસાન થયું.



વાસુદેવ ફડકેની પ્રથમ પત્ની મૃત્યુ પછી નાની વયની પુત્રી છોડી ગયેલ. એના ઉછેર માટે વાસુદેવે કાશીનાથ શાસ્ત્રી કુંટેની પુત્રી ગોદૂતાઈ સાથે લગ્ન કર્યાં. શ્વસુર પક્ષે ગોદૂતાઈનું નામ ગોપિકાબાઈ રાખ્યું. પરણ્યા પછી ગોપિકાબાઈનું શિક્ષણ પતિ તથા દિયરોએ આગળ વધાર્યું. વાસુદેવ દત્તાત્રેયના ખાસ ઉપાસક હતા. તે ધાર્મિક વૃત્તિના હોઈને તે વિવિધ વ્રતો કરતા. 'દત્તલહરી'ની હાથે નકલ કરી સદા પોતાની સાથે રાખતા. તેમનો પગાર ટૂંકો હોઈને ગોપિકાબાઈ બહુ કરકસરપૂર્વક કુટુંબનું ગાડું ગબડાવતાં.

વાસુદેવે ત્યાર પછી ભારત પરની વિદેશી હકૂમતને ઉથલાવવા માટે ક્રાન્તિકારી પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડ્યો. પોતાની પત્નીની કુશળતા પર તેમને પૂરો વિશ્વાસ હતો. તેમણે ક્રાન્તિકાર્ય માટે પોતાની નોકરીનું પણ રાજીનામું આપી દીધું. સરકારને એમની પ્રવૃત્તિની જાણ થતાં તેણે એમની ધરપકડ માટે મેજર ડેનિયલની ખાસ નિમણૂક કરી. તેની કામગીરી શરૂ થાય તે પહેલાં ગોપિકાબાઈ જુન્નર તેમના મામાને ત્યાં જતાં રહ્યાં. પૂનાની શુક્રવાર પેઠમાં મેજર ડેનિયલે તેમના ઘર પર દરોડો પાડવા આવી પહોંચી જોયુ તો મકાનને તાળુ લાગેલું. પત્નીને જુન્નર મોકલતાં વાસુદેવની આંખમાં પાણી આવી ગયેલાં. પત્નીને હૈયાધારણ આપતાં કહેલું : 'આપણો દેશ સ્વતંત્ર થાય એટલે આપણે ફરી મળવાનાં. એ દિવસની તુ રાહ જોતી રહેજે.'

પતિની ફરી મુલાકાત આમ અનિશ્ચિત રહેતાં ગોપિકાબાઈએ પૂના છોડીને જુન્નર રહેવાનં નક્કી કર્યું. ત્યારે તેમના મનની સ્થિતિ કેવી અનુકંપનીય હશે તેની તો કલ્પના જ કરવી રહી. આ વિયોગ વાસુદેવને માટે પણ અસહ્ય હતો. આ બધું દેશ ખાતર - એટલું કહી સજળ નેત્રે તેમણે વિદાય લીધી. પતિપત્નીનું આ અંતિમ મિલન. ત્યાર પછી બંને એકબીજાંને મળી તો ન શક્યાં પણ પેટ ભરીને એક બીજાંને નીરખી પણ ન શક્યાં.

જુન્નર આવી વસેલાં ગોપિકાબાઈને પતિની સાચી-ખોટી વાતો કાનોકાન કે છાપાંઓ દ્વારા જાણવા મળી - ત્યારની અંગ્રેજ સરકાર વાસુદેવ ફડકેને હાજર કરવા માટે આકાશ પાતાળ એક કરી રહી હતી. તે પત્નીને મળતા રહેવાની શંકા પરથી સરકારે જુન્નર પોલીસ મોકલી આપી, પણ વાસુદેવનો પત્તો લાગ્યો નહીં. એની છાપાખોરી ચાલુ જ રહી.

છેવટે વાસુદેવને હાથ કરી તેને જન્મટીપની સજા ફરમાવવામાં આવી. તેને ભારત બહાર એડનની જેલમાં રાખવામાં આવ્યો, જ્યાં ૧૮૮૨ના ફેબ્રુઆરીમાં તેનું અવસાન થયું. બર્વે નામના એક મહારાષ્ટ્રિય ગૃહસ્થ દ્વારા લાશના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા. ગોપિકાબાઈને ત્રીજે દિવસે પતિના અવસાનના સમાચાર

(અનુસંધાન પૃ.૫૮૩)

લઘુકથા

ઘરડા સિંહની વાર્તા

ભાનુપ્રસાદ પંડ્યા

'તમે ત્યાં ઘર વચ્ચે ઝૂલા ઉપર બેસીને છાપાં ન વાંચો, બાપુજી! કોઈ આવશે તો ક્યાં બેસાડીશું?' મોટા દીકરાએ વામનરાયને મોટે અવાજે કહ્યું. વામનરાય પરસાળમાં ખુરશી પર બેસી છાપું વાંચવા લાગ્યા. એક છીંક આવી ગઈ. 'બાપાજી, તમે ત્યાં નાક સાફ નહિ કરશો. ગંદુ થશે!' પુત્રવધૂએ વૃદ્ધ સસરાને સ્વચ્છતાનો પાઠ ભણાવ્યો. એંશી વરસની કાયા ઊઠીને રવેશમાં સૂકવેલા પોતાના ટુવાલથી મોઢું લૂછવા લાગી. 'દાદાજી, એ ટુવાલ ફરી ત્યાં સૂકવતા નહિ, ખરાબ લાગે!' મોટી પૌત્રીએ તરત વામનરાયને ટોક્યા. હવે કંટાળીને તેઓ પોતાની પૂજાની ઓરડીમાં જઈને બેસી ગયા. વિધુર થયા પછી વામનરાય ભારે એકલતા અનુભવતા. એવામાં ઘરનાં છોકરાં તેમને ઘેરી વળ્યાં. 'દાદાજી, વાર્તા કહો, વાર્તા કહો!' બાળકોની જિદ્દ આગળ ડોસા હાર્યા. વાત માંડી : 'જંગલમાં એક સિંહ હતો. લાશિયો એનું નામ. ભારે વિકરાળ. જંગલનાં બધાં પ્રાણી એનાથી ડરે. વનમાં એનો વટ પડતો, હોં ભાઈ! પણ વરસો વીત્યાં. સિંહભાઈ તો અપંગ થઈ ગયા. ન હલાય, ન ચલાય. એક ઝાડ નીચે બેસી પડ્યા. પછી તો જંગલનાં શિયાળ-લોંકડી જેવાં પ્રાણી એને બચકાં ભરવા માંડ્યાં. સિંહ બિચારો ગર્જના પણ ન કરી શકે તેટલો નબળો થઈ ગયેલો.' વામનરાયને ખાંસી આવી. સહેજ થંભ્યા. 'પછી શું થયું દાદાજી?' એક છોકરે પૂછ્યું. શ્વાસ ખાઈને વામનરાય બોલ્યા : 'પેલાં પ્રાણીઓ બચકાં ભરે છે, લાશિયો સિંહ ઓશિયાળો પડ્યો છે! લ્યો ભાઈ! વાર્તા થઈ પૂરી. આંબે આવ્યા મો'ર, વાર્તા કે'શું પો'ર!' દાદાજીએ વાર્તા પૂરી કરી. છોકરાં મસ્તી-તોફાન કરતાં જતાં રહ્યાં. □

અડકો દડકો

તનીએ ચોર ભગાડ્યા

|ગતાંકથી પૂરું|

શ્રદ્ધા ત્રિવેદી

બીજા દિવસની વાત છે. સાંજ પડી. ગંગાબાએ ખીચડી બનાવી હતી એટલે સૌએ ગરમ ગરમ ખીચડી ને કાઢી વહેલાં વહેલાં ખાઈ લીધાં. પછી ત્રણેય જણ પરસાળના હીંચકે બેઠાં ને અંતકડી રમવા લાગ્યાં. અચાનક લાઈટ જતી રહી. ગંગાબા કહે : 'તની-ઝીણી ગભરાશો નહીં. હીંચકે જ બેસી રહેજો. હું હમણાં દીવો કરું છું.' તની કહે : 'બા, તમે ચિંતા ના કરો. અમે હીંચકે જ બેસી રહીશું.' ગંગાબાએ દીવો કર્યો અને ફાનસ પણ કર્યું. આખી પરસાળમાં આછું અજવાળું પથરાઈ ગયું. ત્યાં તો બાજુના ફળિયામાંથી એક છોકરો બૅટરીના અજવાળે હાંફતો હાંફતો આવ્યો ને કહે : 'ગંગાબા, ગંગાબા, મારા દાદાને કંઈક થયું છે તે બા હાલ ને હાલ તમને બોલાવે છે.' ગંગાબા કહે : 'આ લાઈટ છે નહીં. ને તની-ઝીણીને એકલાં મૂકી કેવી રીતે આવું? એ તો અહીંનાં અજાણ્યાં છે.'

પેલો છોકરો : 'ના, તમે અબ્બી ચાલો. બા બહુ ગભરાયેલાં છે. ને મારા બાપુ તો શહેરમાં ગયા છે.' છોકરો રડવા જેવો થઈ ગયો. ગંગાબા કહે : 'જા, રડ નહીં. આવું છું.' પછી બાજુમાં રહેતા ગોપાલને બોલાવી લાવી કહ્યું : 'જુઓ, હું બારણું બહારથી બંધ કરીને જાઉં છું. તમે શાંતિથી ઊંઘી જજો. હું વહેલી આવી જઈશ.' ને ગંગાબા ઊંચા જીવે ગયાં. એ ગયાં ને થોડી વારમાં જ લાઈટ આવી. ગંગાબાનાં ગાયેલાં ભજનોની કૅસેટ તનીએ વગાડી. ને પછી રણછોડભાઈવાળી કૅસેટ શરૂ કરી. ગંગાબાને ગયે ખાસ્સો સમય થઈ ગયો. ઝીણીને ઊંઘ આવવા માંડી. તનીએ કૅસેટ બંધ કરી. ને થોડી જ વારમાં ત્રણે જણ ઊંઘી ગયાં.

મધરાત થઈ. બધું સૂમસામ હતું. માત્ર ઘડિયાળની ટક...ટક...ટક... સંભળાતી હતી. તનીને તરસ લાગી. તે પાણી પીવા જતો હતો ત્યાં એને કંઈક અવાજ સંભળાયો. અગાશીમાં ધ..બ.. અવાજ થયો. થોડી વારે ફરી ધ..બ.. અવાજ થયો. તની થડકી ગયો. જરૂર ચોરમામા હશે! જ્યાં ત્યાં પાણી પી તે ઝીણી પાસે આવ્યો. તેને ઉઠાડીને કહ્યું : 'ઝીણી ઉપર ચોરમામા આવ્યા લાગે છે.' ઝીણી તો તનીને જ વળગી પડી. તની કહે : 'તું જોયા કર. હું એક ટ્રિક કરું છું.' તેણે ગોપાળને પણ ઉઠાડ્યો. ધીમે ધીમે બિલ્લીપગલે ટેબલ પાસે ગયો. ટેપ રેકૉર્ડર ટેબલ પર જ હતું. તેણે ટેપ ચાલુ કરી. રણછોડભાઈ આવેલા ત્યારે ગંગાબા સાથે જે વાતો કરેલી તે ટેપ વાગવા માંડી. તે પાછો ઝીણી પાસે આવ્યો. ઝીણી કહે : 'તનીભાઈ, આમ મધરાતે ટેપ વગાડાય? બધા જાગી જશે તો?' તની : 'જો સાંભળ, ટેપમાંની વાતો સાંભળી ચોરને થશે કે નીચે તો બધાં જાગે છે. એટલે જતા રહેશે.' ઝીણી તો આ વાત સાંભળી ખુશ થઈ ગઈ. ત્રણે જણાં ચૂપચાપ ઊભાં હતાં. ત્યાં તો ઉપરથી એક જણ બોલતું સંભળાયું : 'અલ્યા શિવા, નીચે તો હજી વાતો થાય છે. ચાલ ભાઈ બીજે, અહીં તો ક્યાંક પકડાઈ જવાશે.' થોડી વાર પછી વાતાવરણ એકદમ શાંત થઈ ગયું. ગોપાલ અને તની લાઈટ કરી ઉપર ગયાં. જોયું તો અગાસીનું બારણું ખુલ્લું હતું .ત્યાં કોઈ નહોતું. તેમણે બારણું બંધ કર્યું. નીચે આવ્યાં. પછી શાંતિથી ઊંઘી ગયાં.

બીજે દિવસે વહેલી સવારે ગંગાબા આવ્યાં. તે ખૂબ ચિંતામાં હતાં. જેવા તે આવ્યાં કે ત્રણે જણ ઊઠી ગયાં. ને તે કંઈક કહે તે પહેલાં તો ગોપાલ બોલ્યો : 'ગંગાબા, ગંગાબા, રાતે ચોર આવેલા. ને તનીએ ટેપ વગાડી ને તેમને ભગાડી મૂક્યા.' ને પછી રાતની વાત કહી સંભળાવી. ગંગાબા તો તનીને વળગી જ પડ્યાં.

વાતો કરતાં કરતાં સૌએ ચા-પાણી કર્યાં. ત્યાં તો ખબર પડી કે બાજુના ફળિયાના સોનીને ત્યાં ચોરી થઈ છે. થોડી જ વારમાં આખા ફળિયામાં તનીએ ચોર ભગાડ્યાની વાત ફરી વળી. બધાં તની પર ખુશ હતાં. ત્યાં તો શહેરમાંથી રમણભાઈ અને સુશીલાબહેન આવ્યાં. તે હતાં ખૂબ ગુસ્સામાં. પણ તે આવ્યાં કે ગંગાબાએ રાતની વાત કહી. મૂળ તની ટેપ અહીં લાવેલો તેની ખબર તેમને આગલી રાતે જ પડેલી. તેથી તની પર તે ખૂબ ખિજાયેલા હતાં. પણ... અહીંની વાત સાંભળી તેમનો ગુસ્સો ક્યાંય ગાયબ થઈ ગયો. શાંતિથી બધાં સાથે વાતો કરી તે બેઠાં. ત્યાં તો તનીએ ગંગાબાએ ગાયેલાં ભજનોવાળી ટેપ ચાલુ કરી. રમણભાઈ અને સુશીલાબહેન આ સાંભળી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં.

તેઓ આવ્યાં હતાં ટેપરેકૉર્ડર લેવા. પણ ત્યાં મૂકીને જ સાંજે પાછાં ફર્યાં. □

સાહિત્યસંપર્ક

અલી સરદાર જાફરીનું અવસાન

ઉર્દૂના પ્રગતિશીલ વિચારધારાના કવિ અલી સરદાર જાફરીનું ૮૭ વર્ષની વયે મુંબઈમાં તાજેતરમાં જ ૧લી ઓગસ્ટે અવસાન થયું. ૧૯૧૩ના નવેમ્બરની



૨૯મી તારીખે એમનાં બલરામપુરમાં મધ્યમવર્ગીય, રૂઢિવાદી, ધર્મચુસ્ત પરિવારમાં જન્મ થયો હતો. દિલ્હી યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી મેળવ્યા બાદ આગળ અભ્યાસ કરવા તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં જોડાયા હતા.

એમના આ અભ્યાસકાળ દરમિયાન માર્ક્સવાદી વિચારધારા તરફ આકર્ષાયા અને ૧૯૩૬માં અંગ્રેજ હકૂમત સામે રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય બન્યા. આ કારણે એમને અલીગઢ યુનિવર્સિટી છોડવી પડી. પોતાનો અનુસ્નાતક અભ્યાસ એમણે લખનઊ યુનિવર્સિટીમાં પૂરો કર્યો. વળી, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન યુદ્ધ વિરોધી કવિતાસર્જનને કારણે વતન બલરામપુરમાં નજરકેદ કરાયા.

કેટલાક પ્રગતિશીલ વિચારકોએ સાથે મળી ૧૯૩૬માં પ્રગતિશીલ લેખક-સંઘની સ્થાપના કરી અને ૧૯૩૮માં સરદાર જાફરી એ સંઘના સભ્ય બન્યા. તેમણે હવે મૂડીવાદ, શોષણવાદ, સામ્રાજ્યવાદ વગેરે વિરુદ્ધ કાવ્યરચનાઓ કરવા માંડી. તત્કાલીન સમાજના સામાન્ય માનવીની જીવનયાતનાનો તેમની કવિતામાં તીવ્ર પડઘો ઝિલાયો. તેમણે 'કહકશાં' નામે ટી.વી. શ્રેણી ઉપરાંત કેટલાંક દસ્તાવેજી ચિત્રો તૈયાર કર્યાં હતાં.

એમની સર્જનસૃષ્ટિએ અનેકોનું ધ્યાન ખેંચ્યું. ૧૯૪૩માં એમના કાવ્યસંગ્રહો 'પરવાઝ', 'કિસકા ખૂન હૈ' પ્રકટ થયો હતો. ત્યાર બાદ 'પ્યાર નાટકો' (૧૯૪૪), 'નઈ દુનિયા કો સલામ', 'ખૂન કી લકીર', (૧૯૪૮), 'અમન કા સિતારા' (૧૯૫૦), 'એશિયા જાગ ઉઠા', 'પથ્થર કી દીવાર' (૧૯૫૧), 'એક ખ્વાબ ઔર' (૧૯૬૪), 'પૈરાહને શરર' (૧૯૬૫), 'લહૂ પુકારતા હૈ' (૧૯૭૮) આદિ કાવ્યસંગ્રહો પ્રકટ થયા છે. 'મંઝીલ', 'લખનઊ કી પાંચ રાતે', 'ઈકબાલ શનાસી' એમના ગદ્યગ્રન્થો છે.

તેમની માતબર સાહિત્યિક પ્રતિભાને અનેક માનઅકરામોથી નવાજવામાં આવી છે. ઉર્દૂની વિવિધ અકાદમીઓનાં પુરસ્કારો ઉપરાંત એમને સોવિયેત દેશ-નેહરુ પારિતોષિક, નેહરુ ફેલોશિપ, પદ્મશ્રી જ્ઞાનપીઠ પારિતોષિક આદિ એનાયત થયાં હતાં. તેમણે 'ગૂફતગૂ' નામના સામયિકનું સંપાદન પણ કર્યું હતું. (સંકલિત)

અમેરિકામાં ડૉ. કુમારપાળ દેસાઈનાં પ્રવચનો

અમેરિકાની ગુજરાતી લીટરરી એકેડમીએ જાણીતા લેખક અને ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપપ્રમુખ ડૉ.કુમારપાળ દેસાઈના અધ્યક્ષપદે અમેરિકામાં વિવિધ સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કર્યું છે, જેમાં કવિ કલાપીની સવા શતાબ્દીને અનુલક્ષીને તેમજ શ્રી ચંદ્રવદન મહેતાની જન્મશતાબ્દીને લક્ષમાં રાખીને એમના અધ્યક્ષસ્થાનેથી સેમિનાર યોજવામાં આવ્યા છે. આ ઉપરાંત 'જૈન સેન્ટર ઓફ સધર્ન કેલિફોર્નિયા'માં તેઓના જૈન તત્ત્વજ્ઞાન વિશે પ્રવચનો થશે. ડૉ.કુમારપાળ દેસાઈએ લખેલી જૈનદર્શન વિશેની પાંચ અંગ્રેજી પુસ્તિકાઓની વિમોચનવિધિ ઉપરાંત 'ગ્રીષ્મઋતુમાં અમૃતવર્ષા' અને 'The Eternal Glow of a Divine Lamp' નામની તેઓએ લખેલાં ચરિત્રકથા પર આધારિત શ્રીમદ્ રાજચંદ્ર વિશેની ગુજરાતી-અંગ્રેજી ફિલ્મ પણ પ્રદર્શિત થશે.

ગુજરાતી કવિતાનો સૌથી મોટો વર્ષ ૨૦૦૦નો નરસિંહ મહેતા ઍવૉર્ડ કવિશ્રી મકરન્દ દવેને

વિદ્યમાન ગુજરાતી કવિને તેના સમગ્ર કવિતાસર્જનને લક્ષ્યમાં લઈને પ્રતિવર્ષ અપાતો રૂપિયા એક લાખ એકાવન હજારનો ગુજરાતી કવિતાનો સૌથી મોટો એવોર્ડ 'નરસિંહ મહેતા એવોર્ડ' છે. આ એવોર્ડ તેના બીજા વર્ષે, સુપ્રસિદ્ધ કવિશ્રી મકરન્દ દવેને નંદિગ્રામ મુકામે ૧૩ ઑક્ટોબર, ૨૦૦૦, શરદપૂર્ણિમા, વાલ્મિકી જયંતીના શુભ દિવસે ગુજરાતના સાક્ષરો - વિદ્વતજનોની ઉપસ્થિતિમાં કવિશ્રીનું સન્માન કરી, નરસિંહ મહેતાની ધાતુની પ્રતિમાના સ્મૃતિચિહ્ન તથા રૂ.૧,૫૧,૦૦૦ની રાશિ સાથે એનાયત થશે. આ એવૉર્ડ શ્રી મોરારીબાપુની પ્રેરણાથી, જૂનાગઢના 'આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્ય નિધિ' નામના ટ્રસ્ટ દ્વારા અપાઈ રહ્યો છે. 'નરસિંહ મહેતા એવોર્ડ-૨૦૦૦'ની ચયન સમિતિમાં લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો સર્વશ્રી ભોળાભાઈ પટેલ, વિનોદ જોશી અને મનોજ ખંડેરિયાએ સેવાઓ આપી હતી.

સસ્તાં પુસ્તકોની યોજનાઓ

'ગુજરાતીઓ વાંચતા નથી, ગુજરાતીઓ માત્ર વેપાર કરી જાણે, ગુજરાતીઓ બે જ ચોપડીઓ ઓળખે - એક બેન્કની પાસબુક અને બીજી ચેક બુક!' આવું આવું આપણે ગુજરાતીઓ જ કહીએ છીએ. કારણ કે ગુજરાતીઓ વેપારીઓ હોવા સાથે સંસ્કારી અને વિવેકી સજ્જનો પણ છે. પોતાના ગુણને છુપાવવો અને દોષને મોટો કરી દેખાડવો એ સજ્જનોનો વિવેક છે. ગુજરાતીઓ આવો વિવેક દર્શાવે છે તેનો ઘણા ઊંધો અર્થ કરે છે અને અપપ્રચાર પણ કરે છે.

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



સમાઈ ક્યાં શકું છું નગરમાં કે મહાલયમાં ?
ગુહા જેવું ગહન કાંઠે મને ગિરનાર સંઘરશે.
- રાજેન્દ્ર શુક્લ



પ્રદર્શન-હોલનાં કાર્ટૂન દેખીને હસો છો ?
ચિતારે ચોતરફ ખાલી અરીસા ગોઠવ્યા છે !
- મકરંદ દવે

ગુજરાતીઓનું આ મહેણું ભાંગવા સુરતની જાણીતી પ્રકાશનસંસ્થા 'સાહિત્ય સંગમ' સસ્તાં પુસ્તકોની જુદી જુદી યોજનાઓ સ્પોન્સર કરી છે. 'સાહિત્ય સંકુલ' દ્વારા આ યોજનાઓ અન્વયે સાહિત્યનાં, શિક્ષણનાં, બાળકો તથા યુવાનો માટેનાં એમ વિવિધ વિષયનાં અનેક પુસ્તકો પ્રકટ થનાર છે. એટલું જ નહીં, જાણીતા લેખકોનાં સાહિત્યનાં પુસ્તકો અંગ્રેજી, હિન્દી, મરાઠીમાં પણ પ્રકટ થનાર છે. આ પુસ્તકો હાલની બજાર કિંમત કરતાં પચાસ ટકા ઓછી કિંમતે પ્રકટ કરવામાં આવનાર છે.

આ પ્રવૃત્તિને સામાજિક સેવાસંસ્થાઓ, ક્લબો, સાહિત્યિક સંસ્થાઓ અને સંસ્કારી સજ્જનો, મંડળો, એસોસિયેશનો પણ આવકારશે અને વેગ આપશે એવી આશા છે. આ અંગે ઇચ્છુકોએ 'સાહિત્ય સંકુલ, ચૌટાબજાર, સુરત'ને લખવું.

પ્રાપ્ત પ્રકાશનો

પરિચય ટ્રસ્ટ (મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડિંગ, નેતાજી સુભાષ રોડ, ચર્ની રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨)નાં પ્રકાશનો : **પરિચય પુસ્તિકા પ્રવૃત્તિ** - ૯૬૧ **ગોદરેજનાં સો વર્ષ** લે. દુષ્યન્ત પંડ્યા, ૯૬૨ **આયર્લેન્ડનું સમાધાન** લે. બટુક દેસાઈ, ૯૬૩ **માર્કટ્વેનની કથાસૃષ્ટિ** બી.એસ. નિમાવત, ૯૬૪ **ક્ષયરોગ** ડૉ. કિરણ શિંગ્લોત, ૯૬૫ **આપણું રાષ્ટ્રિય પ્રાણી વાઘ** - કનૈયાલાલ રામાનુજ, ૯૬૬ **પાકિસ્તાન** -રાજેન્દ્ર દવે, ૯૬૭ **સચિન તેંદુલકર** - પ્રદીપ તન્ના, ૯૬૮ **અભિનય કલા** - ચન્દ્રકાન્ત ઠક્કર, ૯૬૯ **આપણો મોટર ઉદ્યોગ** - સુધીર શાહ, ૯૭૦ - **યશવંત દોશી** - ચન્દ્રકાન્ત શેઠ, ૯૭૧ **સી.ટી.બી.ટી.** - અમીત ધોળકિયા, ૯૭૨ **ડિપૉઝિટરિ એટલે શું?** - જયેશ ચિખલિયા, ૯૭૩ **પ્લૅનેટોરિયમની કથા** - જે. જે. રાવળ, ૯૭૪ **ગુજરાતી સાહિત્યિક સામયિકો** - કિશોર વ્યાસ, ૯૭૫ **બંધારણની ઘડતરકથા** - નગીનદાસ સંઘવી, ૯૭૬ **સાને ગુરુજી** - હિમ્મત ઝવેરી, ૯૭૭ **અર્થશાસ્ત્રી દાંતવાળાનું પ્રદાન** - દેવરાજ ચૌહાન, ૯૭૮ **પ્રાઇડ ઍન્ડ પ્રેજ્યુડિસ** - ઇલા આરબ મહેતા, ૯૭૯ **વાઇનો રોગ** - ડૉ. પ્રવીણા શાહ, ૯૮૦ **ભવભૂતિ** - યોગેશ પટેલ, ૯૮૧ **પ્રદૂષણની સમસ્યા** - નગીન મોદી, ૯૮૨

નવજાત શિશુની સંભાળ - ડૉ.પ્રજ્ઞા પૈ, ૯૮૩ **ઇન્ફર્મેશન ટેકનોલૉજિ સમસ્યા** - જિતેન્દ્ર સંઘવી, ૯૮૪ **અર્થશાસ્ત્રના ઘડવૈયા** - સુકુમાર એન. ત્રિવેદી, ૯૮૫ **ભારતીય સિનેમામાં નવો જુવાળ** - અમૃત ગંગર, ૯૮૬ **પશ્ચિમનું તત્ત્વજ્ઞાન** - પૂર્ણિમા દવે, ૯૮૭ **અર્વાચીન અર્થશાસ્ત્રીઓ** - સુકુમાર એન. ત્રિવેદી, ૯૮૮ **પત્રકારત્વનું શિક્ષણ** - યાસીન દલાલ, ૯૮૯ **આવક-વેરાની સાદી સમજણ** - નટવરલાલ એસ. શાહ, ૯૯૦ **પ્રમુખશાહીની શાસન પદ્ધતિ** - જશવંત બી. મહેતા, ૯૯૧ **મનુભાઈ પંચોળી 'દર્શક'**- કાન્તિ પટેલ, ૯૯૨ **અજાયબ આકાશ** - જે.જે. રાવળ, ૯૯૩ **દ્વીનોંધી નામાપદ્ધતિ** - એચ. જે. રાણા, ૯૯૪ **ન્યૂઝીલેન્ડ** - રમણલાલ ચી. શાહ, ૯૯૫ **ભારતમાં મિશ્ર સરકારો** - નગીનદાસ સંઘવી, ૯૯૬ **મુદ્રણ ક્ષેત્રે કમ્પ્યૂટર** - જિતેન્દ્ર દેસાઈ, ૯૯૭ **માનસશાસ્ત્રમાં માનવીય દૃષ્ટિકોણ** - હર્ષિદા રામુ પંડિત, ૯૯૮ **ગુજરાત વિધાસભા** - મધુસૂદન પારેખ, ૯૯૯ **તારાસૃષ્ટિ : સર્જન અને વિલય** - પંકજ જોશી, દરેક પુસ્તિકાઓ ક્રાઉન સાઇઝ, પૃ.૩૨, કિંમત રૂ.૫.

અન્ય પ્રકાશકોનાં

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના પથસર્જક શ્રી અરવિંદ : લે. જ્યોતિ થાનકી, પ્ર. સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ, શ્રી ગાયત્રી શક્તિપીઠ પાસે, પો.બો.નં. ૧૫, અમરેલી - ૩૬૫૬૦૧, ક્રાઉન સાઇઝ, પૃ. ૩૨. કિં.રૂ.૧૦., વિદ્યાર્થીઓ-શિક્ષકો જેઓ ઓછામાં ઓછી ૧૦ નકલ મંગાવનારને આ પુસ્તિકા રૂ.૫માં મળી શકશે. **સર્વાંગી શિક્ષણ** - લે. જ્યોતિ થાનકી, પ્ર. શ્રી અરવિન્દ કેન્દ્ર, ૫૭૬, સેક્ટર ૨૩, ગાંધીનગર - ૩૮૨૦૨૩, ડિમાઇ સાઇઝ, પૃ.૮૦, રૂ.૩૦. **નીરક્ષીર (ચોથું પુષ્પ)** સં.પ્રા. તખ્તસિંહ પરમાર - ડૉ. વિનોદ જોશી, પ્ર. પ્રેમશંકર ન. ભટ્ટ, શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪૦૦૧, ક્રાઉન સાઇઝ, પૃ.૧૦૦, રૂ.૧૫. **રામુ પંડિત (સફળ જીવનીના ચરિત્ર નાયક)** લે. જયન્ત પરમાર, પ્ર. સુરેશ પરીખ - માનવ વિકાસ કેન્દ્ર, સરદારશ્રીની પ્રતિમા પાસે, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦, ડિમાઇ સાઇઝ, પૃ.૩૨, અંગત વિતરણ માટે. **જનોઈ** (જનોઈની વૈજ્ઞાનિક સમજ તથા ધારણ કરવાની વિધિ) લે.હરિશંકર વિદ્યાર્થી, પ્ર. ગુરુદાસમલ છાંગારામ, આર્યસમાજ, મહર્ષિ દયાનંદ માર્ગ, સૈજપુર બોઘા, કર્ણાવતી - ૩૮૨૩૪૫, ક્રાઉન સાઇઝ, પૃ.૪૮, રૂ.૪. **આદિવાસી ઓળખ** - (પૃથ્વીની ઉત્પત્તિની કથા, આદિ માનવનો વિકાસ, તેની કલા, રીતરિવાજો, ઉત્સવો, સામાજિક જીવન વગેરે માહિતી દર્શાવતું સચિત્ર પુસ્તક, લેખન-સંપાદન : ડૉ. ભગવાનદાસ પટેલ, કલાનિર્દેશન-ચિત્રો-તસવીરો : આર. ચિતાર (રોહિત મિસ્ત્રી), પ્ર. માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર - ડબલ ડિમાઇ સાઇઝ, પૃ. ૨૦૦, આર્ટ પેપર, પૂર્ણરંગી છપાઈ, રંગીન ચિત્રો સહિત, કિં. જણાવી નથી. **સત્યયુગનું પુનઃ અવતરણ** : લે. પ્રજાપતિ બાલુભાઈ સોમાભાઈ, ૩૦૩, જલારામ પાર્ક, દેના બેન્કની પાછળ, ઉધના - ૩૯૪૨૧૦ (જિ.સુરત), ક્રાઉન સાઇઝ, પૃ.૨૦, રૂ.૩. **મુંજી વાર્તાઉં** (કચ્છી ટૂંકી વાર્તાઓ) લે. ગૌતમ એસ. જોશી, પ્ર. નવીન એસ. જોશી, ૨૦૨, ઇન્દ્રપ્રસ્થ, સંસ્કાર નગર, ભુજ, ડિમાઇ સાઇઝ, પૃ.૪૮, રૂ.૩૦.

અનુ.| **વાચકો લખે છે.** [પૃ.૫૪૨થી

નાયકે જેમની વીગતો આપી છે, તે માંહેની કેટલીક મારા માટે પણ અજાણી અને નવી છે. એમના જેવા અભ્યાસી પણ જો લેખરૂપે આવી વીગતો પ્રકટ કરે તો ક્યારેક પણ ગુજરાતનાં સંગીતકલાને અર્પણનો ઇતિહાસ જાણીને સાચવી શકીશું અન્યથા...... ઘણા પ્રકારે સરસ્વતી લુપ્ત થાય છે! - હસુ યાજ્ઞિક (અમદાવાદ)

'કુમાર' અંક ૮૬૯ મે-૨૦૦૦ના છેલ્લા પાને 'માણસખાઉ વૃક્ષ' વિષે થોડી માહિતી આપવામાં આવી છે. આવી જ માહિતી અગાઉ કોઈ હિન્દી સામયિકમાં વાંચેલી. પણ આ બાબત જરા અતિશયોક્તિ ભરેલી લાગે છે. તે માટે 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માં જોયું તો કોઈ સ્થળે આવા વૃક્ષ કે છોડનો ઉલ્લેખ જોવા મળ્યો નહિ.

બીજો એક સ્રોત છે 'The International Carnivorous Plants'. તેમાં એક આવો પ્રશ્ન ચર્ચાયો છે કે, 'આપણે માંસભક્ષી છોડથી ડરવું જોઈએ?' તેના જવાબમાં જણાવાયું છે કે : 'જો તમે એક નાનકડા જંતુથી (કદમાં) મોટા હો (અને હશો જ!) તો આવા માંસભક્ષી છોડ સંપૂર્ણપણે બિનહાનિકારક છે. કેમ કે તેના પાચકરસો અત્યંત ક્ષીણ હોય છે. સામાન્ય રીતે પ્રાણીઓ વનસ્પતિભક્ષી હોવાથી તેનો ડર વનસ્પતિને હોય. તેનાથી વિપરીત, પ્રાણીભક્ષી વનસ્પતિના મનોહર ખ્યાલો પ્રચલિત હોવા છતાં, તેનાથી ડરવા જેવું નથી. ભૂલેચૂકેય જો તમારાથી આવા છોડોની પથારી પર પડી જવાય તો, આ પ્રકારના કેટલાક સુંદર છોડવાઓના છૂંદાઈ જવા સિવાય, વિશેષ કંઈ નુકસાન થાય તેમ નથી.

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ સાયન્સ કમ્યૂનિકેશન્સના નવી દિલ્હીથી પ્રકાશિત થતા 'Science Reporter'ના માર્ચ-૨૦૦૦ના અંકમાં The world of Killer Plants નામનો એક ઘણો માહિતીસભર લેખ પ્રકટ થયો છે. તેના લેખક દાર્જિલિંગની ગવર્નમેન્ટ કોલેજના શ્રી

સંયુક્તા મંડલ (લેક્ચરર, વનસ્પતિશાસ્ત્ર વિભાગ) અને લેખિકા તે જ કોલેજના શ્રી સંયુક્તા મંડલ (લેકચરર, પ્રાણીશાસ્ત્ર વિભાગ) છે. તેમાં મોટા ભાગના આવા છોડોને આવરી લેવાયા છે. તેમાં પણ ક્યાંય આવા 'માણસખાઉ વૃક્ષ'નો ઉલ્લેખ નથી. તેમાં તેમણે એક પ્રશ્ન, 'મોટામાં મોટો માંસભક્ષી છોડ (કે વૃક્ષ) કયો છે?' ચર્ચ્યો છે, જેનો જવાબ આ પ્રમાણે આપ્યો છે. માત્ર કદની દૃષ્ટિએ જોતાં મોટામાં મોટો માંસભક્ષી છોડ નેપેન્થિસ કુળનો છે. તેના વેલા ૨૦-૩૦ મીટર જેટલા લાંબા થાય છે. અને તેમાં મોટામાં મોટા લગભગ દેડકા જેવડા કદના પ્રાણીઓ સપડાય છે. જો કે તેમાં કોઈ પક્ષી કે કૃન્તક (rodent) તેમાં સપડાયા હોવાના બહુ ઓછા કિસ્સા નોંધાયા છે. અને તેમાં પણ આવું પ્રાણી કાં તો માંદું અથવા સશક્ત હોય છે. એટલે આટલા મોટા પ્રાણીઓ સપડાવા તે સામાનય પરિસ્થિતિ નથી.

અંક ૮૭૦ (જૂન ૨૦૦૦) તો એક એકથી ચડિયાતી માહિતી લઈને આવ્યો. ખાસ કરીને ડૉ. ઝાકિર હુસેન, નિકોલસ રોરિક અને બૂચદાદા. તેમાં વળી પ્રીતિ સેનગુપ્તા અને ભારતી રાણેના લેખો તો એકબીજાના સમાંતરે રહી, એકમેકના પૂરક લાગ્યા. સંમુખ સાગરમઠ-૧૪માં આપેલા 'ઓમ મણિપદ્મે હુમ્' ના સૂત્રની તિબેટી લિપિ તો બંગાળી લિપિને ઘણી મળતી લાગી. લાગે છે કે તિબેટી લિપિની જનેતા સંસ્કૃતની દેવનાગરી લિપિ જ હશે, ચીનની કોઈ નહિ. - દેવ ચાવડા (વડોદરા)

જુલાઈ અંક ૮૭૧ મળ્યો - અંક સરસ છે. 'સર્જક-સૃષ્ટિ - વ્યંગ દૃષ્ટિ'માં શ્રી જલન માતરીનો શેર :

'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી.'

આ બરાબર નથી એમાં ત્રણ દોષ છે - કૃપયા એને સુધારી છાપશો - જે નીચે મુજબ હોવો જોઈએ :

'શ્રદ્ધાનો હો સવાલ, પુરાવાની શી જરૂર?
કુરઆનમાં તો ક્યાંય પયમ્બરની સહી નથી.'
- હુસૈન એસ. માંડલેવાલા - 'જવાન' (ચેન્નાઈ)

જુલાઈ ૨૦૦૦ના 'કુમાર'ના 'માધુકરી' વિભાગમાં ડૉ. રજનીકાન્ત જોશી દ્વારા પ્રસ્તુત સ્વ. મજરૂહ સુલતાનપુરીની વિદાય લખાણ વાંચવા મળ્યું. તેમાં ઘણી ક્ષતિઓ જોવા મળે છે : (૧) ફિલ્મ 'કિસ્મત' કારદાર પ્રોડક્શનની નહીં પરંતુ બૉમ્બે ટોકીઝની હતી. તે ફિલ્મ ૧૯૪૬ની નહીં પરંતુ ૧૯૪૩ની હતી. ડૉ. જોશી કિસ્મત નહીં પરંતુ કીમતનો ઉલ્લેખ કરતા હોય તે સંભવિત છે કેમ કે લખાણમાં દર્શાવેલાં ગીતો કીમત (૧૯૪૬)નાં છે. (૨) ફિલ્મ 'શાહજહાં' ૧૯૪૫ની નહીં પરંતુ ૧૯૪૬ની છે. (૩) મહેબુબની ફિલ્મ 'અંદાઝ' ૧૯૪૭-૪૮ની નહીં પરંતુ ૧૯૪૯ની છે. (૪) ૧૯૪૮ની ફિલ્મ દિગ્દર્શક એસ.યુ. સન્ની 'મેલા'માં મજરૂહનાં ગીતો હતાં જ નહીં. મેલાનાં ગીતકાર સ્વ. શકીલ બદાયુની છે. (૬) પાન નં.૪૪૪, પાંચમી લીટી 'ઉઠાયે જા હમ રે સીતમ' (લતા) ખોટું મુખડું અપાયું છે. ખરું મુખડું 'ઉઠાયે જા ઉનકે સીતમ ઔર જિયે જા' છે. (૭) પાન નં.૪૪૪ સાતમી લીટી - પાકિઝાનું ગીત નજર કા વાર થા નજરિયાં નથી પરંતુ નજરિયાં કી મારી મૈં મરી મરી જાઉં છે. અને આકૃતિ મજરૂહ સુલતાનપુરી રચિત નથી પરંતુ પારમ્પારિક રચના છે. (૮) ૧૯૪૭માં 'તાંગેવાલી' નામની કોઈ ફિલ્મ રજૂ થઈ નથી. નૌશાદના સંગીતનિર્દેશકવાળી તાંગેવાલા રજૂ થઈ હતી. (૯) પાનું ૪૪૪ પારા-૩ લીટી છઠ્ઠી એક લડકી ભોલી ભાલી સી નહીં પરંતુ ખરું મુખડું એક લડકી ભીગી ભાગી સી, સોઈ રાતોં મે જાગી સી છે (૧૯૫૮) (૧૦) અન્ય એક મુખડું છોડ દો આંચલ જમાના કયા કહેગા ફિલ્મ નૌ દો ગ્યારહ નું દર્શાવાયું છે, હકીકતે આ મજરૂહનું ઉત્કૃષ્ઠ છેડછાડગીત ફિલ્મ પેઈંગ ગેસ્ટ (૧૯૫૩)નું છે. (૧૧) મજરૂહ ખૈય્યામ (ગીતકાર-સંગીતકાર)ની ફિલ્મ ફૂટપાથ ૧૯૫૨ની નહીં, ૧૯૫૩ની ફિલ્મ છે. તે ફિલ્મનું સ્વ. તલત મહેમુદના સ્વરે ગવાયેલું યાદગાર ગીત શામે ગમ કી કસમ માત્ર મજરૂહે લખ્યું નથી. પરંતુ મજરૂહ સુલતાન પુરી તથા સરદાર જાફરીની સંયુક્ત પદ્ય કૃતિ છે. (૧૨) મજરૂહ માત્ર ફાળકે એવોર્ડના વિજેતા જ નથી પરંતુ પ્રથમ ગીતકાર વિજેતા છે. તેમના અગાઉ ફાળકે એવોર્ડ વર્ષો સુધી કોઈ પણ ફિલ્મ ગીતકારને પ્રદાન થયો ન હતો. તેમના પછી સ્વ. પ્રદીપજી ફાળકે એવોર્ડના બીજા ગીતકાર-વિજેતા બની શક્યા હતા.

- ડૉ. હસમુખ નાગ્રેચા (જૂનાગઢ)

'કુમાર'ના એપ્રિલના અંકમાં આંધ્ર વિષે માહિતી આપી - તે સરસ હતી, આ વિભાગ વધુ સમૃદ્ધ બને તેવી ઈચ્છા. નકશો ઉતાવળે થયો લાગ્યો. કારણ કે કેટલાંક નામો બરોબર ઉકેલાતાં નહોતાં. વળી મછલીપટ્ટનની જગ્યા ખોટી મૂકી છે. કૃષ્ણા નદી અને દરિયાઈ પટ્ટી ઉપર તે આવેલું પુર અને બંદર બંને છે. વેપારનું કેન્દ્ર છે. શહેરના એક દરવાજા ઉપર માછલીની આંખો દર્શાવી છે. તે ઉપરથી આ નામ પડ્યું છે. ક્રિશ્ના જિલ્લાનું પ્રથમ મથક છે. કલમકારી છાપકામ અને સોનાનાં પતરાંથી મઢેલી ચીજવસ્તુઓ માટે પ્રખ્યાત છે.

પંચાંગ લેખમાળા ખૂબ રસિક અને માહિતીપ્રચુર છે. અઘરી માહિતી લેખકે ખૂબ સરળ બનાવવા પ્રયત્ન કર્યો છે. બરોબર ન લાગી આકૃતિઓ. વિવિધ નક્ષત્રો, તારાઓ બતાવતી આકૃતિની અંદરના અક્ષરો ઊકલે તેવા નથી. આ માટે હવેથી સ્વચ્છ, સ્પષ્ટ આકૃતિઓ અપાય તો આવી લેખમાળા વધુ ઉપયોગી નીવડે તેમ છે. ૧૯૩૫થી કુમારથી ઘડાયો છું. અને આજે પણ એ જ કાર્ય થાય છે. - દિનુભાઈ દવે (અમદાવાદ)

જૂન ૨૦૦૦ના કુમારના અંકમાં ડૉ. નરોત્તમ વાળંદનો વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વિષયક લેખ હૈયામાં સોંસરવો ઊતરી જનારો બની રહ્યો. સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજીના નવી પેઢીના અધ્યાપક વર્ગને માટે અથવા વિવેચનક્ષેત્રે પ્રવૃત્ત સારસ્વતોને

માટે તેમાંથી ઘણું શીખવાનું છે. એમના જીવન અને પ્રદાનનો ઉલ્લેખ ગાગરમાં સાગરને સમાવનારો બન્યો. એથી લેખકને અભિનંદન. ઉપરાંત ડૉ. હસુ યાજ્ઞિકે પણ ફિલ્મી સંગીત પ્રદાન કે ભજનની શાસ્ત્રીયતાને સુપેરે દર્શાવીને વિવિધ રાગોમાં કયાં કયાં ગીતો છે તે દર્શાવાયું છે. જો કે મેરા સાયા ફિલ્મનું ગીત રાગ નંદ પર નહિ પરંતુ ભીમ- પલાસીમાં નૈનો મેં બદરા છાયે કંપોઝીશન છે એવું લતા મંગેશકરના શબ્દોમાં સાંભળેલું છે. એ ગીતના સ્વરાંકનમાં વિશિષ્ટ પ્રસંગો બનેલા. - મધુસૂદન વ્યાસ (મોડાસા)

શરૂ થયું ત્યારથી 'કુમાર'ની આગવી ઓળખમાં કોઈ ઓપ નથી આવ્યો. રાજકારણના સુંદર અને અભ્યાસુ લેખ હોય તો પણ 'કુમાર'માં સ્થાન આપી તેની કક્ષા ઉતારશો નહીં. રાજકારણના કે દેશના પ્રશ્નો ચર્ચતાં અનેક સામયિકો હોય છે. - એ. કે. દેસાઈ (ભરૂચ)

'ભારતનાં રાજ્યો' લેખમાળા શરૂ કરવા બદલ તંત્રીશ્રીને મારાં અભિનંદન પાઠવું છું. તે ખાસ કરીને માહિતીપૂર્ણ તથા વિવિધ બાબતોને આવરી લેતી હોવાથી વિદ્યાર્થીઓ, વેપારીઓ, પ્રવાસીઓ વગેરે માટે આવકાર્ય છે અને ઉપયોગી પણ છે. તેમાં પૃષ્ઠસંખ્યાની મર્યાદા ન હોય તો વધુ વિગતો આપવા સૂચન કરવું જોઈએ. તેમાંની ઇતિહાસ અને સંસ્કૃતિ વિષેની માહિતી જિજ્ઞાસા જગાડી વધુ વાંચવાની પ્રેરણા આપે છે. - સુરેશ શેઠ (ડભોઈ)

'કુમાર'ના ઓગસ્ટ અંકમાં મુખપૃષ્ઠના અંદરના ભાગમાં દેશદેશના રાષ્ટ્રધ્વજોનાં આપેલાં ચિત્રો બાબત - યુનાઇટેડ સ્ટેટ્સના ધ્વજમાં ૪૮ નહિ, ૫૦ તારા જોઈએ. દરેક તારો યુ.એસ.એ.ના એક એક ઘટક રાજ્યનું પ્રતીક છે. હવાઈ અને અલાસ્કા ઉમેરાતાં ૫૦ રાજ્યો થયાં. તેથી આગલા ધ્વજમાં તારાની જે ગોઠવણ હતી (દરેક આડી લાઈનમાં ૮ ઊભીમાં x ૬ = કુલ ૪૮) તેમાં પણ ફેરફાર થયો છે. - આર.બી. દેસાઈ (નવસારી)

અનુ.] ઇતિહાસધારા [પૃ.૫૭૭થી

આપતાં તેમનું હૈયું ભાંગી પડ્યું, અને તે પોક મૂકતાં રડી ઊઠ્યાં. પતિના અવસાન બાદ ૫૭ વર્ષ જીવેલાં ગોપિકાબાઈએ પતિસ્મરણ, તીર્થયાત્રા અને ધાર્મિક વ્રતોમાં સમય વીતાવ્યો. સ્વાતંત્ર્યવીર સાવરકરે જેલમુક્ત થતાં પહેલી જ મુલાકાત ગોપિકાબાઈની લીધેલી. ઈ.૧૯૪૦ના સપ્ટેમ્બરની ૧૧મીએ ૭૫ વર્ષની વયે તે ચિરનિંદ્રામાં પોઢી ગયાં

*

મુગલ સમ્રાટ શાહજહાંએ ગાદી પર આવીને રાજવંશીય પરંપરાનો ત્યાગ કરી પોતાના રાજ્યાસન તરીકે સિંહાસનના બદલે ખાસ મયૂરાસન (તખ્તે તાઉસ) તૈયાર કરાવ્યું હતું. બહુ મૂલ્ય રત્નોથી જડેલા આ મયૂરાસનમાંનાં રત્નોની કિંમત ત્યારના છ્યાસી લા - રૂપિયા અને કુલ મળીને તેમનું વજન ૬ મણ, વીસ શેર અને બે છટાંક હતું. આ તખ્ત પાંચ હજાર કારીગરોએ સાત વર્ષમાં તૈયાર કરેલું. જેમનું મહેનતાણું બે કરોડ, ચૌદ લાખ, પચાસ હજાર, ચારસો પંચાવન રૂપિયા ચૂકવવામાં આવેલું.


આ મયૂરાસનની કલ્પના શાહજહાંના મનમાં એક જૈન કથા પરથી ઉદ્ભવેલી એમ કહેવામાં આવે છે. તેના સમયમાં રાજ્યનો ખજાનો એટલો બધો હતો કે તેણે લાલ કિલ્લાથી માંડી તાજમહાલ નુવાં ભવ્ય ઇમારતો તેમજ શાલીમાર જેવાં ઉદ્યાનો ઊભાં કરેલાં. રત્નો ઉપરાંત તખ્ત માટે તેણે સાડા એકત્રીસ મણ સોનું અલગ કાઢીને તખ્તની રચના માટે બેબદલખાં નામના સોનીને રોકીને સાત વર્ષમાં મયૂરાસન તૈયાર કરેલું. બબ્બે ફૂટ ઊંચા છ પાયાના આ તખ્તમાં પાયા પણ સોનાના અને હીરાજડિત હતા. તખ્તમાં એક ઇતિહાસપ્રસિદ્ધ હીરો લાલે યમન પણ જડવામાં આવેલો. આસનની વચ્ચેની મિહરાબ પર એક વૃક્ષ અંકિત કરવામાં આવેલું. જેની બંને બાજુ બે મોર કલા કરતા અંકિત કરવામાં આવેલા. તખ્તને ત્રણ ભાગમાં વહેંચી શકાતું અને જોડી શકાતું.

આ મયૂરાસન પર આશીન થઈને શાહજહાંએ તેનો પહેલો દરબાર અકબરાબાદ (આગ્રા)માં ઈ.૧૬૩૪ના ફેબ્રુઆરીની ૩જીએ બપોરે બાર વાગ્યે ભરેલો. ૧૦ દિવસ સુધી આ પહેલો દરબાર ચાલેલો. રાજધાની આગ્રાને બદલે દિલ્હી ફેરવવામાં આવતાં આ મયૂરાસને ઈ.૧૬૪૮માં દિલ્હીના લાલ કિલ્લામાં લાવવામાં આવેલું. ૩૦ વરસ સુધી આ તખ્ત પર બેઠા પછી શાહજહાંના પુત્ર ઔરંગઝેબે તેને કેદ કરી આગ્રા મોકલી આપ્યો, અને પોતાનો પહેલો દરબાર આ આસન પર ઈ.૧૬૫૯ના જૂનની ૫મીએ ભર્યો.

ઔરંગઝેબના પૌત્ર મુહમ્મદશાહ રંગીલા 'પિયા'ના શાસનકાળમાં નાદિરશાહે ભારત પર ચડાઈ કરી અને દિલ્હીના સમ્રાટો તથા લખનૌના નવાબોનો ખજાનો લૂટી ઇરાન લઈ ગયો, સાથે કેટલાય હાથી-ઘોડા અને તોપો. ઇરાનમાં તખ્તે તાઉસ પર તેણે પોતાનો પહેલો દરબાર ઈ.૧૭૪૦ના જૂનની ૪થીએ ભર્યો, પણ ઈ.૧૭૪૭માં તેના સૈનિકોએ બંડ ઉઠાવી નાદિરશાહની હત્યા કરીને કરેલી લૂંટફાટમાં તખ્તે તાઉસના પણ ટુકડા કરી અંદરોઅંદર વહેંચી લીધા. આમ એક ઇતિહાસ-પ્રસિદ્ધ રાજ્યાસનનો અંત આવ્યો. □


કોચીન (દેશાટન-૨૦)

કોચીન કેરલની વ્યાપારિક રાજધાની છે. ઉપરાંત દુનિયાનાં સૌથી વધુ પ્રાકૃતિક



બંદરોમાંનું એક છે. કેરલ રાજ્યમાં આવેલા આ બંદરનાં પ્રાકૃતિક સૌન્દર્ય, મનમોહક હરિયાળીથી ભરપૂર દ્વીપો અને ભવ્ય સમુદ્રકિનારાઓ તથા સ્થિર-અપ્રવાહી જળરાશિ જોવાલાયક છે. પ્રાચીન કાળથી કોચીનના શાસનકર્તાઓનાં આતિથ્ય-સત્કારથી આરબ, ચીન, પોર્તુગલ, ઇંગ્લંડ, હોલેન્ડ વગેરેના સાહસિક સાગરખેડુઓને આકર્ષિત કર્યા છે. એ બધાંની વિવિધ સંસ્કૃતિનો પ્રભાવ અત્યારના કોચીનમાં ઠેકઠેકાણે નજરે પડે છે. માછલી પકડવાની ઝૂલતી ચીની જાળ, યહૂદી પ્રાર્થનાઘર, ડચ પેલેસ, પોર્તુગલની સ્થાપત્યકલા વગેરેથી કેરલની વિરાસત સમૃદ્ધ છે. મધ્યમાં બંદરગાહ હોવાથી કોચીનને 'અરબ સમુદ્રની રાણી'નું ગૌરવ મળ્યું છે. વાઈપીન, વલ્લરપદમ, બોલઘટ્ટી, ગુન્ડૂ વગેરે પ્રકૃતિ-નિર્મિત નાના નાના દ્વીપો ચારે તરફ આવેલા છે. મૈટનચેરી પેલેસ, યહૂદી સભાઘર, સેન્ટ ફ્રાન્સિસ ગિરિજાઘર, સાંતાક્રુઝ કેથેડ્રલ, બોલઘટ્ટી પેલેસ, માનવ-નિર્મિત વિલિંગ્ડન દ્વીપ, સંગ્રહાલય, આર્ટ ગેલરી વગેરે પર્યટકોનાં આકર્ષણ કેન્દ્રો છે. બધાં મુખ્ય શહેરોથી વિમાનમાર્ગે, રેલમાર્ગે અને સડક દ્વારા કોચીન સરળતાથી પહોંચી શકાય છે. સ્થળ-દર્શન માટે ગાઈડની સુવિધા મળી રહે છે.

('યોગક્ષેમ'ને આધારે)



કોના દિલમાં હજી નિરાશા? કોણ હજી ફરિયાદ કરે?
કોણ એવા બુઝદિલ હજી અંધારી રાતો યાદ કરે?
છોડો એને; ચાલો, સાથી! ખુલ્લાં ખેતર સાદ કરેઃ
દિશે દિશામાં ગાજે નોબત પ્રજા તણા ઉત્થાનની!

- નાથાલાલ દવે

શતાયુ મહારાણી એલિઝાબેથ

બ્રિટનની રાણી એલિઝાબેથને 'મહારાણીઓની માતા' અને 'રાણીઓની માતા'ના બિરુદથી છેલ્લાં પચાસ વર્ષથી ઓળખવામાં આવે છે. બ્રિટનના શાહી પરિવારમાં સુદીર્ઘ સમય પર્યંત હયાત રહેનારી - સન્નારીએ ગઈ તા.૪ ઑગસ્ટના રોજ પોતાના જીવનનાં સો વર્ષ પૂરાં કર્યાં છે. એનું પૂરું નામ છે લેડી એલિઝાબેથ એંજિલા માર્ગરેટ બાઉસલિયન. રાજાશાહીનાં બદલાતાં રૂપ એમના જેટલાં ભાગ્યે જ કોઈએ જોયાં હશે. રાજાશાહીને લોકો સમક્ષ લઈ જવામાં શાહી પરિવારમાં એ અગ્રગણ્ય રહી છે - એ એની વિશિષ્ટતા ને મહત્તા પણ છે. તાજગીભર્યું વ્યક્તિત્વ, આશાવાદ અને બીજાના સુખદુઃખમાં સામેલ થવાની વૃત્તિ એમનાં મહત્ત્વનાં માનસ લક્ષણો છે.

પ્રિન્સ ઑફ વેલ્સના મત મુજબ એના સુદીર્ઘ જીવનનું રહસ્ય છે જીવનનો ઉત્સાહ, હસમુખો સ્વભાવ અને બીજાને આનંદ આપવાની વૃત્તિ. હકીકતમાં એનો સ્વભાવ પારસમણિ સમો છે. જેમ પારસમણિ પોતાના સ્પર્શથી કોઈ પણ ચીજને સોનું બનાવી દે છે તેમ રાણી એલિઝાબેથની હાજરીથી ઉદાસીનતા ને ગમગીનીથી ભરેલું વાતાવરણ આનંદવિનોદમાં પલટાઈ જાય છે. જ્યાં એ જાય ત્યાં અત્યંત મનોરમ ને આત્મીય વાતાવરણ ખડું કરી દે એવો એનો મધુર સ્વભાવ. રાણી એલિઝાબેથ સ્કોટલેન્ડના થેન ઑફ ગ્લેમિસ ગણાતા સર જોન લિયનની વંશજ છે. સર જોને સ્કોટલેન્ડના રાજા રોબર્ટ બીજાની શાહજાદી જીન સાથે ૧૩૭૬માં લગ્ન કર્યાં હતાં ને એના પરિણામે એ પરિવારના વારસારૂપે મહારાણીની માતા ગણાતી રાણીના કુટુંબને ફોરફાર શાયર તથા ગ્રેટ કેસલ



ઑફ ગ્લેમિસ પ્રાપ્ત થયેલ. રાણી એલિઝાબેથ ચૌદમા અર્લ ઑફ સ્ટ્રેથમર અને રાજા કિંગહોર્નનાં દસ સંતાનો પૈકી નવમું સંતાન હતી. એનો જન્મ લંડન ખાતે તા.૪ ઑગસ્ટ ૧૯૦૦નાં રોજ થવા પામ્યો છે. એક મોટા ને પ્રસન્ન ચિત્તવાળા પરિવારમાં એનો ઉછેર ને પાલનપોષણ થયેલ છે. એ કુટુંબમાં ઔપચારિકતાને જરાયે સ્થાન નહોતું. ને કોઈ જાતના વિધિનિયમો પણ તેમાં નહોતા, એટલે જ કદાચ રાણી એલિઝાબેથ નાનપણથી જ અત્યંત હસમુખો ને મજાકી સ્વભાવ ધરાવતી હતી. એની માતા તો કાઉન્ટેસ ઑફ સ્ટ્રેથમર એવા ડ્યૂક ઑફ પોર્ટલેન્ડના કાકાની બહેન

હતી. એ પણ ફક્કડ અને અતિશય મજાકી સ્વભાવ ધરાવતી હતી, તેમ છતાં પોતાનાં સંતાનોનાં શિક્ષણ ને ઘડતરની બાબતમાં તે ઘણી સજાગ હતી. તે ખુદ પોતાનાં સંતાનોને ભણાવતી અને મોટાં થયા પછી ઘરમાં જ તેમના શિક્ષણની વ્યવસ્થા પોતાની દેખરેખ હેઠળ તેણે કરી હતી. એ રીતે ઘરમાં રહીને જ રાણી એલિઝાબેથે ફ્રેંચ ને જર્મન ભાષાઓમાં નિપુણતા સિદ્ધ કરી હતી.

પોતાના ભાઈ પાસેથી રાણી એલિઝાબેથે મચ્છીમારીનો શોખ કેળવ્યો. રમતગમત પ્રત્યે ય એને સારી દિલચસ્પી રહી છે અને વળી સંગીત ક્ષેત્રે તો પિયાનોવાદનમાં એની પ્રવીણતાનો જોટો જડવો મુશ્કેલ ગણાય છે. માત્ર આઠ વર્ષની વયે બીથોવન તથા બાખની ધૂન-તરજો એણે ધંધાદારી વાદકને ય ટપી જાય તે રીતે હસ્તગત કરી શીખી લીધેલી.

જ્યારે રાણી એલિઝાબેથની માત્ર ચૌદ વર્ષની વય હતી ત્યારે પહેલું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું હતું. એટલે એના શિક્ષણમાં અવરોધ આવવા પામ્યો. એ દિવસો દરમિયાન ગ્લેમિસ તો સૈન્યની હોસ્પિટલ સમું બની ગયેલું. ત્યારે રાણીએ ઘાયલ સૈનિકોની માવજતની જવાબદારી સંભાળી લીધેલી. એના ત્રણ ભાઈઓ બ્લેક વૉચ રેજિમેન્ટ તરફથી યુદ્ધ મોરચે લડેલા ને એ પૈકી ફર્ગસ નામના ભાઈનો ૧૯૧૫માં એ યુદ્ધમાં ભોગ લેવાયો હતો.

એ યુદ્ધે રાણી એલિઝાબેથને યુવતીમાંથી જવાબદાર પુખ્ત મહિલા બનાવી દીધેલી ને કર્તવ્ય ને કુરબાનીનું મહત્ત્વ ત્યારે તેના ખ્યાલમાં આવી ગયેલું. યુદ્ધ દરમિયાન એને થયેલ વિવિધ અનુભવોથી પ્રાપ્ત થયેલ ચુંબકીય અજબ જેવા વ્યક્તિત્વથી એના સંપર્કમાં આવનાર સૌ કોઈ પ્રભાવિત થવા પામતા હતા.

ઈ.સ.૧૯૨૩માં રાજા પાંચમા જ્યોર્જના શાહજાદા ડ્યૂક ઑવ્ યૉર્ક પ્રિન્સ આલ્બર્ટે એલિઝાબેથ સમક્ષ લગ્ન કરવાની ઇચ્છા દર્શાવી ને રાણીના જીવનમાં વળાંક આવવા પામ્યો. આમ તો એમની પહેલી મુલાકાત જ્યારે થયેલી ત્યારે એલિઝાબેથની વય માત્ર પાંચ વર્ષની જ હતી, ત્યારની ઘટના હજુય અવિસ્મરણીય બની રહી છે. તે ટાણે એલિઝાબેથના હાથમાં રહેલો આઇસ કેક જોઈને પ્રિન્સ આલ્બર્ટ લલચાયેલા, એ જોઈને તરત જ એલિઝાબેથે એ કેકનો ચેરી સહિતનો ટુકડો પ્રિન્સના મોઢામાં ખવડાવી દીધો હતો. પણ એ ઘટના પછી ઈ.સ.૧૯૨૦ સુધી તો બંનેની મુલાકાત થયેલી જ નહીં. પણ જ્યારે તેઓ મળેલા ત્યારે એ ઘટનાને યાદ કરીને તેઓ ખડખડાટ હસી પડેલા. એમના વિવાહસંબંધની જાહેરાત તા.૧૯ જાન્યુઆરી, ૧૯૨૩ના રોજ થઈ હતી. અને એ વર્ષની તા.૨૬ એપ્રિલના રોજ વેસ્ટ મિનિસ્ટર એબીમાં એમનાં શાહી ઠાઠમાઠથી લગ્ન થયેલાં.

બચપણથી ડ્યૂકને તોતડું બોલવાની ટેવ હતી. શરૂઆતમાં તો એમની તોતડી વાણી સાંભળીને સહુ હસતાં હતાં. પણ પાછળથી તો તેઓ સઘળાં એમનાં તોતડી વાણીથી ટેવાઈ ગયાં હતાં. છતાં રાણી એલિઝાબેથને ડ્યૂકનું તોતડાપણું ઉપચાર ને મહાવરાથી મટાડી દેવાની શ્રદ્ધા હતી અને એ એમણે કરી પણ દેખાડ્યું. એ પછી તો એલિઝાબેથ કુટુંબમાં સઘળાંને પ્રિય ને લાડલી બની ગઈ. એમનો સવારનો સમય રસોઈની વ્યવસ્થા તથા બાળકોનાં કામકાજમાં વીતતો ને સાંજનો સમય પતિની સાથે પસાર થતો. ઘરની વ્યવસ્થામાં એમની રુચિથી તો એ વધારે માનીતાં શાહી પરિવારમાં થઈ પડ્યાં હતાં.

એ પ્રસન્ન પરિવારમાં ઈ.સ.૧૯૨૬માં રાજકુમારી એલિઝાબેથના જન્મથી વધુ ખુશી થવા પામી. લંડનમાં આગની જેમ રાજકુમારીના જન્મની ખબર ફેલાતાં જ મોટી સંખ્યામાં લોકોની ઠઠ ત્યાં દર્શન માટે જામી ગઈ. જન્મ પછી ૨૬ વર્ષ બાદ એણે મહારાણી એલિઝાબેથ બીજીનાં નામે રાજગાદી ગ્રહણ કરી. એ પછી તા.૨૧ ઑગસ્ટ ૧૯૩૦ના રોજ રાણી એલિઝાબેથે ગ્લેમિસ ખાતે બીજી પુત્રી રાજકુમારી માર્ગરિટને જન્મ આપ્યો.

૧૯૩૬માં જ્યારે ડ્યૂકના મોટા ભાઈ રાજા આઠમા એડવર્ડે છૂટાછેડા પામેલ અમેરિકન સ્ત્રી વાલિસ સિમ્પસન સાથે લગ્ન કરવા માટે રાજગાદીનો ત્યાગ કર્યો ત્યારે રાણી એલિઝાબેથના જીવનમાં બીજો વળાંક આવવા પામ્યો અને તા.૧૨ મે ૧૯૩૭ના રોજ રાણી એલિઝાબેથને વેસ્ટ મિનિસ્ટર એબીમાં રાજતિલક થતાં રાજા જ્યોર્જ છઠ્ઠાની સાથે રાજગાદીએ બેસવાથી સાચા અર્થમાં તે મહારાણી એલિઝાબેથ થવા પામી.

એ વખતે તેણે જાહેર કરેલું, 'મારે બસ એક સામાન્ય રૈયતના માણસની જેમ રહેવું છે. બીજાઓને સ્નેહ આપવો છે અને આદર્શ પત્નીની જેમ મારા પતિને સહકાર આપી મારું કર્તવ્ય અદા કરવું છે.' નાઝી જર્મની સાથે થયેલ બીજા વિશ્વયુદ્ધના સમય દરમિયાન એના આ કથનની આકરી કસોટી થવા પામી. ત્યારે લંડન પર થયેલ હવાઈ હુમલા ટાણે એ પોતાના પતિની પડખે રહી, તદુપરાંત એણે લોકોને રાહત આપવા માટે કેટલીય રાહત ટુકડીઓ રચી હતી. જ્યારે એક રાતે બકિંગહામ મહેલ પર બૉંબમારો થયો ત્યારે બીજે દિવસે તેણે હસતાં હસતાં કહેલું : 'ચાલો, સારું થયું, હવે આ મહેલમાંથી પૂર્વ બાજુનાં દશ્યો જોવા મળશે' અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હવાઈ હુમલાથી માઠી અસર પામી પાયમાલ થયેલ વિસ્તારોની મુલાકાત લઈ ત્રસ્ત થયેલ લોકોની દેખભાળ ને માવજત કરવાની ત્યારે એની દિનચર્યા બની ગયેલી. એ વખતે તત્કાલીન વડાપ્રધાન ચર્ચિલની પડખે રહીને એ શાહી દંપતીએ લોકોનું મનોબળ દૃઢ કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો.

એ યુદ્ધ દરમિયાન બાળકોને સલામતી ખાતર સુરક્ષિત સ્થળે લઈ જવાની પ્રથા અપનાવવામાં આવી હતી. ત્યારે બંને રાજકુમારીઓને લંડનની બહાર સલામત સ્થળે લઈ જવાની વાત રજૂ થઈ. એ સમયે રાણી એલિઝાબેથે પોતાના સહજ મજાકી સ્વભાવ મુજબ કહી દીધું : 'બાળકો મારા વિના નહિ રહે અને જ્યાં સુધી મારા પતિ અહીં છે ત્યાં સુધી મારે માટે અન્યત્ર જવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી.' આ રીતે તેણે બાળકોને સલામત સ્થળે

ન મોકલવાનો નિર્ણય કરીને રૈયતની લોકચાહના પ્રાપ્ત કરી. ૮ મે ૧૯૪૫ના રોજ એ વિશ્વયુદ્ધમાં મિત્રરાજ્યોના વિજયનો ઉત્સવ બકિંગહામ મહેલમાં ઉજવાયો ત્યારે પોતાના પતિ તથા પુત્રીઓની સાથે તેણે એમાં ભાગ લઈ લોકોનું અભિવાદન સ્વીકાર્યું હતું.

એ પછીનાં વર્ષો દરમિયાન મહારાણી એલિઝાબેથ જાહેર સેવાજીવનમાં સારી એવી સક્રિય રહી. તા.૨૦ નવેમ્બર ૧૯૪૭ના રોજ તત્કાલીન રાજકુમારી એલિઝાબેથ અને આજની મહારાણી એલિઝાબેથ બીજીના ડ્યૂક ઑવ્ એડિનબરો સાથે લગ્ન થવા પામ્યાં. એ પછી એક વર્ષ બાદ પ્રિન્સ ચાર્લ્સનો જન્મ થયો. એ અરસામાં મહારાણીના પતિ રાજા છઠ્ઠા જ્યોર્જની તબિયત નાદુરસ્ત હતી. પ્રિન્સેસ એલિઝાબેથે જ્યારે રાજકુમારી એનને ઑગસ્ટ ૧૯૫૦માં જન્મ આપ્યો ત્યારે છઠ્ઠા રાજા જ્યોર્જ પથારીવશ થઈ ચૂક્યા હતા. અને બે વર્ષની લાંબી માંદગી બાદ કેન્સરના રોગમાં ફેબ્રુઆરી ૧૯૫૨માં રાજા જ્યોર્જનું સેન્ડરિંઘમમાં દુ:ખદ નિધન થવા પામ્યું. એનો મહારાણીને ભારે આઘાત લાગ્યો. ને પછી તો તે મહારાણીને બદલે 'મહારાણીની માતા'ના નામે ઓળખાવા લાગી. એનાં બે રૂપ હવે જોવા મળે છે. પહેલું પાસું તે નિજી અંતરંગ જીવનનું - એમાં તે રેઈનકોટ ને ગમબૂટ પરિધાર કરી પોતાની મનપસંદ મચ્છીમારી ને ઘોડદોડના શોખમાં વ્યસ્ત રહે છે અને બીજું રૂપ તે શાહી કુટુંબના જવાબદાર બુઝર્ગ સભ્ય તરીકેનું. એમાં તે રંગબેરંગી હેટ, હળવા રંગનાં પોશાક, સફેદ મોજાં ને મોતીઓના હાર પહેરેલી નજરે પડે છે.

એની નમ્રતા વિશિષ્ટ પ્રકારની છે. શાહી વિમાન કે ટ્રેનમાંથી પ્રવાસ કર્યા બાદ નીચે ઊતરતી વેળા તે તેના કર્મચારીઓનો હાર્દિક આભાર માને છે. જીવન વિશેનું તેના દૃષ્ટિબિંદુરૂપ તેનું કથન જુઓ - 'આપણું કર્તવ્ય અદા કરીએ. જે ભૂમિકામાં હોઈએ તેને ન્યાય આપીને આપણે પૃથ્વી પર રહ્યાનું ઋણ ચૂકવીએ છીએ.' દીર્ઘાયુ હો આવાં કર્તવ્યશીલ રાણી એલિઝાબેથ.

* સંદર્ભ માહિતી - ઍજિલા સિંગ્લટનકૃત લેખ

- ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર 'મધુરમ્'

લાલા આમરનાથનું અવસાન

ભારતીય ક્રિકેટના વયોવૃદ્ધ મહાન ખેલાડી લાલા અમરનાથનું નવી દિલ્હી ખાતે તા.૫મી ઓગસ્ટે નિદ્રાધીન અવસ્થામાં



અવસાન થયું. તેમણે ૧૯૩૩માં મુંબઈમાં બોમ્બે જિમખાનાના મેદાન પર પ્રવાસી ઈંગ્લંડની સામે ભારત તરફથી ટેસ્ટ ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. બીજા દાવમાં એમણે શાનદાર શતક સાથે ૧૧૮ રન કર્યા હતા. ભારત સ્વતંત્ર થયા પછી પહેલી જ ક્રિકેટ ટીમનું એમણે સુકાનીપદ સંભાળ્યું હતું. એમની ક્રિકેટ-કારકિર્દીને બિરદાવવા તેમને 'પદ્મભૂષણ'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રિય ક્રિકેટમાં ભારત વતી તેઓ સૌપ્રથમ સદી કરનાર ખેલાડી હતા. તેઓ કુલ ૨૪ ટેસ્ટ રમ્યા હતા અને ૨૪.૩૮ રનની તેમની સરેરાશ હતી. તેમણે આ કારકિર્દી દરમિયાન કુલ ૮૭૮ રન કર્યા હતા. વળી, એમણે કુલ ૪૫ વિકેટો પણ લીધી હતી. ૧૯૪૬માં ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે ઈંગ્લંડ સામે એમણે ૯૬ રન આપી પાંચ વિકેટો લીધી હતી. એમની કારકિર્દીનો એ શ્રેષ્ઠ દેખાવ ગણાયો છે. છેલ્લે તેમણે પાકિસ્તાન વિરુદ્ધ ભારતને ૨-૧થી વિજય અપાવ્યા બાદ એમણે આંતરરાષ્ટ્રિય ક્રિકેટને અલવિદા કરી હતી. તેમણે કુલ ૧૫ ટેસ્ટમાં ભારતનું કપ્તાનપદ નિભાવ્યું હતું. એમાંથી તેઓ બે મેચ જીત્યા હતા, છ હાર્યા હતા અને સાત મેચો ડ્રોમાં પરિણમી હતી. જો કે ૧૯૬૦-૬૧ સુધી રાષ્ટ્રિય ક્રિકેટના પસંદગીકાર તરીકે અને પસંદગીસમિતિના અધ્યક્ષ તરીકે તેમણે સેવાઓ આપી હતી.

તેમના જવાથી ભારતીય ક્રિકેટે એક ઉત્તમ ખેલાડી અને ઉમદા મનુષ્ય ગુમાવ્યો છે. (સંકલિત)

સવાલ સંસ્કૃતિનો છે

શાસ્ત્રીય સંગીતના પાયા પર ઊભેલા ભારતીય સંગીતે પોતાના ઉદ્‌ભવકાળથી જ સમય પ્રમાણે પોતાનામાં સ્વાભાવિક પરિવર્તનો કર્યા છે. ઇતિહાસના ક્રમમાં જોઈએ તો શાસ્ત્રીય સંગીતનું પ્રારંભિક સ્વરૂપ કે એક રીતે કહીએ તો અઘરું પણ હતું. સમય જતાં કંઈક સહેલું થતું ગયું અને આજે આપણે એને અર્ધશાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત કે પ્રચલિત સંગીતના રૂપમાં જોઈએ છીએ. એક તરફ શાસ્ત્રીય સંગીત મર્યાદિત બનતું ગયું તો બીજી બાજુએ લોકગીતોએ પોતાની લોકપ્રિયતા સિદ્ધ કરી. એ જ રીતે ફિલ્મી સંગીતે ભારતીય શ્રોતાઓના દિલમાં પોતાનું સ્થાન કરી લીધું. શ્રોતાઓને આ સંગીત કંઈક અંશે ભારતીય સંગીતપરંપરાને મળતું આવતું લાગ્યું. પોતાની લાંબી યાત્રા દરમિયાન અનેક માર્ગોથી પસાર થતાં થતાં ભારતીય સંગીત આજે પોપ સંગીત સુધી આવી પહોંચ્યું છે. ઉપરછલ્લી નજરે જોઈએ તો એને સંગીતના વિકાસનું સ્વાભાવિક પરિણામ કહી શકાય. કેટલાક એને ભારતીય સંગીતનું નવું સ્વરૂપ કહે છે.

પરંતુ સવાલ એ થાય છે કે શાસ્ત્રીય સંગીત પોતાના અનેક ઉતારચઢાવ પાર કરીને શું પોપ સંગીત સુધી આવી પહોંચ્યું? એ શું ભારતીય સંગીતનું અભિનવ રૂપ છે કે પછી પશ્ચિમની બજારવાદી અને ઉપભોગવાદી સંસ્કૃતિનું વિકાસશીલ દેશોને માટેનું એક સશક્ત હથિયાર છે?

આ સદીના દાયકાના શરૂઆતનાં વર્ષોમાં વિશ્વીકરણની પ્રક્રિયા ચાલી. ભારતમાં આવેલી નવી આર્થિક નીતિઓની

અસર માત્ર આર્થિક ક્ષેત્ર પર જ નથી થઈ. રાજનૈતિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પણ તેની વ્યાપક રીતે અસર થઈ છે. મનોરંજન માટે શરૂ કરેલી વિદેશી ઉપગ્રહ ચેનલોએ સંગીતની વ્યાખ્યા જ બદલી નાખી. સેક્સ અને સંગીતને સાથે સાથે બતાવીને વાતાવરણ જ એવું બનાવી દીધું કે જાણે સેક્સ વગર સંગીત અધૂરું છે. આ તો વિકૃતિઓને બહેકાવીને પોતાના ધંધામાં ચમક લાવવાની વાત છે.

પોપ સંગીતને નામે અંગપ્રદર્શનની શરૂઆત એમટીવીએ કરી. ટેલિવિઝન માત્ર સડક સુધી નથી રહ્યું, હવે તો એ ઘરના દીવાનખંડ અને શયનખંડ સુધી પહોંચી ગયું છે. તેથી એની વ્યાપક અસર થાય એ સ્વાભાવિક છે. એમટીવીએ વ્યાપક અસરને ધ્યાનમાં રાખીને જ અશ્લીલ ગીતોનો ભંડાર ભરી દીધો. ૧૯૯૧ની ૧૫મી મે ના રોજ એમટીવી એશિયાની સ્થાપના થઈ હતી. અને શરૂઆતથી જ એણે પોતાની દાનત જાહેર કરી દીધી હતી.

શરૂઆતમાં એમટીવી પર જે ગીતો રજૂ થતાં હતાં તેથી ખૂબ ઊહાપોહ થઈ ગયો હતો. એની તુલનામાં તો આજે દૂરદર્શન પર દેખાડાતાં કામુક કે અશ્લીલ પોપ ગીતો ક્યાંય આગળ છે. આમ પાશ્ચાત્ય સંસ્કૃતિને ખાસ કરીને અશ્લીલતાને પ્રચારિત અને પ્રસારિત કરવાનું કામ એમટીવી અને સ્ટારટીવીએ ખૂબીથી કર્યું. અફસોસ તો એ વાતનો છે કે આજે જેની લગામ સ્વદેશી અને રાષ્ટ્રવાદી હોવાનો દાવો કરતા ભાજપના હાથમાં છે એ આપણું દૂરદર્શન પણ એ જ કામ જરાય હિચક વગર કરી રહ્યું છે. પોપ સંગીતે યુવાન પેઢીમાં હલચલ મચાવી દીધી છે. સંગીતને બહાને યુવાનોમાં જે વિકૃતિ પીરસાઈ રહી છે એનાથી તેઓ કુંઠિત થતા જાય છે. મેડોના, સામના, ફાર્ક્સ, માઈકલ જેક્સન જેવા ગાયકોથી પ્રભાવિત થઈને ભારતીય પોપમાં સેક્સની પ્રચુરતા લાવવામાં સુનિતા રાવનાં ગીતોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. એક વખત એવો હતો કે બાબા સહગલ ભારતના સૌથી વધુ લોકપ્રિય પોપ ગાયક હતા અને એમના આલ્બમ 'ઠંડા ઠંડા પાની'એ એમની લોકપ્રિયતા વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. 'ઠંડા ઠંડા પાની' આલ્બમનાં ગીતો સારાં હતાં એમાં જરાય શંકા નથી. પરંતુ અશ્લીલતાથી ભરપૂર એનું વિડિયો આલ્બમ ચર્ચાસ્પદ બની ગયું હતું. સેક્સનું વિતરણ કરતી એ સમયની મોડેલ પૂજા બેદીએ આ આલ્બમમાં ભરપૂર ઉત્તેજક અદાઓ આપી હતી. ત્યારથી કોઈ પણ પોપ કાર્યક્રમ જોઈએ તો તે આ બધાથી ભરેલો જ હોય છે. પછી તે અલિશા ચિનોયનું "મેઈડ ઈન ઈન્ડિયા' હોય કે દિલેર મહેંદીનું પંજાબી પોપ ગીત. પોપ ગાયકોનું ગળું ભલે સુરીલું ન હોય પણ દેહ સુંદર હોવો જોઈએ એમ કહેવામાં કંઈ ખોટું નથી.

ખરેખર સમય અને આવશ્યકતા પ્રમાણે દરેક ક્ષેત્રમાં પરિવર્તન થતું રહે છે અને આધુનિકતાનો પણ હંમેશાં વિકાસ થતો રહે છે. એનું સ્વરૂપ, સમય અને પ્રયોગની કસોટી પર નક્કી થતું જાય છે. જ્યાં સુધી ભારતીય સંગીતનો પ્રશ્ન છે એણે પણ સમય પ્રમાણે પોતાનામાં સ્વાભાવિક પરિવર્તન કર્યું છે. અને શાસ્ત્રીય સંગીતના વ્યાકરણને બાજુએ રાખીને સમય પ્રમાણે થયેલા પરિવર્તનને આત્મસાત્ કર્યું છે. ઉર્દૂ ગઝલોની સંગીતમય રજૂઆત પર પણ ભારતીય સંગીતપ્રેમીઓ ફીદા થઈ જાય છે. હજી પણ ગુલામઅલીના 'ચુપકે ચુપકે રાત દિન આંસુ બહાના યાદ હૈ' કે જગજિતસિંહનું 'હમ તો હૈં પરદેશમેં દેશમેં નિકલા હોગા ચાંદ' પર લોકો ઝૂમી ઊઠે છે. પરંતુ પોપ એ સંગીત નથી પણ સેક્સ, અશ્લીલતા અને બજારવાદનું મિશ્ર રૂપ છે. તેથી તેને પોપ સંગીત નહીં પોપ સંસ્કૃતિ પણ કહેવાય છે. આ નવાં ગીતોમાં સાંભળવા જેવું કોઈ હોતું નથી એમાં કર્ણપ્રિયતાનો જ અભાવ હોય છે. ભારત જેવા વિકાસશીલ દેશોમાં આ પ્રકારનાં સેક્સી ગીતોથી લોકોનાં હૃદયમાં ઉત્સુકતાને કારણે વિકૃતિ પેદા થાય છે. અને તક મળતાં જ આ વિકૃતિ બહાર પ્રકટ થાય છે. અને નૈતિક મૂલ્યોનો હ્રાસ થતો જાય છે. જે સંગીત ઉત્સાહ અને શાંતિનું પ્રતીક છે અથવા તો સાધન છે તે આજે ઉન્માદ અને કામુકતાનું સાધન બની ગયું છે. આમાં નથી તો રાષ્ટ્રનું હિત કે નથી સમાજનું હિત. પશ્ચિમના ઉપભોગવાદને સૌન્દર્ય અને સેક્સના ક્ષેત્રમાં અનંત શક્યતાઓ દેખાવા માંડી એટલે એણે સૌંદર્ય સ્પર્ધાઓ, પોપ સંગીત અને જાહેરાતો દ્વારા બેવડું દોહન શરૂ કરી દીધું.

આ સાંસ્કૃતિક આક્રમણને ઘણુંખરું પૂર્વ-પશ્ચિમ, શાસ્ત્રીય-પોપ, પરંપરાગત કે આધુનિકતા એમ વિરોધના રૂપમાં જોવામાં આવ્યું છે. પરંતુ અહીં સવાલ ભારતીય કે પશ્ચિમના સંગીતનો નથી કે નથી શાસ્ત્રીય કે પોપ ગાયકોના વિરોધાભાસનો પરંતુ સવાલ એ છે કે એને કારણે સાંસ્કૃતિક મૂલ્યોની અવગતિ થઈ છે. કોઈ પણ ચીજ સાંસ્કૃતિક અને નૈતિક પતનનું તથા બજારવાદનું કારણ બને તે પછી ઉપભોગવાદ હોય, સૌંદર્ય સ્પર્ધા હોય કે પછી સંગીતના નામે પીરસાતું પોપ સંગીત હોય સમાજને માટે તે મંગલકારી ન બની શકે.

(સ.પ્રે.સ.માંથી) - જયા ઘોષ

વિષ્ણુ પંડ્યાને નર્મદ ચંદ્રક

સુરત ખાતેની ગુજરાતની જાણીતી સાંસ્કૃતિક અને સાહિત્યિક સંસ્થા 'નર્મદ સાહિત્ય સભા'એ ખ્યાત ઇતિહાસકાર, વરિષ્ઠ પત્રકાર અને લેખક વિષ્ણુ પંડ્યાને 'નર્મદ ચંદ્રક' એનાયત કરવાની જાહેરાત કરી છે. નર્મદ સાહિત્ય સભાના અધ્યક્ષ સાહિત્યકાર જયંત પાઠકના હસ્તે તા. ૯મી સપ્ટેમ્બર ને શનિવારે સુરતમાં યોજાએલા સમારંભમાં આ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે.

ઊગે છે કટાણે તે આથમે પણ એ રીતે;
વખતને પારખીને જે ભરે છે ડગ એ જીતે.

રાષ્ટ્રપિતા ગાંધીજીના હાથ ધ્રૂજતા હતા. ઠંડી કારમી હતી, એક ખૂણામાં પરબીડિયાંનો ઢગલો પડ્યો હતો. દેશબાંધવોની ગરીબી - જ્યાં અન્નના એક એક દાણા માટે લોક તલસતું હતું. નાખી દીધેલાં એંઠવાડમાંથી ખોરાક શોધવાની લાચારી હતી - એવી ગરીબીથી એ પૂર્ણપણે વાકેફ હતા. જીવનના કસબીએ એક પછી એક પરબીડિયાને કાપી, કાગળો ગોઠવી, ટાંચણો થઈ શકે તેવું પેડ બનાવ્યું પણ એમના હાથ ધ્રૂજતા હતા. ઠંડી કારમી હતી અને ઉંમર પણ કંઈ નાની નહોતી. જિંદગીનું એ આખરી વર્ષ હતું, પણ એ હાથની ધ્રુજારીનું કારણ અશક્તિ કે ઠંડી નહોતું, પણ અંતરના ઊંડાણમાં દેશના કરોડો ગરીબોની લંગાર નજરે ચઢતી હતી. દેશબાંધવોની ગરીબીનો અંત ક્યારે આવશે એ પ્રશ્ન રાષ્ટ્રપિતાને મૂંઝવી રહ્યો હતો.

*

હીટલરે આરંભેલા ૧૯૩૯ના બીજા વિશ્વયુદ્ધમાં ૧,૭૦,૦૦,૦૦૦ સૈનિકો અને છ કરોડ માનવીઓએ જાન ગુમાવ્યા હતા.


*

પાવરોટી : 'પાવ' પોર્તુગીઝ ભાષાનો શબ્દ છે. તેનો અર્થ રોટી થાય છે. અર્થની સ્પષ્ટતા ખાતર પાવ સાથે રોટી જોડાતાં 'પાવરોટી' શબ્દ પ્રચલિત થયો છે. વળી એ આપણી રોટી કરતાં વધુ જાડી હોવાથી તેને 'ડબલરોટી' તરીકે પણ લોકો ઓળખે છે.

*

ગરમાળાનો ગોળ બે ચમચી અને વાવડિંગ ચૂર્ણ એક ચમચી મિશ્ર કરી દસ દિવસ રોજ રાત્રે લેવાથી પેટના બધા પ્રકારના કૃમિ નાશ પામે છે.

મંદિર આકારમાં 'મંદિર' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)



वाञ्छा सज्जनसङ्गमे, परगुणे,
प्रीतिः गुरौ नम्रता,
विद्यायां व्यसनं, स्वयोषिति रतिः,
लोकापवादाद् भयम् ।
भक्तिः शूलिनि, शक्तिरात्मदमने,
संसर्गमुक्तिः खले,
ऐते येषु वसन्ति निर्मलगुणाः
तेभ्यो नरेभ्यो नमः ॥

સજ્જનોના સંગની અભિલાષા, પરગુણોમાં પ્રીતિ, ગુરુ પ્રત્યે નમ્રતા, વિદ્યામાં અત્યંત રુચિ, પોતાની પત્નીમાં રતિ, લોકાપવાદનો ડર, શિવમાં ભક્તિ, આત્મસંયમની શક્તિ તથા દુર્જનના સંસર્ગથી છેટા રહેવું. આ બધા નિર્મળ ગુણો જે નર-રત્નોમાં હોય તેમને નમસ્કાર.

ગણિતગમ્મત : ૧૫૮૭૩ એક એવી સંખ્યા છે જેનો વચ્ચેનો અંક ૮ છે. અને (ડાબેથી) પ્રથમ તેમજ ચોથા અને બીજા તેમજ છેલ્લા સ્થાનના અંકોના સરવાળા પણ ૮ આવે છે. વળી તેને -

૭ વડે ગુણવાથી ૧ ૧૧ ૧૧૧ આવે
૧૪ વડે ગુણવાથી ૨ ૨૨ ૨૨૨ આવે
૨૧ વડે ગુણવાથી ૩ ૩૩ ૩૩૩ આવે
૨૮ વડે ગુણવાથી ૪ ૪૪ ૪૪૪ આવે
૩૫ વડે ગુણવાથી ૫ ૫૫ ૫૫૫ આવે
૪૨ વડે ગુણવાથી ૬ ૬૬ ૬૬૬ આવે
૪૯ વડે ગુણવાથી ૭ ૭૭ ૭૭૭ આવે
૫૬ વડે ગુણવાથી ૮ ૮૮ ૮૮૮ આવે
૬૩ વડે ગુણવાથી ૯ ૯૯ ૯૯૯ આવે

- દેવ ચાવડા

*

પત્ની : 'મારી મમ્મીએ પહેલેથી જ કહ્યું હતું કે આ માણસ સાથે લગ્ન ન કરીશ.'

પતિ : 'તારી મમ્મી પણ મારી શુભચિંતક હતી એનો મને ખ્યાલ જ નહિ. આ વાત એમણે સીધી મને કહી હોત તો હું ઊગરી જાત.'



ગામના સરકારી દવાખાનામાં દાક્તર એક જ છે..... અને આજકાલ દરદીઓ ખૂબ જ વધી ગયાં છે.....! - ચેતક

*

કલાકણિકા : દેવી મિનર્વાનું ઈ.ની બીજી સદીનું કાંસ્ય શિલ્પ તે ૧૯૯૬માં સ્પેયરમાંથી મળી આવ્યું હતું. સ્પેયર નગરના આર્કિઓલોજિકલ હેરિટેજ પ્રિઝર્વેશનમાં હાલ તે જળવાયું છે.

